સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 48

[NOV - 2020]
[22/11/20 to 28/11/20]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)

# MIRACLES

EXCLUSIVE FOR GPSC
(CLASS 1/2, P.I., S.T.I., DY.SO., DY. MAMLATDAR)

VOLUME 14

01 TO 15 NOV - 2020

ICE®

Click Here To DOWNLOAD

## CURRENT TOPICS

- કેવડિયા ખાતે 80મી વિધાનસભાના અધ્યક્ષોની પરિષદ
- SITMEX 2020 : ભારત, સિંગાપોર અને થાઈલેન્ડ વચ્ચે નેવલ કવાયતનું આયોજન
- DRDO એ પ્રથમ વરૂણાસ્ત્ર (હેવી વેઈટ ટોર્પિડો) લોન્ચ કર્યું
- અનુરાધા પોંડવાલ અને વર્ષાબહેન ત્રિવેદીને સંયુક્તપણે તાના-રીરી એવોર્ડ એનાયત
- આસામના પૂર્વ મુખ્યમંત્રી તરૂણ ગોગોઈનું નિધન
- પીલીભીત ટાઈગર રિઝર્વને તેની વસતી બમણી કરવા માટે પ્રથમ TX2 આંતરરાષ્ટ્રીય એવોર્ડ


www.ICEONLINE.IN
9375701110/9328001110

અમારી સાથે જોડાયેલા રહો :
Telegram : t.me/icerajkotofficial
Instagram : icerajkot

**22 NOVEMBER, 2020 SUNDAY**

## ➤ વીરપુરમાં જલારામ બાપાની 221મી જન્મજયંતીની ભકિતભાવપૂર્વક ઉજવણી

સુપ્રસિદ્ધ યાત્રાધામ વીરપુરમાં સૌરાષ્ટ્રના સંત જલારામ બાપાની 221મી જન્મજયંતીમાં કોરોનાના કારણે નહીંવત કહી શકાય તેટલા ભાવિકોની ઉપસ્થિતિ વચ્ચે ખૂબ સાદાઈથી ઉજવણી કરવામાં આવી હતી.

### જલારામ બાપા

| | | |
|---|---|---|
| જન્મ | : | 4 નવેમ્બર, 1799 (કારતક સુદ સાતમ, વિક્રમ સંવત 1856) |
| ગામ | : | વીરપુર |
| મૃત્યુ | : | 23 ફેબ્રુઆરી, 1881 (વિક્રમ સંવત, 1937) વીરપુર |
| જીવનસાથી | : | વીરબાઈ ઠક્કર |
| માતા–પિતા | : | પ્રધાન ઠક્કર, રાજબાઈ ઠક્કર |

- જલારામ બાપાનો જન્મ લોહાણા સમાજના ઠક્કર કુળમાં થયો હતો. તેઓ ભગવાન રામના ભકત હતા.
- 18 વર્ષની ઉંમરે તેઓ ગુજરાતના ફતેહપુરના ભોજા ભગતના અનુયાયી બન્યા હતા.
- જલારામ બાપાએ ગુરૂ શ્રી ભોજા ભગતના આશીર્વાદથી 'સદાવ્રત'ની શરૂઆત કરી હતી.
- જલારામ બાપાએ હરજી દરજીનું દુ:ખ દૂર કર્યું ત્યારે હરજી દરજીએ જલારામ બાપાને 'બાપા'નું સંબોધન કર્યું હતું. ત્યારથી તેમનું નામ જલારામ બાપા પડી ગયું હતું.
- જલારામ બાપાએ વિશ્વનું પ્રથમ 'સદાવ્રત' શરૂ કર્યું હતું.

### જલારામ જયંતી



- જલારામ બાપાનો જન્મદિવસ કે જન્મજયંતી કારતક સુદ 7 ના દિવસે ઉજવવામાં આવે છે.
- આ દિવસે વીરપુર (રાજકોટ)માં મોટો મેળો ભરાય છે.
- આ દિવસે અહીં જલારામ બાપાના દર્શન માટે ખીચડી અને બુંદી-ગાંઠીયાનો પ્રસાદ લેવા ભકતોનો ધસારો થાય છે.

## ➤ માહિતી કમિશનર તરીકે નિમણૂક પામેલા પ્રથમ પત્રકાર ઉદય માહુરકર



ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી** દ્વારા **ગુજરાતના વરિષ્ઠ પત્રકાર ઉદય માહુરકરને માહિતી કમિશનર**ની નિમણૂક બદલ સન્માનિત કર્યા હતા.

- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા એક પત્રકારને આ પદ પર નિમણૂક કરીને એક નવી શરૂઆત કરી છે.

### ઉદય માહુરકર

જન્મ : 28 સપ્ટેમ્બર, 1962 (**ઈન્દોર, મધ્યપ્રદેશ**)

- ઉદય માહુરકર એ ભારતીય પત્રકાર, રાજકીય વિશ્લેષક અને લેખક છે.
- તેઓ 'ઈન્ડિયા ટુડે' જૂથના ડેપ્યુટી એડિટર છે.
- ઓકટોબર 2020માં, તેમને કેન્દ્ર સરકાર દ્વારા માહિતી કમિશનર તરીકે નિયુકત કરવામાં આવ્યા છે.

### માહિતી કમિશનરની નિમણૂક

ભારતમાં **ત્રણ સભ્યોની પસંદગી સમિતિ**ની ભલામણથી ભારતના **રાષ્ટ્રપતિ** દ્વારા માહિતી કમિશનર અને મુખ્ય માહિતી કમિશનરની નિમણૂક કરવામાં આવે છે.

- આ પસંદગી સમિતિના ત્રણ સભ્યોમાં –

  (1) **ભારતના વડાપ્રધાન (શ્રી નરેન્દ્રભાઈ મોદી)**

  (2) **લોકસભામાં વિરોધ પક્ષના નેતા (શ્રી અધિરંજન ચૌધરી) અને**

  (3) **ભારતના ગૃહ મંત્રી (શ્રી અમિત શાહ)**

  નો સમાવેશ થાય છે.

- ભારતના વડાપ્રધાન આ સમિતિના અધ્યક્ષ હોય છે.

**નોંધ :** આ સમિતિના ત્રીજા સભ્ય **વડાપ્રધાન** દ્વારા નોમિનેટ કરવામાં આવેલા **કેન્દ્રીય કેબિનેટ મંત્રી** હોય છે.

## માહિતી કમિશનરનો કાર્યકાળ

ભારતમાં માહિતી કમિશનર અને મુખ્ય માહિતી કમિશનરનો કાર્યકાળ RTI Act, 2005 અનુસાર અગાઉ 5 વર્ષ સુધીનો હતો.

- જે RTI Rules, 2019 અનુસાર ઘટાડીને હવે 3 વર્ષનો કરવામાં આવ્યો છે.

## માહિતી કમિશનરનો પગાર

ભારતમાં RTI Rules, 2019 અનુસાર

(1) મુખ્ય માહિતી કમિશનરનો માસિક પગાર રૂ. 2,50,000 અને

(2) માહિતી કમિશનરનો માસિક પગાર રૂ. 2,25,000 રહેશે.

## કેન્દ્રીય માહિતી આયોગ (Central Information Commission)

ભારતમાં કેન્દ્રીય માહિતી આયોગ એ એક વૈધાનિક સંસ્થા (Statutory Body) છે.

- ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા Rights to Information Act 2005 અંતર્ગત આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી.
- તેની સ્થાપના 12 ઓક્ટોબર 2005ના રોજ થઈ હતી.
- માહિતી આયોગમાં એક મુખ્ય માહિતી કમિશનર અને વધુમાં વધુ અન્ય 10 માહિતી કમિશનર હોય છે.

**નોંધ :** (1) ભારતના પ્રથમ મુખ્ય માહિતી કમિશનર શ્રી વજાહત હબિબુલ્લાહ હતા.

(2) ભારતના પ્રથમ મહિલા મુખ્ય માહિતી કમિશનર સુશ્રી દીપક સન્ધુ હતા.

(3) ભારતના વર્તમાન (22 નવેમ્બર, 2020ની સ્થિતિએ) મુખ્ય માહિતી કમિશનર શ્રી યશવર્ધન કુમાર સિંહા છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ➢ G-20માં વડાપ્રધાનનું સંબોધન

**સાઉદી આરબ દ્વારા આયોજીત** બે દિવસીય **15મા G-20** શિખર સંમેલનને વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ** સંબોધ્યું હતું.

### વડાપ્રધાનશ્રીના સંબોધનના મુખ્ય અંશો

- મહામારીથી નાગરિકો અને અર્થવ્યવસ્થાને બચાવવાની સાથે સાથે જળવાયુ પરિવર્તન સામેની લડાઈ પર ધ્યાન આપવું પણ એટલું જ મહત્ત્વનું છે.
- **ભારતે વર્ષ 2030 સુધી 2.6 કરોડ હેક્ટર ખરાબ ભૂમિને બીજી વખત યોગ્ય કરવાનું લક્ષ્ય** મુકયું છે.
- **ભારતે LED લાઈટને લોકપ્રિય બનાવી કાર્બન ડાયોકસાઈડ ઉત્સર્જનને 3.8 કરોડ ટન પ્રતિવર્ષ સુધી ઓછું કર્યું છે.**
- ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ (ISA) કાર્બન ફૂટપ્રિન્ટને ઓછું કરવામાં યોગદાન આપશે.

### G-20

રચના : 26 સપ્ટેમ્બર, 1999

સભ્યો : 20

હાલનો અધ્યક્ષ દેશ : સાઉદી આરબ (22 નવેમ્બર, 2020ની સ્થિતિએ)

- G-20 (Group of Twenty)એ **19 દેશો** અને યુરોપિયન યુનિયનની સરકારો અને સેન્ટ્રલ બેંકના ગવર્નર્સ માટે આંતરરાષ્ટ્રીય મંચ છે.
- **આંતરરાષ્ટ્રીય નાણાકીય સ્થિરતાને પ્રોત્સાહિત કરવાની નીતિ અંગે ચર્ચા કરવાના હેતુ સાથે 1999માં તેની સ્થાપના** કરવામાં આવી હતી.

### G-20ના સભ્ય દેશો

– આર્જેન્ટિના
– ઓસ્ટ્રેલિયા
– બ્રાઝિલ
– કેનેડા
– ચીન
– યુરોપિયન યુનિયન
– ફ્રાંસ
– જર્મની
– ભારત
– ઈન્ડોનેશિયા
– ઈટાલી
– જાપાન
– મેકિસકો
– રશિયા
– સાઉદી અરેબિયા
– દક્ષિણ આફ્રિકા
– તુર્કી
– યુનાઈટેડ કિંગ્ડમ
– યુનાઈટેડ સ્ટેટ્સ
– સાઉથ કોરીયા

## ➤ નાસાએ પૃથ્વીની સમુદ્ર સપાટીની વૃદ્ધિને ટ્રેક કરવા 'સેન્ટિનેલ ઉપગ્રહ' લોન્ચ કર્યો




21 નવેમ્બર, 2020ના રોજ નાસાએ મહાસાગરોની દેખરેખ માટે કોપરનિકસ સેન્ટિનેલ-6 માઈકલ ફ્રીલિચ સેટેલાઈટ લોન્ચ કર્યો.

- આ ઉપગ્રહ સ્પેસએક્સ ફાલ્કન-9 રોકેટ દ્વારા લોન્ચ કરવામાં આવ્યો હતો.
- આ સેટેલાઈટ લોન્ચિંગએ 'મિશન જેસન કન્ટિન્યુટિ ઓફ સર્વિસ'નો એક ભાગ હતું. સમુદ્રની ઊંચાઈને માપવા માટે આ મિશન શરૂ કરાયું હતું.
- આબોહવા પરિવર્તનને સમજવા માટે સમુદ્રની ઊંચાઈની જાણકારીએ જરૂરી ઘટક છે.
- આ ઉપગ્રહના મુખ્ય બે ઘટકો છે. આ અંતરિક્ષયાનના અન્ય ઘટકનો 2025માં લોન્ચ કરવામાં આવનાર છે.

### આ સેટેલાઈટનો વિકાસ કોણે કર્યો ?

- આ ઉપગ્રહને નેશનલ ઓશન એન્ડ એટ્મોસ્ફેરિક એડ્મિનિસ્ટ્રેશન, યુરોપિયન સ્પેસ એજન્સી, યુરોપિયન ઓર્ગેનાઈઝેશન ફોર ધી એક્સપ્લોરેશન ઓફ મીટિયોરોલોજિકલ સેટેલાઈટ અને ફ્રેન્ચ નેશનલ સેન્ટર ફોર સ્પેસ સ્ટડીઝ દ્વારા સંયુક્ત રીતે વિકસાવવામાં આવ્યો હતો.

### સેટેલાઈટ્સના મુખ્ય ઉદ્દેશો

- આ સેટેલાઈટ સમુદ્ર સપાટીનું નિરીક્ષણ કરશે તેમજ વૈશ્વિક સમુદ્ર સપાટીના વધારા પર માપ પ્રદાન કરશે.
- આ ઉપગ્રહ પૃથ્વીના વાતાવરણમાં પાણીની વરાળને પણ માપશે.

### માઈકલ ફ્રીલિચ

- આ ઉપગ્રહનું નામ પૃથ્વી વૈજ્ઞાનિક 'માઈકલ ફ્રીલિચ'ના નામ પર રાખવામાં આવ્યું છે.
- 2019માં તે નાસામાંથી નિવૃત્ત થયા હતા.
- તેઓ એક સમુદ્ર વિજ્ઞાની હતા.

## GRACE સેટેલાઈટ્સ

- GRACE સેટેલાઈટ્સે શોધી કાઢ્યું હતું કે **વર્ષ 2002 અને વર્ષ 2017ની વચ્ચે દર વર્ષે દરિયાઈ સ્તરમાં 1.2 મિલિમીટરનો વધારો થયો હતો.**
- **ગ્રેસ સેટેલાઈટની શરૂઆત 2018માં કરવામાં આવી હતી.**
- તે **નાસા અને જર્મન એરોસ્પેસ સેન્ટરનું સંયુકત** મિશન હતું.
- તેના દ્વારા **મુખ્યત્વે પૃથ્વી પર પાણીનું વિતરણ માપવામાં આવ્યું** હતું.

**અન્ય કયા ઉપગ્રહો મહાસાગરોને માપવા માટે શરૂ થયા હતા ?**

| સેટેલાઈટ | વર્ષ | લોન્ચ કરનાર |
|---|---|---|
| એક્વેરિયસ | 2011 | NASA |
| જેસન-1 | 2001 | NASA |
| જેસન-2 | 2008 | NASA |
| જેસન-3 | 2016 | NASA |
| ઓશનસેટ | 1999થી શ્રેણીબદ્ધ લોન્ચ થયા. | ISRO |
| કાર્ટોસેટ | 2005થી શ્રેણીબદ્ધ લોન્ચ થયા | ISRO |

## ➤ મોટા કોર્પોરેટ ગૃહો (Large Corporate Houses)ને બેંક લાઈસન્સ આપવા માટે RBIની મોહંટી પેનલ

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) એ અગાઉ **પી. કે. મોહંટી**ની અધ્યક્ષતા હેઠળ આંતરિક વર્કિંગ ગ્રૂપ બનાવ્યું હતું.

- **ભારતીય ખાનગી ક્ષેત્રની બેંકોની માલિકી અંગે માર્ગદર્શિકાઓની સમીક્ષા માટે આ સમિતિની રચના** કરવામાં આવી હતી. તાજેતરમાં આ સમિતિએ ભારતમાં બેંક લાઈસન્સ આપવા અંગે અહેવાલ રજૂ કર્યો હતો.

### પી.કે.મોહંટી સમિતિની મુખ્ય ભલામણો

- મોટા ઔદ્યોગિક ગૃહો અને કોર્પોરેટરોને બેંકોના પ્રમોટર તરીકે મંજૂરી આપવામાં આવશે. જોકે, **બેંકિંગ રેગ્યુલેશન્સ એક્ટ, 1949**માં જરૂરી સુધારા કર્યા પછી જ આ શક્ય છે.
- 50,000 કરોડ અને તેથી વધુની સંપત્તિ કદવાળી સારી રીતે સ્થાપિત નોન–બેંકિંગ ફાયનાન્સ કોર્પોરેશનો (NBFC)ને બેંકોમાં રૂપાંતર કરવા માટે ધ્યાનમાં લેવામાં આવશે.

- **સમિતિએ પેમેન્ટ બેંકોને સ્મોલ ફાયનાન્સ બેંકોમાં રૂપાંતરિત કરવા માટે 3 વર્ષના ઓપરેશનલ સમયની ભલામણ કરી છે.** હાલમાં, પેમેન્ટ બેંકો પાંચ વર્ષના ઓપરેશનલ સમય પછી જ સ્મોલ ફાયનાન્સ બેંકોમાં રૂપાંતરણ માટે અરજી કરી શકે.

## પૃષ્ઠભૂમિ

- જૂન, 2020માં ભારતીય રિઝર્વ બેંકે ખાનગી ક્ષેત્રની બેંકોની માલિકીની સમીક્ષા કરવા માટે મોહંટી પેનલની રચના કરી હતી.
- તેમાં નોન–ઓપરેટિવ ફાયનાન્સિયલ હોલ્ડિંગ કંપની દ્વારા નાણાકીય સહાયક કંપનીઓ રાખવાના નિયમોની તપાસ કરી હતી.

## સ્મોલ ફાયનાન્સ બેંકો (SFB) શું છે ?

- સ્મોલ ફાયનાન્સ બેંકો મૂળભૂત બેંકિંગ સેવાઓ પ્રદાન કરે છે. તેમને સમાજના અલ્પોકિત કરાયેલા અને અનામત વર્ગને લોન આપવાની છૂટ છે.
- બીજી બાજુ, પેમેન્ટ બેંકોને ધિરાણ આપવાની મંજૂરી નથી.

## નોન-બેંકિંગ ફાયનાન્સિયલ કંપનીઓ (NBFC) શું છે ?

- રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના જણાવ્યા મુજબ, નોન બેંકિંગ ફાયનાન્સિયલ કંપની સરકાર દ્વારા જારી કરાયેલા શેરો, લોનનો વ્યવસાય, સલામતીના સંપાદનમાં રોકાયેલ છે.
- તે **કંપની અધિનિયમ, 1956 હેઠળ નોંધાયેલ હોય** છે.



ICE Questions

1. તાજેતરમાં જલારામ બાપાની 221મી જન્મજયંતિની ઉજવણી થઈ હતી, જલારામબાપા વિશે ખોટું વિધાન જણાવો ?

(A) જન્મ સ્થળ : વીરપુર

(B) જીવનસાથી : વીરબાઈ, ગુરૂ : ભોજા ભગત

(C) જલારામ બાપાને 'બાપા'નું સંબોધન સર્વપ્રથમ હરજી દરજીએ કર્યું હતું.

(D) જલારામ જયંતિ કારતક વદ 7ના રોજ ઉજવાય છે. **(D)**

2. તાજેતરમાં કયા પત્રકારને સર્વપ્રથમ વખત માહિતી કમિશનર તરીકે નિયુકત કરવામાં આવ્યા છે ?

(A) યશવર્ધન કુમાર સિંહા (B) વજાહત હબિબુલ્લાહ

(C) ઉદય માહુરકર (D) દિપક સંધુ **(C)**

3. નીચેના પૈકી ખોટું વિધાન જણાવો ?

(A) ઉદય માહુરકર : સર્વપ્રથમ વખત માહિતી કમિશનર તરીકે નિયુકત થનાર ડોકટર

(B) યશવર્ધન કુમાર સિંહા : ભારતના વર્તમાન મુખ્ય માહિતી કમિશનર

(C) વજાહત હબિબુલ્લાહ : ભારતના પ્રથમ મુખ્ય માહિતી કમિશનર

(D) દિપક સંધુ : ભારતના પ્રથમ મહિલા મુખ્ય માહિતી કમિશનર **(A)**

4. તાજેતરમાં G-20નું વર્ચ્યુઅલ સંમેલન યોજાયું હતું, G-20 વિશે ખોટું વિધાન જણાવો ?

(A) સાઉદી આરબમાં 15મા G-20 શિખર સંમેલનનું આયોજન

(B) હાલનો અધ્યક્ષ દેશ : ઈરાન

(C) તે આંતરરાષ્ટ્રીય નાણાકીય સ્થિરતાને પ્રોત્સાહિત કરે છે.

(D) G-20 = 19 દેશો + યુરોપિયન યુનિયન **(B)**

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

5. તાજેતરમાં નાસાએ 'સેન્ટિનેલ ઉપગ્રહ' લોન્ચ કર્યો હતો, આ ઉપગ્રહનો હેતુ જણાવો ?

(A) અવકાશી પદાર્થોની પૃથ્વી તરફની આવવાની સંભાવના ચકાસવી.

(B) પૃથ્વી પરની હાઈડ્રોથર્મલ પ્રક્રિયાને સમજવી.

(C) આબોહવા પરિવર્તન સમજી પવનોની ગતિ સમજવી.

(D) પૃથ્વી પરના સમુદ્રોની સપાટીની વૃદ્ધિને ટ્રેક કરવી. **(D)**

---

6. 'સેન્ટિનેલ ઉપગ્રહ' સંદર્ભે ખોટું વિધાન જણાવો ?

(A) તેનું લોન્ચિંગ 'મિશન જેસન કન્ટિન્યુટી ઓફ સર્વિસ'નો એક ભાગ હતું.

(B) આ ઉપગ્રહનું નામ સમુદ્ર વિજ્ઞાની 'માઈકલ ફ્રીલિચ'ના નામ પર રાખવામાં આવ્યું હતું.

(C) ભારતના 'ઓશન સેટ' અને 'કાર્ટોસેટ' સેન્ટિનેલ ઉપગ્રહને મળતા આવતાં હેતુઓ સાથે જોડાયેલ છે.

(D) એકપણ નહીં **(D)**

---

7. નીચેનામાંથી ખોટું વિધાન ચકાસો ?

(A) ભારતીય ખાનગી ક્ષેત્રની બેંકોની માલિકી અંગે માર્ગદર્શિકાઓની સમીક્ષા કરવા માટે પી. કે. મોહંટી કમિટીની રચના કરવામાં આવી હતી.

(B) પી. કે. મોહંટી સમિતિએ પેમેન્ટ બેંકોનો સ્મોલ ફાયનાન્સ બેંકોમાં રૂપાંતરિત કરવા માટે 3 વર્ષના ઓપરેશનલ સમયની ભલામણ કરી છે.

(C) સ્મોલ ફાયનાન્સ બેંકો મૂળભૂત બેંકિંગ સેવાઓ પ્રદાન કરે છે.

(D) એકપણ નહીં **(D)**

**23 NOVEMBER, 2020 MONDAY**

## ➤ આયુર્વેદના અનુસ્નાતકો દ્વારા થતી સર્જરીને કેન્દ્ર સરકારની મંજૂરી

- આયુર્વેદમાં અનુસ્નાતક પદવીધારકોને સર્જરી કરવાની કેન્દ્ર સરકારે મંજૂરી આપી દીધી છે.
- હવે આયુર્વેદની અનુસ્નાતક ડિગ્રી ધરાવતા ડોકટરો વિવિધ પ્રકારની જનરલ સર્જરી, કાન-નાક-ગળા (ENT) સર્જરી, આંખની સર્જરી તથા દાંતની સર્જરી કરી શકશે.
- સરકારે જણાવ્યું છે કે આ માટે આયુર્વેદના અનુસ્નાતક પદવીધારકોને સર્જરીની તાલીમ આપવામાં આવશે.
- 37 પ્રકારની સર્જરીની આયુર્વેદ તબીબોને છૂટ.
- સેન્ટ્રલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયન મેડિસિન દ્વારા ઈન્ડિયન મેડિસિન સેન્ટ્રલ કાઉન્સિલ (પોસ્ટ ગ્રેજ્યુએટ આયુર્વેદ એજ્યુકેશન) રેગ્યુલેશન, 2016માં સુધારો કર્યા બાદ આ નિર્ણય લેવાયો છે. આયુર્વેદના અનુસ્નાતક પદવીધારકો જનરલ સર્જરી કરી શકે તે માટે નિયમોમાં બદલાવ કરાયો છે.
- હવે આ કાયદાને ઈન્ડિયન મેડિસિનની સેન્ટ્રલ કાઉન્સિલ (પોસ્ટ ગ્રેજ્યુએટ આયુર્વેદ એજ્યુકેશન) એમેન્ડમેન્ટ રેગ્યુલેશન્સ, 2020 તરીકે ઓળખવામાં આવશે.

### સેન્ટ્રલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયન મેડિસિન (CCIM)

- સેન્ટ્રલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયન મેડિસિન (CCIM) એ આયુષ મંત્રાલય હેઠળની વૈધાનિક (Statutory) સંસ્થા છે.
- તેની સ્થાપના ઈન્ડિયન મેડિસિન સેન્ટ્રલ કાઉન્સિલ એક્ટ (Act 48) હેઠળ 1971માં કરવામાં આવી હતી.

  સ્થળ : નવી દિલ્હી
- આયુર્વેદ, સિદ્ધ, યુનાની અને સોવા–રિગ્પા સહિત ભારતીય ચિકિત્સા પ્રણાલીમાં ઉચ્ચ શિક્ષણ પર નજર રાખવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC) હેઠળની તે એક પ્રોફેશનલ કાઉન્સિલ છે.

## ➤ RBI ટ્વિટર પર દસ લાખ ફોલોઅર્સ ધરાવનારી દુનિયાની પહેલી કેન્દ્રીય બેંક બની

RBI (રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા) ટ્વિટર પર દસ લાખ ફોલોઅર્સ ધરાવનારી દુનિયાની પહેલી કેન્દ્રીય બેંક બની છે.

- RBIએ આ મામલે અમેરિકાની ફેડરલ રિઝર્વ અને યુરોપિયન સેન્ટ્રલ બેંક ને પાછળ છોડી દીધી છે.
- RBIના ગવર્નર શક્તિકાંતા દાસે એક ટ્વિટ કરીને આ માહિતી પૂરી પાડી હતી.
- અમેરિકાની ફેડરલ રિઝર્વના માત્ર 6.67 લાખ ટ્વિટર ફોલોઅર્સ છે (23 નવેમ્બર, 2020ની સ્થિતિએ) જ્યારે ફ્રેન્કફર્ટમાં મુખ્યાલય ધરાવતી યુરોપિયન સેન્ટ્રલ બેંકના 5.91 લાખ ફોલોઅર્સ (23 નવેમ્બર, 2020ની સ્થિતિએ) છે.

### રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)

સ્થાપના : 1 એપ્રિલ, 1935 (ભારતીય રિઝર્વ બેંક ધારા, 1934ની જોગવાઈઓ અંતર્ગત)

મુખ્યમથક : મુંબઈ

ગવર્નર : શક્તિકાંતા દાસ (25મા ગવર્નર) (12 ડિસેમ્બર, 2018થી....)

- તે ભારતની કેન્દ્રીય બેંક છે. તે ભારતની બધી જ બેંકોનું સંચાલન કરે છે. તે ભારતની અર્થવ્યવસ્થાને નિયંત્રિત કરે છે.
- RBIની સ્થાપનામાં ડો. બાબા સાહેબ આંબેડકરે અગત્યનો ફાળો આપ્યો હતો.



## ➤ આસામના પૂર્વ મુખ્યમંત્રી તરૂણ ગોગોઈનું નિધન થયું



23 નવેમ્બર, 2020ના રોજ આસામના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન તરૂણ ગોગોઈનું પોસ્ટ કોવિડ-19 જટિલતાઓને કારણે અવસાન થયું હતું.

### તરૂણ ગોગોઈ

- તરૂણ ગોગોઈએ 2001થી 2016 દરમિયાન આસામના મુખ્યપ્રધાન તરીકે કામ કર્યું હતું.
- તેઓ કોંગ્રેસ પક્ષના સભ્ય હતા.
- 1991થી 1996ની વચ્ચે તરૂણ ગોગોઈએ વડાપ્રધાન શ્રી નરસિંહરાવની અધ્યક્ષતામાં ભારતીય કેન્દ્રીય મંત્રીમંડળમાં ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ પ્રધાન તરીકે ફરજ બજાવી હતી.
- ગોગોઈ એક આસામી તાઈ-અહોમ પરિવારના હતા.

### તાઈ-અહોમ

- તાઈ–અહોમ આસામ અને અરૂણાચલ પ્રદેશનો વંશીય જૂથ (Ethnic Group) છે.
- તેઓ તાઈ લોકોના વંશજ (Descendant) છે.
- અહોમના રાજ્યની સ્થાપના સુકફા અને તેના 9000 અનુયાયીઓ દ્વારા કરવામાં આવી હતી.
- તેઓએ 1826 સુધી બ્રહ્મપુત્રાખીણ પર ખૂબ જ અંકુશ રાખ્યો હતો.
- આસામમાં તાઈ જૂથના 1.3 મિલિયનથી વધુ લોકો છે.
- તેઓ 'બાન-મોંગ' નામની એક સામાજિક વ્યવસ્થાને અનુસરે છે. તે કૃષિ અને સિંચાઈથી સંબંધિત છે.
- 'બાન' એ નદીની બાજુમાં સ્થાયી થયેલ પરિવારનું એકમ છે.
- બાન સાથે મળીને 'મોંગ'ની રચના કરે છે જે સામૂહિક રીતે તેના રાજ્યની રચના કરે છે.
- 'ચો કલોંગ' એ તાઈ અહોમ લોકોમાં મુખ્ય વૈવાહિક વિધિ છે.
- અહોમ ભાષા એ ક્રા–ડાઈ ભાષાઓની તાઈ શાખાની સભ્ય છે.
- ક્રા–ડાઈ ભાષાઓ હવે લુપ્ત થઈ ગઈ છે.

### ક્રા-ડાઇ ભાષાઓ શું છે ?

- તે દક્ષિણ પૂર્વ એશિયા, ઉત્તરપૂર્વ ભારત અને દક્ષિણ ચીનની ભાષા છે.
- તે થાઈલેન્ડ અને લાઓસની રાષ્ટ્રીય ભાષા હતી.

## ➤ મલેશિયાએ 32મી APEC સમિટનું આયોજન કર્યું

એશિયા પેસિફિક ઇકોનોમિક કો-ઓપરેશન (APEC)નું આયોજન તાજેતરમાં મલેશિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

- આ સમિટમાં અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સહિત ઘણા વૈશ્વિક નેતાઓએ હાજરી આપી હતી.
- હવે પછીની એપેક બેઠકનું આયોજન ન્યૂઝીલેન્ડ કરશે.
- આ અગાઉ 17 નવેમ્બર, 2020ના રોજ એશિયા પેસિફિક ઈકોનોમિક કો–ઓપેરશનના સભ્યોએ બેઠક યોજી હતી. તેમાં દરેક સભ્યોએ ફ્રી અને ઓપન ટ્રેડ તેમજ રોકાણ માટે પ્રતિબદ્ધતા દર્શાવી હતી.

### APEC સમિટ 2020 વિશે

- APEC સમિટ 2020 દરમિયાન 'APEC પુત્રજાયા વિઝન 2040' અપનાવવામાં આવ્યું હતું.
- તે 2040 સુધીમાં ખુલ્લા, સ્થિતિ સ્થાપક અને શાંતિપૂર્ણ એશિયા પેસિફિક સમુદાયની કલ્પના કરે છે.
- આ સમિટમાં 1994ના બોગોર લક્ષ્યોને પોસ્ટ 2020 વિઝન સાથે બદલવામાં આવ્યા હતા.
- નીચેની ત્રણ પાયાગત બાબતો દ્વારા પોસ્ટ 2020 વિઝન હાંસલ કરવામાં આવશે :
  (1) ટ્રેડ અને ઈન્વેસ્ટમેન્ટ
  (2) સંતુલિત સુરક્ષિત ટકાઉ અને સમાવિષ્ટ વિકાસ
  (3) નવીનતા અને ડિજિટલાઈઝેશન

### APEC

સ્થાપના : 1989 મુખ્ય મથક : સિંગાપુર અધ્યક્ષ : મુહ્યીદ્દીન યાસીન

હેતુ : APECનો હેતુ સભ્ય દેશો વચ્ચે મફત વેપારને પ્રોત્સાહન આપવાનો છે.

| એશિયા પેસિફિક ઇકોનોમિક કો-ઓપરેશનના સભ્યો | |
|---|---|
| ઓસ્ટ્રેલિયા | મેક્સિકો |
| બ્રુનેઈ | પેરૂ |
| કેનેડા | ન્યૂઝીલેન્ડ |
| ચાઈના | પાપુઆ ન્યુ ગિની |
| હોંગકોંગ | ફિલીપીન્સ |
| ચીલી | રશિયા |
| જાપાન | થાઈલેન્ડ |
| ઈન્ડોનેશિયા | સિંગાપોર |
| સાઉથ કોરિયા | તાઈવાન |
| મલેશિયા | યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા |

## ભારત એશિયા પેસિફિક ઈકોનોમિક કો-ઓપરેશનનો કેમ સભ્ય નથી ?

- ભારતે આ ગ્રૂપમાં સભ્યપદ મેળવવા માટે અરજી કરી હતી જો કે આ જૂથના સભ્યોએ ભારતને મંજૂરી ન આપવાનો નિર્ણય લીધો હતો કારણ કે ભારત પેસિફિક મહાસાગરની સરહદમાં આવતો નથી.
- એશિયા પેસિફિક ઈકોનોમિક કો–ઓપેરેશનમાં મુખ્યત્વે એવા દેશો શામેલ છે જે પ્રશાંત મહાસાગરની સરહદમાં આવે છે.
- ભારત હાલમાં આ જૂથનું નિરીક્ષક છે.
- નોંધનીય છે કે અગાઉ ઈન્ડો-પેસિફિકને 'એશિયા પેસિફિક' કહેવામાં આવતું હતું.

## ➤ શિલોંગનો ભારત-આંતરરાષ્ટ્રીય ચેરી બ્લોસમ ફેસ્ટિવલ રદ થયો

દર વર્ષે ચેરી બ્લોસમ ફેસ્ટિવલનું આયોજન નવેમ્બરની શરૂઆતમાં મેઘાલય દ્વારા કરવામાં આવે છે.

- આ વર્ષે આ ઉત્સવ કોવિડ-19ને કારણે રદ કરવામાં આવ્યો છે.
- ભારતમાં આ એકમાત્ર ચેરી ઉત્સવ યોજવામાં આવે છે.
- મેઘાલય સરકાર દ્વારા દર વર્ષે ઈન્ડિયા ઈન્ટરનેશનલ ચેરી બ્લોસમ ફેસ્વિટલનું આયોજન કરવામાં આવે છે.
- ચેરી બ્લોસમ ફેસ્ટિવલ એ મિશિગનનો રાષ્ટ્રીય તહેવાર છે.
- તે જાપાનમાં પણ ઉજવવામાં આવે છે.

### ભારતમાં ચેરીનું ઉત્પાદન

- ભારત વિશ્વમાં ચેરીનો 26મો સૌથી મોટો ઉત્પાદક છે.
- ચેરીના ટોચના ત્રણ ઉત્પાદકો તુર્કી, યુ.એસ.એ. અને ઈરાન છે.

## ➤ ભારતમાં રાષ્ટ્રીય ફાર્મસી સપ્તાહની ઉજવણી કરવામાં આવી

- ઈન્ડિયન ફાર્માસ્યુટિકલ એસોસિએશન (IPA) દ્વારા દિલ્હી ફાર્માસ્યુટિકલ ટ્રસ્ટના સહયોગથી 16 નવેમ્બર, 2020થી 22 નવેમ્બર, 2020ની વચ્ચે 59મા રાષ્ટ્રીય ફાર્મસી સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી.
  **Theme 2020 : 'Pharmacists : frontline Professionals'**
  (ફાર્માસિસ્ટ્સ : ફ્રન્ટ લાઈન આરોગ્ય વ્યવસાયિકો)

- ઈન્ડિયન ફાર્માસ્યુટિકલ્સ એસોસિએશન (IPA) <u>નવેમ્બરના ત્રીજા અઠવાડિયા</u> દરમિયાન દર વર્ષે રાષ્ટ્રીય ફાર્મસી સપ્તાહનું આયોજન કરે છે.

## ઈન્ડિયન ફાર્માસ્યુટિકલ્સ એસોસિએશન (IPA)

- આ એસોસિએશનની <u>સ્થાપના 1935માં 'યુનાઈટેડ પ્રોવિન્સિઝ ફાર્માસ્યુટિકલ્સ એસોસિએશન'</u> તરીકે થઈ હતી.

મુખ્યમથક : મુંબઈ

## ➤ SITMEX 2020 : ભારત, સિંગાપોર અને થાઈલેન્ડ વચ્ચે નેવલ કવાયતનું આયોજન થયું



- <u>ભારત સિંગાપોર અને થાઈલેન્ડ</u> વચ્ચે ત્રિપક્ષીય નૌકાદળ કવાયત 'SITMEX 2020' <u>અંદમાન સમુદ્રમાં</u> યોજાઈ હતી.
- કોવિડ-19 પ્રતિબંધોને કારણે SITMEX-2020 નેવલ કવાયત <u>'નોન-કોન્ટાક્ટ એટ સી ઓન્લી ફોર્મેટ'</u>માં સુનિશ્ચિત કરવામાં આવી હતી.
- આ કવાયતનો મુખ્ય ઉદ્દેશ્ય ત્રણેય નૌકાદળો વચ્ચેની આંતર–કાર્યક્ષમતામાં વધારો કરવાનો છે.
- SITMEX સિવાય ભારત અને સિંગાપોર વચ્ચે અંદામાન સમુદ્રમાં અલગથી <u>'સિમ્બેક્સ-20'</u> કવાયત પણ યોજાઈ હતી

## SITMEX કવાયત વિશે

- આ કવાયતમાં સપાટી પર શસ્ત્ર ફાયરિંગ, સમુદ્ર વ્યાયામમાં યુદ્ધ, સંકલિત નેવિગેશન ઓપરેશન અને સીમેનશીપ ઈવોલ્યુશન શામેલ છે.
- આ કવાયતમાં ભારતીય નૌકાદળનું પ્રતિનિધિત્વ <u>INS કર્મુક</u> અને <u>INS કમોર્તા</u> એ કર્યું હતું.
- <u>વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શાંગ્રીલા સંવાદ દરમિયાન</u> ભારત, સિંગાપોર અને થાઈલેન્ડ વચ્ચે ત્રિપક્ષીય નૌકાદળની કવાયતની ઘોષણા કરી હતી.
- આ કવાયતનું <u>પ્રથમ સંસ્કરણ 2019</u>માં યોજાયું હતું.

## ➤ SIMBEX 2020 : ભારત-સિંગાપોર નેવલ એક્સરસાઈઝ

- **ભારત અને સિંગાપોર નેવી** વચ્ચે 23 નવેમ્બર, 2020થી 25 નવેમ્બર, 2020ની વચ્ચે **આંદામાન સમુદ્ર**માં દરિયાઈ કવાયત **સિમ્બેક્સ-20** યોજાઈ હતી.
- SIMBEX **કવાયત 1994થી બંને દેશો વચ્ચે ચાલી રહી** છે.
- આ કવાયતનો હેતુ બંને દેશો વચ્ચે પરસ્પર આંતર–સંચાલન ક્ષમતા વધારવાનો છે.
- આ કવાયતમાં ભારત તરફથી ચેતક હેલિકોપ્ટર, ડિસ્ટ્રોયર રાણા, કોવેટ્સ કામોર્તા અને કોવેટ્સ કર્મુકે ભાગ લીધો હતો.

### ભારત-સિંગાપોર સંરક્ષણ નીતિ

- સપ્ટેમ્બર, 2020માં ભારત અને સિંગાપોર વચ્ચે **14મો સંરક્ષણ નીતિ સંવાદ** યોજાયો હતો.
- આ સંવાદ દરમિયાન બંને દેશો સુરક્ષા ભાગીદારી વધારવા માટે સંમત થયા હતા.

### પૃષ્ઠ ભૂમિ

- ભારત અને સિંગાપોરના લાંબા સમયથી સાંસ્કૃતિક અને આર્થિક સંબંધ છે. સિંગાપોર એ ગ્રેટર ભારતનો એક ભાગ છે.

### ગ્રેટર ઈન્ડિયા

- ગ્રેટર ઈન્ડિયાએ ભારતીય ઉપખંડ અને ભારતની આજુબાજુનો વિસ્તાર સૂચવે છે જેણે ભારતીય ભાષા અને ધર્મો અપનાવ્યા છે.
- ગ્રેટર ઈન્ડિયાને 'અખંડ ભારત' પણ કહેવામાં આવે છે. તેમાં પાકિસ્તાન, બાંગ્લાદેશ, થાઈલેન્ડ, શ્રીલંકા, મ્યાનમાર, કમ્બોડિયા અને હિંદ મહાસાગરના દરિયાકાંઠાના એશિયન દેશોનો સમાવેશ થાય છે.

### ભારત-સિંગાપોર સંરક્ષણ સંબંધો

- 2003માં બંને દેશોએ સંરક્ષણ સહકાર કરાર પર હસ્તાક્ષરો કર્યા હતા.

## ICE Questions

1. કયા કાયદામાં સુધારો કરીને આયુર્વેદના અનુસ્નાતકોને સર્જરી પર કાયદેસરતા આપવામાં આવી ?
(A) ઈન્ડિયન મેડિસિન સેન્ટ્રલ કાઉન્સિલ (પોસ્ટ ગ્રેજ્યુએટ આયુર્વેદ એજ્યુકેશન) રેગ્યુલેશન, 2016
(B) ઈન્ડિયન મેડિસિન સેન્ટ્રલ કાઉન્સિલ (પોસ્ટ ગ્રેજ્યુએટ આયુર્વેદ એજ્યુકેશન) રેગ્યુલેશન, 2017
(C) ઈન્ડિયન મેડિસિન સેન્ટ્રલ કાઉન્સિલ (પોસ્ટ ગ્રેજ્યુએટ આયુર્વેદ એજ્યુકેશન) રેગ્યુલેશન, 2018
(D) એકપણ નહીં
**(A)**

2. સેન્ટ્રલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયન મેડિસિન (CCIM) વિશે ખોટું વિધાન જણાવો ?
(A) તે વૈધાનિક સંસ્થા છે. (B) મુખ્યમથક : બેંગાલુરૂ
(C) સ્થાપના : 1971માં (D) એકપણ નહીં
**(B)**

3. તાજેતરમાં વિશ્વની કઈ બેંક ટ્વિટર પર દસ લાખ ફોલોઅર્સ ધરાવનારી દુનિયાની પ્રથમ કેન્દ્રીય બેંક બની છે ?
(A) ફેડરલ રિઝર્વ, અમેરિકા (B) યુરોપિયન સેન્ટ્રલ બેંક, ફ્રેન્કફર્ટ
(C) શાંઘાઈ બેંક, ચીન (D) RBI, ભારત
**(D)**

4. શકિતકાંતા દાસ વર્તમાન RBIના કેટલામા ગવર્નર છે ?
(A) 22 (B) 24
(C) 28 (D) આપેલ પૈકી એક પણ નહીં
**(D)**

5. તાજેતરમાં તરૂણ ગોગોઈનું નિધન થયું છે, તેઓ કયા રાજ્યના મુખ્યમંત્રી પદે હતા ?
(A) અરૂણાચલ પ્રદેશ (B) આસામ (C) મણિપુર (D) સિક્કિમ
**(B)**

6. તાઈ–અહોમ નામના વંશીય જૂથના સંદર્ભમાં 'બાન–મોંગ' શબ્દ શેનું સૂચન કરે છે ?
(A) પરંપરાગત ખેતી (B) પરંપરાગત વ્યવસાય
(C) સામાજિક વ્યવસ્થા (D) વૈવાહિક વિધિ
**(C)**

7. 'ચો–કલોંગ' શબ્દએ તાઈ અહોમ લોકોના સંદર્ભમાં શેનું સૂચન કરે છે ?
(A) પરંપરાગત ખેતી (B) પરંપરાગત વ્યવસાય
(C) સામાજિક વ્યવસ્થા (D) વૈવાહિક વિધિ
**(D)**

8. તાજેતરમાં કયા દેશે APEC સમિટનું આયોજન કર્યું હતું ?
(A) સાઉદી આરબ (B) કુવૈત (C) ભારત (D) મલેશિયા **(D)**

9. તાજેતરમાં કઈ સમિટમાં 'પુત્રજાયા વિઝન 2040' અપનાવવામાં આવ્યું હતું ?
(A) G-20 (B) G-7 (C) APEC (D) ASEAN **(C)**

10. નીચેનામાંથી ખોટું વિધાન જણાવો ?
(A) ભારત APECનું કાયમી સભ્ય છે.
(B) APEC સમિટ 2020માં 1994ના બોગોર લક્ષ્યોને પોસ્ટ 2020 વિઝન સાથે બદલવામાં આવ્યા હતા.
(C) APECનું મુખ્યમથક : સિંગાપોર (D) ભારત APECનું નિરિક્ષક સભ્ય છે. **(A)**

11. ભારતના કયા રાજ્યમાં દર વર્ષે ઈન્ડિયા ઈન્ટરનેશનલ ચેરી બ્લોસમ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવે છે ?
(A) કેરળ (B) કર્ણાટક (C) મેઘાલય (D) સિક્કિમ **(C)**

12. નીચેનામાંથી ખોટું વિધાન જણાવો ?
(A) તાજેતરમાં 59મા રાષ્ટ્રીય ફાર્મસી સપ્તાહની ઉજવણી થઈ.
(B) નવેમ્બરના ત્રીજા અઠવાડિયા દરમિયાન દર વર્ષે રાષ્ટ્રીય ફાર્મસી સપ્તાહનું આયોજન કરવામાં આવે છે.
(C) ઈન્ડિયન ફાર્માસ્યુટિકલ એસોસિએશનનું મુખ્યમથક મુંબઈમાં આવેલું છે.
(D) એક પણ નહીં **(D)**

13. નીચેના પૈકી ખોટું વિધાન જણાવો ?
(A) SITMEX એ ભારત, સિંગાપોર અને થાઈલેન્ડ વચ્ચેની હવાઈ ત્રિપક્ષીય કવાયત છે.
(B) SITMEX-2020નું આયોજન અંદામાન સમુદ્રમાં કરવામાં આવ્યું હતું.
(C) SITMEX કવાયતની ઘોષણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શાંગ્રીલા સંવાદ દરમિયાન કરવામાં આવી હતી.
(D) SITMEXનું પ્રથમ સંસ્કરણ 2019માં યોજવામાં આવ્યું હતું. **(A)**

14. નીચેનામાંથી ખોટું વિધાન જણાવો ?
(A) SIMBEX એ ભારત અને સિંગાપોર વચ્ચેની નેવલ કવાયત છે.
(B) SIMBEX કવાયતની શરૂઆત 1994થી થઈ હતી.
(C) ભારત અને સિંગાપોર વચ્ચે 2003માં સંરક્ષણ સહકાર કરાર પર હસ્તાક્ષર થયા હતા.
(D) સિંગાપોરએ ગ્રેટર ભારતનો ભાગ નથી. **(D)**

**24 NOVEMBER, 2020 TUESDAY**

## ➤ દિવસ મહિમા : 24 નવેમ્બર, ઉત્ક્રાંતિ દિવસ (Evolution Day)

24 નવેમ્બર, 2020ના રોજ ચાર્લ્સ ડાર્વિન દ્વારા 'On the Origin of Species'નું પ્રકાશન કરવામાં આવ્યું હતું.

- ડાર્વિન દિવસ - 12 ફેબ્રુઆરીના રોજ ઉજવાય છે.



### ચાર્લ્સ ડાર્વિન


જન્મ : 12 ફેબ્રુઆરી, 1809 (ઈંગ્લેન્ડ)

મૃત્યુ : 19 એપ્રિલ, 1882 (ઈંગ્લેન્ડ)

- ચાર્લ્સ ડાર્વિન 'ઉત્ક્રાંતિવાદના પ્રણેતા' છે.
- દક્ષિણ અમેરિકાના પ્રવાસ દરમિયાન તેમણે પ્રકૃતિવિદ્ તરીકે જુદા જુદા પક્ષીઓ અને જળચરોનું બારીક અવલોકન કર્યું હતું. ડાર્વિને જોયુ હતું કે એક જ જાતિમાં પણ કોઈપણ બે જીવ કે એ બે બીજ એક સરખાં નથી.
- તેમના પુસ્તક 'જાતિઓની ઉત્પત્તિ'માં માનવ એ વાનરનો વંશજ છે એ કેન્દ્ર વિચાર હતો.

### પ્રખ્યાત પુસ્તકો

- ઓન ધ ઓરિજિન ઓફ સ્પેસિઝ,
- ધ વોયેજ ઓફ ધ બિગલ,
- ધ ડિસેન્ટ ઓફ મેન



## ➤ દિવસ મહિમા : 24 નવેમ્બર, લચિત દિવસ

- દર વર્ષે **24 નવેમ્બર**ના રોજ **લચિત બોર્ફુકન**ની વીરતા અને **સરૈઘાટના યુદ્ધમાં આસામના સૈન્ય**ની જીતને યાદ કરવા માટે **આસામ**માં **'લચિત દિવસ'** ઉજવવામાં આવે છે.
- 24 નવેમ્બર એ લચિત બોર્ફુકનનો જન્મ દિવસ છે.

### સરૈઘાટનું યુદ્ધ

- સરૈઘાટનું યુદ્ધ **બ્રહ્મપુત્રા નદી પર થયેલું નેવલ યુદ્ધ** હતું.
- આ યુદ્ધ 1671માં મુઘલ સામ્રાજ્ય (કછવાહા રાજા રામસિંહ પ્રથમનું નેતૃત્વ) અને **અહોમ સામ્રાજ્ય (લચિત બોર્ફુકનનું નેતૃત્વ)** વચ્ચે થયું હતું.
- જેમાં અહોમ સામ્રાજ્યનો વિજય થયો હતો.

## ➤ રાજ્યમાં રમકડાં બનાવતા એકમો માટે અલાયદો પાર્ક બનાવવા GIDCને સૂચના

- **મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણી**એ **ગાંધીનગર**માં ઉચ્ચસ્તરીય બેઠક યોજી GIDC વસાહતો તથા અન્ય **આનુસંગિક બાબતોની સમીક્ષા** કરી હતી, જેમાં મુખ્યમંત્રીશ્રીએ રાજ્યમાં રમકડાં ઉદ્યોગો માટે અલાયદો ટોય પાર્ક બનાવવા ફિઝિબિલિટી રિપોર્ટ તૈયાર કરવા GIDCને જણાવ્યું હતું.
- મુખ્યમંત્રીશ્રીએ **GIDCના અધ્યક્ષ બલવંતસિંહ રાજપૂત** તથા મેનેજિંગ ડિરેકટર થેન્નારાસન સાથેની બેઠકમાં GIDCને ચાર–પાંચ મોડેલ વસાહતો વિકસાવવા જણાવ્યું હતું.
- **ગિફ્ટ સિટીમાં GIDC** દ્વારા તૈયાર કરાઈ રહેલા **આઈટી પાર્ક**માં ઝડપ લાવવા તથા **દહેજમાં ડિસેલિનેશન પ્લાન્ટ** પણ ઝડપથી કાર્યરત કરવા મુખ્યમંત્રીશ્રીએ સૂચના આપી હતી.
- આ બેઠક દરમિયાન ફિલ્મ અભિનેતા **વિવેક ઓબેરોયે** મુખ્યમંત્રીશ્રીની મુલાકાત કરી હતી.

## ➤ ચંદ્ર પરથી ખડકોના નમૂનાઓ પાછા લાવવા માટે ચીનનું 'ચેન્જ-5 લુનાર મિશન'

ચીને તાજેતરમાં **'ચેન્જ-5 લુનાર મિશન'** શરૂ કર્યું હતું.

- ચંદ્રના દૂર તરફના ભાગ પર ઉતરવાની પ્રથમ તપાસ એ ચેન્જ-5 લુનાર મિશન છે.
- ચંદ્રની માત્ર એક જ બાજુ પૃથ્વી પરથી સતત દેખાય છે. આજ દિન સુધી ચંદ્રની બીજી બાજુ અસ્પષ્ટ રહી છે જેને 'ચંદ્રની દૂરની બાજુ' કહેવામાં આવે છે.

### ચેન્જ-5 મિશન વિશે

- આ મિશનનું નામ **ચીની ચંદ્ર દેવીના નામ** પર રાખવામાં આવ્યું છે.
- તે **ચીનના સૌથી મોટા કેરિયર રોકેટ લૉંગ માર્ચ-5 કેરિયર રોકેટથી** લોન્ચ કરવામાં આવ્યું હતું.
- આ મિશન ચંદ્રના **'મોન્સ રૂમકર ક્ષેત્ર'**માં ઉતરશે. આ ચંદ્રનો ઉત્તર પશ્ચિમ ભાગ છે.
- આ મિશન ત્યાંની સપાટી પર **એક ચંદ્ર દિવસ માટે કાર્ય કરશે** જે **પૃથ્વી પરના બે અઠવાડિયા થાય છે.**
- જો આ **મિશન સફળ થાય છે**, તો ચીન **યુ.એસ.એ. અને સોવિયેત યુનિયન પછી ચંદ્રના નમૂનાઓ એકત્રિત કરનાર ત્રીજો દેશ બનશે.**
- ચેન્જ-5માં સમાવિષ્ટ ઉપકરણો :
  - લેન્ડર,
  - લુનાર ઓર્બિટર,
  - આરોહણ તપાસ
- તેમાં એકત્રિત થયેલા નમૂનાઓ મૂકવા માટે કોરિંગ ડ્રીલ, રોબોટિક આર્મ અને નમૂના ચેમ્બરનો સમાવેશ થાય છે.
- તે પેનેટ્રેટીંગ રડાર, કેમેરા અને સ્પેક્ટ્રોમીટરથી પણ સજ્જ છે.
- અંતરિક્ષયાન 15 ડિસેમ્બર, 2020 સુધીમાં પૃથ્વી પર પાછું ફરશે.

## ચંદ્ર પરના નમૂનાઓ લાવેલા અન્ય મિશનો

- અગાઉ **એપોલો 11 મિશન દ્વારા ચંદ્રના નમૂના લેવામાં** આવ્યા હતા. તેના નમૂના દ્વારા ચંદ્ર પરના ખડકો પૃથ્વીના ખડકો કરતાં જૂના હોવાનું માલૂમ પડયું હતું.
- 1970માં સોવિયેત યુનિયનનું લ્યુના 16 મિશન ચંદ્ર પરથી 101 ગ્રામ ખડક લઈને પરત ફર્યું હતું.
- પાછળથી સોવિયેત સંઘના અન્ય મિશન જેમ કે લ્યુના 24 એ 170 ગ્રામના વજનના નમૂનાઓ એકત્રિત કર્યા હતા.

## ➤ પ્રધાનમંત્રી કિસાન સંપદા યોજના : ફૂડ પ્રોસેસિંગ મંત્રાલયે રૂ. 234.68 કરોડના પ્રોજેક્ટ્સને મંજૂરી આપી

- 24 નવેમ્બર, 2020ના રોજ **કેન્દ્રીય કૃષિ પ્રધાન શ્રી નરેન્દ્રસિંહ તોમરે** રૂ. 234.68 કરોડના ફૂડ પ્રોસેસિંગ પ્રોજેક્ટ્સને મંજૂરી આપી છે.
- **પ્રધાનમંત્રી કિસાન સંપદા યોજના (PMKSY) અંતર્ગત પ્રાપ્ત સાત જેટલી દરખાસ્તો**ને મંજૂરી આપવામાં આવી હતી.
- PMKSYના એગ્રો પ્રોસેસિંગ કલસ્ટર માટે ઈન્ફ્રાસ્ટ્રકચર બનાવવા માટેની યોજના હેઠળ દરખાસ્તો મોકલવામાં આવી હતી.

## રાષ્ટ્રીય ફૂડ પ્રોસેસિંગ નીતિ

- રાષ્ટ્રીય ફૂડ પ્રોસેસિંગ **નીતિનો અમલ 2019માં કરવામાં** આવ્યો હતો.
- આનો ઉદ્દેશ્ય ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રનો વિકાસ કરવો અને તેની વૃદ્ધિમાં અવરોધરૂપ પરિબળોને દૂર કરવાનો છે.
- નીતિનો હેતુ **2035 સુધીમાં ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રે રોકાણમાં 6 ગણો વધારો કરવાનો છે**.

## રાષ્ટ્રીય ફૂડ પ્રોસેસિંગ નીતિની મુખ્ય વિશેષતાઓ

- આ નીતિનો હેતુ ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રના સપ્લાય ચેઈન ઈન્ફ્રાસ્ટ્રકચરને પ્રોત્સાહન આપવાનો છે.
- તે ઉત્પાદન કલસ્ટરો અને ફૂડ પ્રોસેસિંગ એકમોને ઓળખશે અને તેને પ્રોત્સાહન આપશે.
- આ નીતિ દ્વારા હાલના એકમોની તકનીકી સુધારણા માટે મૂડી અને સબસિડી પૂરી પાડવાનો છે.

## CEFPPC યોજના હેઠળના અન્ય તાજેતરના વિકાસ

- **CEFPPC : Creation / Expansion of Food Processing / Preservation Capacities**
- ફૂડ પ્રોસેસિંગ મંત્રાલયે તાજેતરમાં ફૂડ પ્રોસેસિંગ અને જાળવણી ક્ષમતાની રચના/વિસ્તરણના 320 કરોડના 28 ફૂડ પ્રોસેસિંગ પ્રોજેક્ટ્સને મંજૂરી આપી છે.
- આ યોજના પ્રધાનમંત્રી કિસાન સંપદા યોજનાનો એક ભાગ છે.
- તે કચરો ઘટાડવામાં, રોજગારની તકો ઉત્પન્ન કરવામાં અને મૂલ્યવર્તનની ખાતરી કરવામાં મદદ કરશે.

## પૃષ્ઠ ભૂમિ

- ભારત સરકાર 2022 સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવા માટે દેશમાં ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગોને વિસ્તૃત કરવાની યોજના બનાવી રહી છે.
- દેશમાં ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગોને સામનો કરવા પડતા મોટાં પડકારોમાં કેન્દ્ર અને રાજ્યની નીતિઓમાં વિસંગતતા, પ્રશિક્ષિત માનવશકિત વગેરેનો સમાવેશ થાય છે.

## પ્રધાનમંત્રી કિસાન સંપદા યોજના

- પ્રધાનમંત્રી કિસાન સંપદા યોજના 2016માં **'SAMPADA'** તરીકે રજૂ કરવામાં આવી હતી.
- **SAMPADA : Scheme for Agro-Marine Processing and Development Agro-Processing Cluster.**
- **બાદમાં 2017માં**, તેનું નામ **'પ્રધાનમંત્રી કિસાન સંપદા યોજના'** કરવામાં આવ્યું હતું.
- **આ યોજનામાં નીચેના 7 મુખ્ય ઘટકો છે :**

1. મેગા ફૂડ પાર્ક્સ,
2. એગ્રો પ્રોસેસિંગ કલસ્ટરો માટે ઈન્ફ્રાસ્ટ્રકચર,
3. ઈન્ટિગ્રેટેડ કોલ્ડ ચેઈન અને વેલ્યુ એડિશન ઈન્ફ્રાસ્ટ્રકચર,
4. ફૂડ પ્રોસેસિંગ અને જાળવણી ક્ષમતાઓનું નિર્માણ/વિસ્તરણ,
5. પાછળના અને આગળના જોડાણોનું નિર્માણ,
6. માનવ સંસાધન અને સંસ્થાનો,
7. ખાદ્ય સલામતી અને ગુણવત્તા ખાતરી ઈન્ફ્રાસ્ટ્રકચર

## ➤ ભારત-EU : નિઃશસ્ત્રીકરણ અને બિનપ્રસારની સલાહ અંગેની છઠ્ઠી મંત્રણા

- **ભારત અને યુરોપિયન યુનિયન (EU) વચ્ચે નિઃશસ્ત્રીકરણ અને બિનપ્રસાર** અંગે ચર્ચા માટે **છઠ્ઠી મંત્રણા** થઈ હતી.
- તમામ ભાગીદારોએ રાસાયણિક, પરમાણુ અને જૈવિક નિઃશસ્ત્ર નિષ્કર્ષણના ક્ષેત્રમાં વિકાસ વિશેની માહિતીની આપ–લે પર ચર્ચા કરી હતી.
- તેઓએ બાહ્ય અવકાશ સુરક્ષા, પરંપરાગત શસ્ત્રો અને બિનપ્રસાર વિશે પણ ચર્ચા કરી હતી.

### ભારત-યુરોપિયન યુનિયન વેપાર

- યુરોપિયન યુનિયન એ ભારતનો સૌથી મોટો વેપારી ભાગીદાર છે.
- 2016 સુધીમાં, યુરોપિયન યુનિયન ભારતના એકંદર વેપારમાં 12.5% હિસ્સો ધરાવતો હતો. ભારત યુરોપિયન યુનિયનનો નવમો સૌથી મોટો વેપારી ભાગીદાર છે.
- યુરોપિયન યુનિયનમાં ભારતની મોટી નિકાસ ફાર્માસ્યુટિકલ્સ, એન્જિનિયરીંગ ગુડ્ઝ, જેમ્સ અને જવેલરી છે.
- ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચેના સંબંધો **યુરોપિયન યુનિયન ઈન્ડિયા કો ઓપરેશન એગ્રીમેન્ટ, 1994**થી વ્યાખ્યાયિત કરવામાં આવ્યા છે.
- બંને ભાગીદારો 2007થી મુકત વેપાર સોદાની વાટાઘાટો કરી રહયા છે અને હજી સુધી કોઈ નિષ્કર્ષ પર આવ્યા નથી.

### ભારતની નિઃશસ્ત્રીકરણ નીતિ

- ભારતે 2003માં 'ન્યુકિલયર સિદ્ધાંત' અપનાવ્યો હતો, જે અંતર્ગત ભારતે **અણુશસ્ત્ર મુકત વિશ્વ પ્રત્યેની પ્રતિબદ્ધતા** દર્શાવી હતી.

## ➤ 46 AICTE ટ્રેઈનીંગ એન્ડ લર્નીંગ એકેડેમી ફેકલ્ટી ડેવલોપમેન્ટ પ્રોગ્રામ્સનું ઉદ્દઘાટન

- 23 નવેમ્બર, 2020ના રોજ કેન્દ્રીય શિક્ષણ પ્રધાન શ્રી રમેશ પોખરીયાલ 'નિશંક' એ 46 ઓનલાઈન AICTE ટ્રેઈનીંગ લર્નીંગ (ATAL) એકેડેમી ફેકલ્ટી ડેવલોપમેન્ટ પ્રોગ્રામ્સ (FDP)નું ઉદ્દઘાટન કર્યું હતું.
- AICTE (All India Council of Technical Education)ની સાથે ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓના સહયોગથી શિક્ષકોને તાલીમ આપવા માટે તેની શરૂઆત કરવામાં આવી હતી.

### ATAL એકેડેમી

- ATAL એકેડેમીનો મુખ્ય હેતુ સમગ્ર ભારતમાં ગુણવત્તાયુકત તકનીકી શિક્ષણ પ્રદાન કરવાનો છે.
- તે સંશોધન અને ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપે છે.
- ભારતની પ્રીમિયર સંસ્થાઓ જેમ કે IITs, IIITs, NITs અને સંશોધન પ્રયોગશાળાઓ દ્વારા ATAL-FDPનું આયોજન કરવામાં આવનાર છે.
- હાલમાં, ભારતમાં 11 ATAL એકેડેમીઓ છે. (24 નવેમ્બર, 2020ની સ્થિતિએ...)

### AICTE દ્વારા અમલમાં મૂકાયેલા અન્ય કાર્યક્રમો

- AICTEએ 'પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના' અમલમાં મૂકી છે.
- પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના 2015માં શરૂ કરાઈ હતી.
- પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના કૌશલ્ય વિકાસ અને ઉદ્યમ મંત્રાલયનો મુખ્ય કાર્યક્રમ છે.
- અત્યાર સુધીમાં લગભગ 19 લાખ વિદ્યાર્થીઓને આ અંતર્ગત તાલીમ આપવામાં આવી છે.



Priyaben Bopaliya

GSCSCL
ASSISTANT DEPOT MANAGER
ICE ના વિદ્યાર્થીને
નિમણૂક પામવા બદલ
ખૂબ ખૂબ અભિનંદન...


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ➤ ભારતમાં ગુરૂ તેગ બહાદુરનો શહીદી દિવસ મનાવવામાં આવ્યો



- 24 નવેમ્બર, 2020ના રોજ ગુરૂ તેગબહાદુરનો શહીદી દિવસ સમગ્ર ભારતમાં મનાવવામાં આવ્યો હતો.
- ગુરુ તેગ બહાદુરે તેમના માનવ મૂલ્યો, ધર્મ, આદર્શો અને સિદ્ધાંતોનું રક્ષણ કરવા 24 નવેમ્બર, 1675ના રોજ તેમના જીવનનું બલિદાન આપ્યું હોવાથી તે દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે.
- દર વર્ષે 'શહીદી દિવસ' તરીકે પણ આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. તેમને પ્રેમ અને આદર સાથે 'હિન્દ દી ચાદર' કહેવામાં આવે છે.

### ગુરૂ તેગ બહાદુર વિશે

- ગુરૂ તેગ બહાદુર શીખ ધર્મના દસ ગુરૂઓમાં નવમા હતા.
- તેમનો જન્મ 1621માં અમૃતસરમાં થયો હતો.
- તેઓ ગુરૂ હરગોવિંદના સૌથી નાના પુત્ર હતા. તેમના લગભગ 150 સ્ત્રોતોનો 'ગુરૂગ્રંથ સાહીબ'માં સમાવેશ કરવામાં આવ્યો છે.
- 'ગુરૂદ્વારા સીસ ગંજ સાહીબ' અને 'ગુરૂદ્વારા રકબગંજ સાહીબ' તેમના શરીરના અંતિમ સંસ્કાર અને દેહાંત દંડના સ્થળોને ચિહ્નિત કરે છે.

### ઔરંગઝેબ દ્વારા ગુરૂ તેગ બહાદુરને દેહાંતદંડની સજા

- 1675માં લાલકિલ્લાની નજીક આવેલા ચાંદની ચોક માર્કેટમાં ગુરૂ તેગ બહાદુરનું જાહેરમાં માથુ વાઢી નાખવામાં આવ્યું હતું.
- ઈસ્લામ ધર્મ ના સ્વીકારવા બદલ ગુરૂ તેગ બહાદુરને તત્કાલિન મુઘલ શાસક ઔરંગઝેબે તેમનો શિરચ્છેદ કરાવ્યો હતો.

### ગુરૂ ગ્રંથ સાહીબ વિશે

- ગુરૂ ગ્રંથ સાહીબ શીખ ધર્મનો ધાર્મિક ગ્રંથ છે.
- અગાઉ તેને 'આદિ ગ્રંથ' તરીકે ઓળખવામાં આવતો હતો.
- તે શીખધર્મના પાંચમા ગુરૂ ગુરૂ અરજણ દ્વારા સંકલિત કરવામાં આવ્યો હતો.

- પાછળથી શીખ ધર્મના દસમા ગુરૂ ગુરૂ ગોવિંદસિંહે ગુરૂ તેગ બહાદુરના સ્ત્રોતો તેમાં ઉમેર્યા હતા. આ આવૃત્તિ 'ગુરૂ ગ્રંથ સાહિબ' તરીકે જાણીતી થઈ હતી.
- આ બુકમાં હિંદુ ભક્તિ ચળવળ દરમિયાનના કવિઓના ઉપદેશો પણ સમાવિષ્ટ છે.

## શીખ ધર્મ

- સ્થાપક : <u>ગુરુનાનક</u>
- ગુરૂ ગોવિંદસિંહે શીખ ધર્મની ધાર્મિક રીતોની ઔપચારિકતા કરી હતી.
- જહાંગીરના શાસનકાળથી શીખોને મુઘલો સાથે વિરોધાભાસ શરૂ થયો હતો.
- બધા શીખ ગુરૂઓમાંથી ગુરૂ તેગબહાદુર અને ગુરૂ અરજણ દેવને મુઘલો દ્વારા સૌથી વધારે ત્રાસ આપવામાં આવ્યો હતો.

## ➢ પીલીભીત ટાઈગર રિઝર્વે તેની વસતી બમણી કરવા માટે પ્રથમ TX2 આંતરરાષ્ટ્રીય એવોર્ડ મેળવ્યો




- <u>પીલીભીત ટાઈગર રિઝર્વ અને ઉત્તરપ્રદેશ વન વિભાગને પ્રથમ આંતરરાષ્ટ્રીય એવોર્ડ TX2 મળ્યો</u>.
- પીલીભીત ટાઈગર રિઝર્વને આ એવોર્ડ તેના વાઘની સંખ્યા ચાર વર્ષમાં બમણી કરવા બદલ એનાયત કરાયો હતો. જ્યારે લક્ષ્યાંક 10 વર્ષમાં સંખ્યા બમણી કરવાનો હતો.
- 2010માં એવોર્ડના ભાગીદારો દ્વારા આ લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો હતો.

### લક્ષ્યાંક નક્કી કરનારા ભાગીદાર સંગઠનો

- ગ્લોબલ ટાઈગર ફોરમ,
- યુનાઈટેડ નેશન્સ ડેવલોપમેન્ટ પ્રોગ્રામ (UNDP),
- કન્ઝર્વેશન ટાઈગર સ્ટાન્ડર્ડ્સ,
- લાયન્સ શેર

- અન્ય 13 ટાઈગર રેન્જ દેશોમાંથી કોઈપણ દસ વર્ષના ગાળામાં મોટી બિલાડીની વસતીને બમણી કરવામાં સફળતા મેળવી શક્યું નથી.

## પીલીભીત ટાઈગર રિઝર્વને એવોર્ડ માટે કેમ પસંદ કરાયું ?

- પીલીભીત ટાઈગર રિઝર્વની પસંદગી નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટી (NTCA) દ્વારા વર્ષ 2018માં કરવામાં આવેલી ટાઈગર વસતી ગણતરીના આધારે કરવામાં આવી હતી.
- વસતી ગણતરી પ્રમાણે આ રિઝર્વમાં 54 વાઘો છે. ચાર વર્ષ જેટલા ટૂંકાગાળામાં 40 જેટલા વાઘો વધ્યા હતા.
- આ એવોર્ડ માટે આ ટાઈગર રિઝર્વને ધ્યાનમાં લેવાનું મુખ્ય કારણ હતું.

## 13 ટાઈગર રેન્જ દેશો કયાં છે ?

- 13 ટાઈગર રેન્જ દેશો છે જયાં વાઘો હજી પણ મુકતપણે ફરતા હોય છે.
- **'મુકતપણે ફરવા'**નું માપદંડ મહત્ત્વપૂર્ણ છે કારણ કે વાઘને ફરવા માટે વિશાળ પ્રદેશોની જરૂર હોય છે.
- **નર વાઘને ફરવા માટે 60 થી 100 ચોરસ કિલોમીટર**ની જરૂર પડે છે અને **વાઘણને ફરવા માટે 20 ચોરસ કિલોમીટર**ની જરૂર પડે છે.

## 13 ટાઈગર રેન્જ દેશો

- ભારત, ભૂતાન, બાંગ્લાદેશ, કંબોડિયા, ઈન્ડોનેશિયા, ચાઈના, રશિયા, મલેશિયા, લાઓસ, થાઈલેન્ડ, મ્યાનમાર, વિયેતનામ અને નેપાળ.

**ICE FACT : 29 જુલાઈ : ગ્લોબલ ટાઈગર દિવસ**

## ભારતમાં વાઘની વસતી ગણતરી

- **ભારતમાં વાઘની વસતી ગણતરી દર 4 વર્ષે થાય છે.**
- ભારતની વાઘની વસતી ગણતરી 2018 પ્રમાણે, દેશમાં 2,967 વાઘો છે.
- **2014ની સરખામણીએ તેમાં 33%નો વધારો થયો છે.**
- ભારતમાં વાઘો 2006ના વર્ષથી 6%ના વાર્ષિક દરે વધી રહયા છે.

## સૌથી વધુ વાઘની વસતી ધરાવતાં રાજ્યો

1. મધ્યપ્રદેશ 2. કર્ણાટક 3. ઉત્તરાખંડ

## ➤ પસંદ કરેલા દેશોમાં 'UMANG' એપ્લિકેશનનું આંતરરાષ્ટ્રીય સંસ્કરણ શરૂ કરાયું

- 23 નવેમ્બર, 2020ના રોજ કેન્દ્રીય માહિતી ટેક્નોલોજી પ્રધાન શ્રી રવિશંકર પ્રસાદે UMANG એપ્લિકેશનનું આંતરરાષ્ટ્રીય સંસ્કરણ રજૂ કર્યું.

  UMANG : unified Mobile Application for New Age Governance.
- UMANG એપ્લીકેશનને UK, US, ઓસ્ટ્રેલિયા, કેનેડા, નેધરલેન્ડસ, UAE, સિંગાપોર અને ન્યુઝીલેન્ડમાં લોન્ચ કરવામાં આવી હતી.
- આંતરરાષ્ટ્રીય સંસ્કરણ UMANGના 3 વર્ષ પૂરા થવા પર લોન્ચ કરવામાં આવ્યું હતું.
- વિદેશ મંત્રાલયના સહયોગથી તેની શરૂઆત કરવામાં આવી હતી.

### મહત્ત્વ

- આ એપ્લિકેશન ભારતીય સંસ્કૃતિને વિશ્વ ફલક સુધી લઈ જશે.

### ઉમંગ એપ્લિકેશનની મુખ્ય લાક્ષણિકતાઓ

- આ એપ્લિકેશન મુખ્યત્વે કેટલીક સરકારી સેવાઓના લાભ લેવામાં મદદ કરે છે.
- આ એપ્લિકેશન ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેક્નોલોજી મંત્રાલયની 'ડિજિટલ ભારત' પહેલ હેઠળ શરૂ કરવામાં આવી હતી.
- તે આધાર અને ડીજીલોકર જેવી સેવાઓનું એકીકરણ પ્રદાન કરે છે.
- આ એપ્લિકેશનનો ઉપયોગ એમ્પ્લોયમેન્ટ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન સર્વિસીઝ, ઈન્કમટેક્ષ ભરવા, પેન્શન, ઈ–જમીન રેકોર્ડ્સ, ઈ–પાઠશાળા, પાકવીમા જેવી ઘણી ઈ–સરકારી સેવાઓ મેળવવા માટે પણ થઈ શકે છે.

### ઉમંગ સાથે IMD સેવાઓનું એકીકરણ

- આ એપ્લિકેશનમાં IMD (ભારતીય હવામાન વિભાગ)ની સેવાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- આ સુવિધા અગાઉથી શહેરોની હવામાનની આગાહીને જાણવામાં મદદ કરશે.
- આ એપ્લિકેશન 7 હવામાન સેવાઓ જેવી કે વરસાદની માહિતી, ચક્રવાત, ચેતવણીઓ, સૂર્યોદય, ભેજ, સૂર્યાસ્ત વગેરેની આગાહી પૂરી પાડશે.

ICE ? Questions

1. નીચેના પૈકી ખોટું વિધાન જણાવો ?
   (A) 24 નવેમ્બર : ઉત્ક્રાંતિ દિવસ
   (B) 24 નવેમ્બર ચાર્લ્સ ડાર્વિનનો જન્મ દિવસ છે.
   (C) ડાર્વિન દિવસ – 12 ફેબ્રુઆરી
   (D) 'ધ વોયેજ ઓફ ધ બિગલ' એ ચાર્લ્સ ડાર્વિનનું પ્રખ્યાત પુસ્તક છે. (B)

2. સરૈઘાટનું યુદ્ધ કઈ નદી પર થયું હતું ?
   (A) ગંગા (B) કાવેરી (C) બ્રહ્મપુત્રા (D) ગોદાવરી (C)

3. નીચેનામાંથી ખોટું વિધાન જણાવો ?
   (A) 24 નવેમ્બર : લચિત દિવસ
   (B) GIDCનાં વર્તમાન અધ્યક્ષ બલવંતસિંહ રાજપૂત છે.
   (C) સરૈઘાટના યુદ્ધમાં અહોમ સામ્રાજ્યનું નેતૃત્વ લચિત બોર્કુફાને કર્યું હતું.
   (D) વિધાન (A) ખોટું છે. (D)

4. 'ચેન્જ-5 લુનાર મિશન' તાજેતરમાં કયા દેશે લોન્ચ કર્યું હતું ?
   (A) ફ્રાંસ (B) અમેરિકા (C) ચીન (D) જાપાન (C)

5. 'ચેન્જ-5 લુનાર મિશન'નો મુખ્ય ઉદ્દેશ્ય જણાવો ?
   (A) ચંદ્ર પર ઉતરાણ
   (B) ચંદ્રના ખડકોના નમૂનાઓ એકત્રિત કરવા
   (C) ચંદ્ર પર પાણી શોધવું
   (D) એક પણ નહીં (B)

6. 'SAMPADA' પૂરૂનામ જણાવો ?
   (A) SAMPADA : Scheme of Agriculture and Marine Products Development.
   (B) SAMPADA : Scheme for Agro Marine Processing and Development Agro - Processing Cluster.
   (C) SAMPADA : Scheme for Marine Products Advance Development Association
   (D) એક પણ નહીં (B)

7. ભારતે તાજેતરમાં કોની સાથે નિઃશસ્ત્રીકરણ અને બિન પ્રસારની સલાહ અંગે છટ્ઠી મંત્રણા કરી હતી ?

(A) યુરોપિયન યુનિયન (B) G-20
(C) ASEAN (D) APEC **(A)**

8. ભારતે 'ન્યુકિલયર સિદ્ધાંત' કયાં વર્ષમાં અપનાવ્યો હતો ?

(A) 2002 (B) 2003 (C) 2004 (D) 2005 **(B)**

9. 46 AICTE ટ્રેઈનીંગ એન્ડ લર્નિંગ એકેડેમી (ATAL) ફેકલ્ટી ડેવલોપમેન્ટ પ્રોગ્રામનું ઉદ્દઘાટન તાજેતરમાં કોના દ્વારા કરવામાં આવ્યું હતું ?

(A) શ્રી નરેન્દ્રભાઈ મોદી (B) શ્રી રામનાથ કોવિંદ
(C) શ્રી રમેશ પોખરિયાલ (D) શ્રી રવિશંકર પ્રસાદ **(C)**

10. ભારતમાં હાલમાં કેટલી ATAL એકેડેમીઓ આવેલી છે ?

(A) 11 (B) 12 (C) 13 (D) 14 **(A)**

11. નીચેનામાંથી ખોટું વિધાન જણાવો ?

(A) 24 નવેમ્બર 1675ના રોજ ઔરંગઝેબે ગુરૂ તેગ બહાદુરનું માથું વાઢયું હતું.
(B) 'ગુરૂદ્વારા સીસ ગંજ સાહીબ' એ ગુરૂ તેગબહાદુરનું અંતિમ સંસ્કારનું સ્થળ છે.
(C) 'ગુરૂગ્રંથ સાહીબ' અગાઉ 'આદિગ્રંથ' તરીકે ઓળખાતો હતો.
(D) ગુરૂ ગોવિંદસિંહે 'આદિગ્રંથ'નું સંકલન કર્યું હતું. **(D)**

12. તાજેતરમાં ભારતના કયાં ટાઈગર રિઝર્વને પ્રથમ TX2 આંતરરાષ્ટ્રીય એવોર્ડ એનાયત કરવામાં આવ્યો ?

(A) કાન્હા ટાઈગર રિઝર્વ (B) પીલીભીત ટાઈગર રિઝર્વ
(C) સુંદરવન ટાઈગર રિઝર્વ (D) કોર્બેટ ટાઈગર રિઝર્વ **(B)**

13. ગ્લોબલ ટાઈગર દિવસ કયારે ઉજવવામાં આવે છે ?

(A) 29 ઓગસ્ટ (B) 10 ઓગસ્ટ (C) 29 જૂન (D) 29 જૂલાઈ **(D)**

14. ભારતમાં સૌથી વધુ વાઘનીવસતી ધરાવતું રાજ્ય કયું છે ?

(A) મધ્યપ્રદેશ (B) કર્ણાટક (C) ઉત્તરાખંડ (D) તમિલનાડુ **(A)**

15. ઉમંગ એપ્લિકેશન સાથે તાજેતરમાં કઈ ભારતીય સેવાઓ સંકલિત કરવામાં આવી ?

(A) સંરક્ષણ (B) અવકાશ (C) હવામાન (D) રેલવે **(C)**

25 NOVEMBER, 2020 WEDNESDAY

## ➤ દિવસ મહિમા : 25 નવેમ્બર, મહિલાઓ સામે હિંસા નાબૂદી માટે આંતરરાષ્ટ્રીય દિવસ

- યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી (UNGA) એ 25 નવેમ્બરને મહિલાઓ સામે હિંસા દૂર કરવાના આંતરરાષ્ટ્રીય દિવસ તરીકે ઠરાવ કર્યો છે.
- વિશ્વ ભરની મહિલાઓને ઘરેલું હિંસા, બળાત્કાર અને અન્ય પ્રકારની હિંસાઓનો સામનો કરવો પડે છે તે બાબતે જાગૃતિ લાવવા આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

### Theme 2020

- 'Fund, Respond, Prevent Collect' (ભંડોળ, પ્રતિસાદ, અટકાવો, એકત્રિત કરો)
- મહિલાઓ વિરૂદ્ધ હિંસા નાબૂદ કરવાના આંતરરાષ્ટ્રીય દિવસની સાથે 'લિંગ આધારિત હિંસા સામે સક્રિયતાના 16 દિવસ'ની શરૂઆત પણ કરવામાં આવેલ છે.

### લિંગ આધારિત હિંસા સામે સક્રિયતાના 16 દિવસ

- તે એક અભિયાન છે જે દર વર્ષે 25 નવેમ્બરથી 10 ડિસેમ્બરની વચ્ચે ચાલે છે.
- આ અભિયાન સૌપ્રથમ 1991માં શરૂ કરવામાં આવ્યું હતું.
- આ સંગઠનમાં 187 દેશોની 6,000થી વધુ સંસ્થાઓ ભાગ લે છે.

### આ ઝુંબેશ દરમિયાન નીચેના નોંધપાત્ર દિવસોની પણ ઉજવણી થાય છે

- 25 નવેમ્બર : મહિલાઓ સામે હિંસા નાબૂદી માટે આંતરરાષ્ટ્રીય દિવસ
- 29 નવેમ્બર : આંતરરાષ્ટ્રીય મહિલા માનવાધિકાર ડિફેન્ડર્સ દિવસ
- 1 ડિસેમ્બર : વિશ્વ એઈડ્સ દિવસ
- 5 ડિસેમ્બર : આર્થિક અને સામાજિક વિકાસ માટે આંતરરાષ્ટ્રીય સ્વયંસેવક દિવસ
- 10 ડિસેમ્બર : આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર દિવસ

### મહિલાઓ સામે હિંસા

- સંયુક્ત રાષ્ટ્ર મહિલાઓ વિરૂદ્ધ થતી હિંસાને જાતિ આધારિત હિંસાના કાર્ય તરીકે વ્યાખ્યાયિત કરે છે. જેના પરિણામે શારીરિક, માનસિક અથવા જાતીય નુકસાન થાય છે.
- વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) અનુસાર ત્રણમાંથી એક મહિલા શારીરિક હિંસા અનુભવી રહી છે.


GPSC 1/2, PI, PSI/CONSTABLE, S.T.I., Dy.SO,
નાયબ મામલતદાર, બિનસચિવાલય કલાર્ક, તલાટી, TET, TAT વગેરે
વિવિધ સ્પર્ધાત્મક તેમજ ટેક્નિકલ પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી પુસ્તક
નવી પરીક્ષા પદ્ધતિ અનુસાર તૈયાર કરાયેલું પુસ્તક
બિનસચિવાલય અને કૃષિ યુનિવર્સિટીના Special New Topicનો સમાવેશ
MS Office 2003 અને 2013ની પરીક્ષાલક્ષી માહિતી
CPT માટે મહત્ત્વના Excel Functionની વિસ્તૃત સમજૂતી
COMPUTER
MOST IMP 1700+ MCQ
FREE BOOKLET
1700+ પ્રશ્નો
Appendix G મુજબ
કમ્પ્યૂટર
પ્રકરણ અનુસાર પૂછાયેલા MCQ પ્રશ્નો
COMING SOON
ICE
INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➢ દુલા ભાયા કાગની જન્મજયંતી ; વેબસાઈટ અને એપ્લિકેશન લોન્ચ થઈ

- દુલા ભાયા કાગની જન્મજયંતી નિમિત્તે કવિશ્રી દુલાભાયા કાગ મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા વેબસાઈટ www.kavikag.com અને kag sahitya મોબાઈલ એપ્લિકેશનનો શુભારંભ થયો હતો.

### દુલાભાયા કાગ

જન્મ : 25 નવેમ્બર, 1903 (સોડવદરી, મહુવા તાલુકો, ભાવનગર)

મૃત્યુ : 22 ફેબ્રુઆરી, 1977 મજાદર (હવે કાગધામ), રાજુલા તાલુકો અમરેલી

- 'દુલા ભાયા કાગ' અથવા 'કાગ બાપુ' કવિ, ગીતકાર, લેખક અને કલાકાર હતા.
- તેમણે ચારણી ભાષાના માધ્યમથી શોષિત, પીડિતોના દર્દને વાચા આપી હતી.
- તેમણે તેમની જમીન વિનોબા ભાવેના 'ભૂદાન આંદોલન'માં અર્પી દીધી હતી.
- તેમણે રતુભાઈ અદાણી સાથે મળીને જૂનાગઢમાં લોકસાહિત્યની શાળાનું નિર્માણ તથા ભાવનગરમાં 'ચારણ બોર્ડિંગ હાઉસ' જેવી સંસ્થાઓ સ્થાપી હતી.
- ભવનાથ જેવા શિવરાત્રીએ ભરાતા લોકમેળામાં ભકતો માટે ઉતારા તરીકે ઓળખાતા રાતવાસામાં 'દુલાકાગનો ઉતારો' જાણીતો હતો.

### સાહિત્ય સર્જન

- કાગવાણી–ભાગ 1 થી 7,
- વિનોબા બાવની,
- તો ઘર જાશે, જાશે ધરમ,
- શકિત ચાલીસા,
- ગુરૂ મહિમા,
- ચંદ્ર બાવની,
- સોરઠ બાવની,
- શામળદાસ બાવની



હે જી તારા આંગણિયા
પુછીને જે કોઈ આવે રે,
આવકારો મીઠો...
આપજે રે જી...

– દૂલા ભાયા કાગ

## પુરસ્કાર

- પદ્મશ્રી (1962)
- રવીન્દ્ર પારિતોષિક
- ઘણા લોક ગાયકો અને લોકસાહિત્યકારોને સંગીત અને સાહિત્યક્ષેત્રે શ્રેષ્ઠતા બદલ 'કવિ કાગ એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવે છે.

## ➤ કેવડિયાના સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે અખિલ ભારતીય પીઠાસીન અધિકારીઓની દ્વિ-દિવસીય પરિષદ (ઓલ ઈન્ડિયા પ્રિસાઈડિંગ ઓફિસર્સ કોન્ફરન્સ)'નો ગરિમામય આરંભ

- સરદાર વલ્લભભાઈ પટેલની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીના સાંનિધ્યમાં યોજાઈ રહેલા બે દિવસીય 80મી અખિલ ભારતીય પીઠાસીન અધિકારીઓની પરિષદનો 25 નવેમ્બર 2020ના રોજ રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદ દ્વારા પ્રારંભ કરાવવામાં આવ્યો હતો.
- આ પરિષદમાં તમામ રાજ્યોની વિધાનસભાના અધ્યક્ષો, રાજ્યસભા અને લોકસભાના અધ્યક્ષ, રાષ્ટ્રપતિશ્રી, ઉપરાષ્ટ્રપતિશ્રી અને વિવિધ રાજયોના અધિકારીઓએ હાજરી આપી હતી.
- આ વર્ષને 'પ્રિસાઈડિંગ ઓફિસર્સ કોન્ફરન્સ'ના શતાબ્દી વર્ષ તરીકે પણ મનાવવામાં આવે છે.
- 'અખિલ ભારતીય પીઠાસીન અધિકારી પરિષદ'ની ઉજવણીનો પ્રારંભ વર્ષ 1921થી કરવામાં આવ્યો હતો.

## સંમેલનની થીમ

- 'સબળ લોકશાહી માટે વિધાયિકા, કાર્યપાલિકા તથા ન્યાયપાલિકાનો આદર્શ સમન્વય છે.'

## ➤ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સંમેલનના સમાપન સત્રને સંબોધ્યુ હતું, આ સંબોધનમાં તેમણે 'વન નેશન, વન ઈલેક્શન'નો મહત્ત્વપૂર્ણ સંદેશો આપ્યો હતો.

## ઈલેક્શન કમિશન ઓફ ઈન્ડિયા (ECI) (ભારતનું ચૂંટણી પંચ)

સ્થાપના : 25 જાન્યુઆરી, 1950

મુખ્યમથક : નિર્વાચન સદન, નવી દિલ્હી

- ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર : સુનીલ અરોરા
- ભારતના ચૂંટણી કમિશનરો : રાજીવ કુમાર, સુશીલ ચંદ્ર

- ભારતનું ચૂંટણી પંચ (ECI) એ સ્વાયત્ત સંવૈધાનિક સંસ્થા છે. જે ભારતમાં સંઘ અને રાજ્યોની ચૂંટણી પ્રક્રિયાઓનું સંચાલન કરે છે.
- તે દેશમાં લોકસભા, રાજ્યસભા રાજ્ય વિધાનસભાઓ રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીનું સંચાલન કરે છે.
- ચૂંટણી પંચ કલમ 324 મુજબ બંધારણના અધિકાર હેઠળ કાર્ય કરે છે.
- ભારતીય બંધારણના ભાગ-15માં ચૂંટણીઓ સંબંધિત જોગવાઈઓ કરવામાં આવી છે.
- બંધારણના અનુચ્છેદ-324થી 329 સુધી ચૂંટણી પંચ અને શકિતઓ, કાર્ય, કાર્યકાળ, પાત્રતા વગેરેથી સંબંધિત છે.
- ચૂંટણી પંચ વર્ષ 1952થી રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરની ચૂંટણીઓનું સફળતાપૂર્વક આયોજન કરે છે.
- ભારતના પ્રથમ મુખ્ય ચૂંટણી કમિશનર – સુકુમાર સેન

**ICE FACTS :**

- **શ્રી વિઠ્ઠલભાઈ પટેલ 1925માં કેન્દ્રીય ધારાસભાના પ્રથમ ભારતીય અધ્યક્ષ બન્યા હતા.**
- **શ્રી ગણેશ વાસુદેવ માવલંકર લોકસભાના પહેલા સ્પીકર બન્યા હતા.**

## ➢ NIIFમાં રૂ. 6,000 કરોડના કેપિટલ ઈન્ફ્યુઝનને મંજૂરી

- 25 નવેમ્બર, 2020ના રોજ કેન્દ્રીય કેબિનેટે નેશનલ ઈન્ફ્રાસ્ટ્રકચર ઈન્વેસ્ટમેન્ટ ફંડ (NIIF)માં 6,000 કરોડ રૂપિયાના કેપિટલ ઈન્ફ્યુઝનને મંજૂરી આપી હતી.
- આ એક 'આત્મનિર્ભર ભારત અભિયાન'નો જ એક ભાગ છે.

### નેશનલ ઈન્ફ્રાસ્ટ્રકચર ઈન્વેસ્ટમેન્ટ ફંડ (રાષ્ટ્રીય માળખાગત રોકાણોનું ભંડોળ)

- ભારત સરકાર દ્વારા 2015માં નેશનલ ઈન્ફ્રાસ્ટ્રકચર ઈન્વેસ્ટમેન્ટ ફંડ (NIIF)ની સ્થાપના કરવામાં આવી હતી.
- આ ફંડ બનાવવાનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રીનફિલ્ડ અને બ્રાઉન ફિલ્ડ પ્રોજેકટ્સમાં રોકાણ વધારવાનો હતો.
- નેશનલ ઈન્ફ્રાસ્ટ્રકચર ઈન્વેસ્ટમેન્ટ ફંડ (NIIF) નીચેના ત્રણ ફંડોનું સંચાલન કરે છે :

1. માસ્ટર ફંડ 2. સ્ટ્રેટેજીક ફંડ 3. ફંડ ઓફ ફંડ્સ

## માસ્ટર ફંડ

- માસ્ટર ફંડ મુખ્યત્વે રસ્તા, એરપોર્ટો, બંદરો, વીજળી વગેરેના નિર્માણમાં રોકવામાં આવે છે.

## ફંડ ઓફ ફંડ્સ

- ફંડ ઓફ ફંડ્સનું સંચાલન ઈન્ફ્રાસ્ટ્રકચર સેકટરમાં સારા ટ્રેક રેકોર્ડવાળા મેનેજરો દ્વારા કરવામાં આવે છે.
- આ ફંડ મુખ્યત્વે **માળખાગત સેવાઓ અને સંલગ્નક્ષેત્રો**, **ગ્રીન ઈન્ફ્રાસ્ટ્રકચર અને મધ્યમ આવક અને પરવડે તેવા આવાસ પર ધ્યાન કેન્દ્રીત** કરે છે.

## સ્ટ્રેટેજીક ફંડ

- સ્ટેટેજીક ઈન્વેસ્ટમેન્ટ ફંડ એ **વૈકલ્પિક રોકાણ ફંડ** છે અને તેનું **સંચાલન SEBI** દ્વારા કરવામાં આવે છે.
- તે મુખ્યત્વે **ઈકિવટી અને ઈકિવટી લિંકડ ઈન્સ્ટુમેન્ટ્સ** પર કેન્દ્રીત છે.
- આ ભંડોળ મોટાભાગે મુખ્ય માળખાગત ક્ષેત્રોમાં બ્રાઉનફિલ્ડ અને ગ્રીનફિલ્ડના રોકાણ માટે આપવામાં આવે છે.

## ➤ ભારત માટે SDG ઈન્વેસ્ટર મેપ UNDP અને ઈન્વેસ્ટ ઈન્ડિયા દ્વારા શરૂ કરાયો

- ઈન્વેસ્ટ ઈન્ડિયા અને **યુનાઈટેડ નેશન્સ ડેવલોપમેન્ટ પ્રોગ્રામ (UNDP)** દ્વારા ભારત માટે **સસ્ટેનેબલ ડેવલોપમેન્ટ ગોલ ઈન્વેસ્ટર મેપ** શરૂ કરાયો.
- SDG ઈન્વેસ્ટર મેપ દ્વારા **રોકાણની તકોના 18 ક્ષેત્રો નક્કી** કરવામાં આવ્યા છે.
- આ નકશો એવા પરિબળોને સક્ષમ બનાવશે જે ભારતને તેના ટકાઉ વિકાસ લક્ષ્યોને પ્રાપ્ત કરવામાં મદદ કરશે.
- તે દેશમાં રહેલા SDG ફાયનાન્સિંગ ગેપને કેવી રીતે ઘટાડી શકાય તે ભારતને સમજવામાં મદદ કરશે.

## સસ્ટેનેબલ ડેવલોપમેન્ટ ગોલ ઈન્વેસ્ટર મેપ

- આ નકશો નીચેના 6 ક્ષેત્રોમાં ટકાઉ વિકાસ પ્રાપ્ત કરવા માટે વિકસાવવામાં આવ્યો છે :

1. આરોગ્ય સંભાળ,
2. શિક્ષણ,
3. નાણાકીય સેવાઓ,
4. કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ,
5. નવીનીકરણીય ઊર્જા,
6. વૈકલ્પિક અને ટકાઉ વાતાવરણ,

## સસ્ટેનેબલ ડેવલોપમેન્ટ ગોલ્સ (SDGs) (ટકાઉ વિકાસ લક્ષ્યો)

- વિશ્વમાં રહેલા તાત્કાલિક રાજકીય, પર્યાવરણ અને આર્થિક પડકારોને પહોંચી વળવા માટે સંયુકત રાષ્ટ્ર દ્વારા ટકાઉ વિકાસ લક્ષ્યોની શરૂઆત કરવામાં આવી હતી.
- ભારત વિશ્વની 17% વસતી ધરાવતું હોવાથી આ લક્ષ્યોની પ્રાપ્તિ દ્વારા વિશ્વમાં નોંધપાત્ર ભૂમિકા ભજવી શકે છે.
- **2015ની યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી (UNGA)માં આ લક્ષ્યો અપનાવવામાં** આવ્યા હતા.
- કુલ **17 ટકાઉ વિકાસ લક્ષ્યો (SDG)** ને અપનાવવામાં આવ્યા છે. જેનો હેતુ સંપત્તિ, આબોહવા પરિવર્તનનો સામનો કરવો તેમજ અસમાનતા સામે લડવાનો છે.

## સસ્ટેનેબલ ડેવલોપમેન્ટ ગોલ્સ પ્રાપ્ત કરવા ભારતે લીધેલા પગલાંઓ

- **BS-VI પેટ્રોલ અને ડીઝલને લગતા સુધારાઓ,**
- **2022 સુધીમાં દેશમાં એકલ ઉપયોગ પ્લાસ્ટિકને નાબૂદ ભારતની કટિબદ્ધતા,**
- **આંતરરાષ્ટ્રીય સોલાર એલાયન્સ (ISA)**ની સ્થાપના કરી જે **2030** સુધીમાં **સોલાર ઊર્જાની 2,000 ગીગાવોટ ક્ષમતા સ્થાપિત કરવાનું લક્ષ્ય** રાખે છે.
- **2005ની તુલનામાં 2030 સુધીમાં કાર્બન ઉત્સર્જન 33-35% જેટલું ઘટાડવું,**
- નોન–અશ્મિભૂત ઈંધણથી સ્થાપિત 40% ઈલેક્ટ્રિક પાવર પ્રાપ્ત કરવો.

## ➢ પીએમ મોદીએ ઉત્તરપ્રદેશમાં 'હર ઘર નલ યોજના' શરૂ કરી



- **વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ** 22 નવેમ્બર, 2020ના રોજ **ઉત્તરપ્રદેશ**ના સોનભદ્ર અને મિરઝાપુર જિલ્લાના રહેવાસીઓ માટે **'હર ઘર નલ યોજના'**ની શરૂઆત કરી હતી.
- સરકાર પાણીની તંગીની સમસ્યા હલ કરવા પ્રતિબદ્ધ છે અને તેથી ઉત્તરપ્રદેશમાં રૂ. 5,555 કરોડની યોજના શરૂ કરી છે.

### શા માટે આ પ્રદેશની પસંદગી કરવામાં આવી ?

- આ પ્રદેશ કુદરતી સંસાધનોથી ભરપૂર છે.
- ગંગા, ઘાઘરા, યમુના અને સરયુ જેવી ઘણી નદીઓ ધરાવતા હોવા છતાં, આ વિસ્તારમાં પાણીની તંગી પ્રવર્તે છે.
- આમ, અહીં 'હર ઘર નલ યોજના' શરૂ કરવામાં આવી છે.
- વળી, નદીનું પાણી અને આ વિસ્તારમાં ભૂગર્ભ જળ ઝડપથી પ્રદૂષિત થઈ રહયું છે. તેથી આ ક્ષેત્રમાં પીવાનું શુદ્ધ પાણી પૂરું પાડવું મહત્ત્વપૂર્ણ છે.

### હર ઘર નલ યોજના શું છે ?

- આ યોજના દરેક ઘરોને નળ દ્વારા પાણી પૂરૂં પાડવા માટે શરૂ કરવામાં આવી છે.
- તળાવ અને નદીના પાણીને શુદ્ધ કરીને સોનભદ્રમાં પરિવારોને પાણી આપવામાં આવશે.
- મિરઝાપુર અને સોનભદ્રના તમામ ઘરો આ યોજનાનો લાભ લઈ શકે છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE
icerajkot

## ➤ ભારતે બ્રહ્મોસ સુપરસોનિક ક્રુઝ મિસાઈલોનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું

- 24 નવેમ્બર, 2020ના રોજ ભારતે **બ્રહ્મોસ સુપરસોનિક** મિસાઈલના **લેન્ડ એટેક સંસ્કરણનું સફળતાપૂર્વક** પરીક્ષણ કર્યું હતું.
- **આંદામાન અને નિકોબાર આઈસલેન્ડ**માં તેનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું.
- **મિસાઈલની રેન્જ 290 કિમીથી 400 કિમી** સુધી વધારવામાં આવી છે.
- તેની **ગતિ વધારીને 2.8 મેક** કરવામાં આવી છે જે ધ્વનિની ગતિથી લગભગ **3 ગણી વધારે** છે.

### બ્રહ્મોસ મિસાઈલ વિશે

- બ્રહ્મોસ મિસાઈલ શિપ, સબમરીન, વિમાન અને જમીન પ્લેટફોર્મ પરથી લોન્ચ કરી શકાય છે.
- **બ્રહ્મોસએ DRDO** અને **રશિયાનું સંયુક્ત** સાહસ છે.
- તે **રશિયન P-800 ઓનિક્સ ક્રુઝ મિસાઈલ**ના આધારે વિકસાવવામાં આવી હતી.
- બ્રહ્મોસ મિસાઈલનું નામ ભારતની **'બ્રહ્મપુત્રા'** અને રશિયાની **'મોસ્કવા'** નદી ઉપરથી રાખવામાં આવ્યું છે.
- તે **વિશ્વની સૌથી ઝડપી એન્ટી શિપ ક્રુઝ મિસાઈલ** છે.
- **બ્રહ્મોસ-II હાલમાં 7-8 મેકની ગતિ મેળવવા માટે વિકાસ** હેઠળ છે.
- **વર્ષ 2016માં, ભારત મિસાઈલ ટેક્નોલોજી કંટ્રોલ રેજિમ (MTCR)**નો સભ્ય બન્યો હતો. રશિયા સાથે સંયુક્ત પણે 800 કિ.મી.ની રેન્જવાળી બ્રહ્મોસ મિસાઈલનું નવું સંસ્કરણ બનાવવામાં આવશે.
- ભારતે તાજેતરમાં **વરૂણાસ્ત્ર ટોર્પિડો, (ભારે વજનનું વર્ઝન)** લોન્ચ કર્યું હતું.

## ➤ DRDO એ પ્રથમ વરૂણાસ્ત્ર (હેવી વેઈટ ટોર્પિડો) લોન્ચ કર્યું




- ડિફેન્સ રિસર્ચ ડેવલોપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO) દ્વારા તાજેતરમાં પ્રથમ હેવી વેઈટ ટોર્પિડો **'વરૂણાસ્ત્ર'**ને લોન્ચ કરવામાં આવ્યું હતું.
- આ ટોર્પિડોને ભારતીય નૌકાદળના **વિશાખાપટ્ટનમ યુનિટ BDL દ્વારા ડિઝાઈન અને વિકસિત** કરવામાં આવ્યું હતું.

### વરૂણાસ્ત્ર વિશે

- વરૂણાસ્ત્ર એક શિપ છે જે ઈલેક્ટ્રિકલી પ્રોપેલ્ડ હેવીવેઈટ એન્ટી સબમરિન ટોર્પિડોને શરૂ કરે છે જે અવાજ કે ગતિ વિનાની સબમરીનને લક્ષ્ય બનાવવા માટે સક્ષમ છે.
- તેને છીછરા અને ઊંડા પાણીમાં રાખી શકાય છે.
- **વરૂણાસ્ત્ર એ ભારતનો પ્રથમ ભારે વજનવાળો ટોર્પિડો** છે.
- તેને **સૌપ્રથમ 2016માં ભારતીય નૌકાદળમાં સામેલ** કરવામાં આવ્યો હતો.
- **ટોર્પિડોનું વજન 1500 કિલોગ્રામ** છે.
- **ઓપરેશનલ રેન્જ** : **40 કિલોમીટર**
- ટોર્પિડોની **મહત્તમ ઝડપ પ્રતિ કલાક 74 કિલોમીટર**ની છે.
- વળી, **વરૂણાસ્ત્ર વિશ્વનો એકમાત્ર ટોર્પિડો છે જે GPS આધારિત લોકેટિંગ સહાય ધરાવે છે.**
- ટોર્પિડો **250 કિલોગ્રામના યુદ્ધ સામાનને લઈ જઈ** શકે છે.
- તે **સિલ્વર ઓકસાઈડ ઝિંક બેટરી દ્વારા સંચાલિત** છે.

### ટોર્પિડો શું છે ?

- ટોર્પિડો પાણીની અંદર કામ આવતું હથિયાર છે જે લક્ષ્યની નજીક અથવા લક્ષ્યના સંપર્કમાં હોય ત્યારે વિસ્ફોટ કરવા માટે રચાયેલ છે.

### ભારતીય નૌકાદળના ટોર્પિડોઝ

- **તક્ષક, એડ્વાન્સ્ડ લાઈટ ટોર્પિડો શ્યેના, SMART અને વરૂણાસ્ત્ર** એ ભારતીય નેવીના ટોર્પિડોઝ છે.

## ટોર્પિડો શ્યેના

- <u>એડ્વાન્સ્ડ લાઈટ ટોર્પિડો શ્યેના એક સ્વદેશી લાઈટ વેઈટ એન્ટી સબમરિન</u> છે તે DRDOની નેવલ સાયન્સ એન્ડ ટેક્નોલોજીકલ લેબોરેટરી દ્વારા વિકસાવવામાં આવી હતી.
- શ્યેના મેન્યુફેક્ચરિંગ પ્રોગ્રામની શરૂઆત DRDO દ્વારા 1990ના દાયકામાં કરવામાં આવી હતી.

## SMART ટોર્પિડો

- <u>SMART : Supersonic Missile Assisted Release of Torpedo</u>
- <u>SMART સિસ્ટમની રેન્જ 650 કિમીની</u> છે.
- તે અદ્યતન લાઈવેઈટ ટોર્પિડો છે, જેમાં ટૂ–વે ડેટા લિંક છે.

## BDL

- BDL : ભારત ડાયનામિકસ લિમિટેડ
  સ્થાપના : 1970
  મુખ્યમથક : <u>હૈદરાબાદ (તેલંગાણા)</u>
- BDL એ DRDOની ક્વિક રિએકશન સરફેસ ટુ એર મિસાઈલ બનાવતી ઉત્પાદન એજન્સી છે.



## ICE ? Questions

1. ખોટું વિધાન જણાવો ?

(A) 25 નવેમ્બર : મહિલાઓ સામે હિંસા નાબૂદી માટે આંતરરાષ્ટ્રીય દિવસ

(B) મહિલાઓ સામે હિંસા નાબૂદી માટે આંતરરાષ્ટ્રીય દિવસ 2020ની થીમ 'Fund, Respond, Prevent, Collect'

(C) સક્રિયતાના 16 દિવસની ઉજવણી 25 ઓક્ટોબરથી 10 નવેમ્બર વચ્ચે કરવામાં આવે છે.

(D) 10 ડિસેમ્બર : આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર દિવસ **(C)**

2. 'સોરઠ બાવની'નું સર્જન કોણે કર્યું છે ?

(A) ઝવેરચંદ મેઘાણી (B) દુલા ભાયા કાગ

(C) રમેશ પારેખ (D) એક પણ નહીં **(B)**

3. કેવડિયા ખાતે અખિલ ભારતીય પીઠાસીન અધિકારીઓની દ્વિ–દિવસીય પરિષદનો તાજેતરમાં કોણે પ્રારંભ કરાવ્યો હતો ?

(A) શ્રી નરેન્દ્રભાઈ મોદીએ (B) શ્રી રામનાથ કોવિંદે

(C) શ્રી વેંકૈયા નાયડુએ (D) શ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ **(B)**

4. 'પ્રિસાઈડિંગ ઓફિસર્સ કોન્ફરન્સ'ની શરૂઆત કયા વર્ષમાં કરવામાં આવી હતી ?

(A) 1920 (B) 1947 (C) 1921 (D) 1950 **(C)**

5. નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ ફંડ (NIIF) દ્વારા નીચેના પૈકી કયા ફંડનું સંચાલન કરવામાં આવતું નથી ?

(A) સ્ટ્રેટેજીક ફંડ (B) માસ્ટર ફંડ (C) ફંડ ઓફ ફંડ્સ (D) કેપીટલ ફંડ **(D)**

6. સ્ટ્રેટેજીક ફંડનું સંચાલન કોના દ્વારા કરવામાં આવે છે ?

(A) SBI (B) HDFC (C) SEBI (D) BSE **(C)**

7. ભારત માટે SDG ઈન્વેસ્ટર મેપ તાજેતરમાં કોના દ્વારા શરૂ કરાયો ?
(A) UNDP અને ઈન્વેસ્ટ ઈન્ડિયા (B) UNESCO અને ઈન્વેસ્ટ ઈન્ડિયા
(C) UNDP અને UNESCO (D) ઈન્વેસ્ટ ઈન્ડિયા અને UNGA (A)

8. સસ્ટેનેબલ ડેવલોપમેન્ટ ગોલ (SDG) આધારિત કેટલા લક્ષ્યો નિર્ધારિત કરવામાં આવ્યા છે ?
(A) 16 (B) 17 (C) 18 (D) 6 (B)

9. ભારત કયાં સુધીમાં દેશમાં એકલ ઉપયોગ પ્લાસ્ટિકને નાબૂદ કરવા માટે કટિબદ્ધ છે ?
(A) 2022 (B) 2025 (C) 2030 (D) 2024 (A)

10. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કયા રાજ્યમાં 'હર ઘર નલ યોજના' શરૂ કરી ?
(A) ઉત્તરપ્રદેશ (B) ઉત્તરાખંડ (C) રાજસ્થાન (D) બિહાર (A)

11. તાજેતરમાં ભારતે કયાંથી બ્રહ્મોસ સુપરસોનિક મિસાઈલના લેન્ડ એટેક સંસ્કરણનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું હતું ?
(A) ચાંદીપુર (B) કોઈમ્બતૂર
(C) વ્હીલર ટાપુ (D) આંદામાન–નિકોબાર (D)

12. બ્રહ્મોસ મિસાઈલ રશિયાની કઈ મિસાઈલના આધારે વિકસાવવામાં આવી છે ?
(A) P-70 એમેટીસ્ટ (B) P-270 મોસ્કીટ
(C) P-800 ઓનિકસ (D) P-700 ગ્રેનિટ (C)

13. ભારત કયા વર્ષમાં મિસાઈલ ટેક્નોલોજી કંટ્રોલ રેજીમ (MTCR)નો સભ્ય બન્યો હતો ?
(A) 2015 (B) 2016 (C) 2018 (D) 2019 (B)

14. તાજેતરમાં ભારતે કયા ટોર્પિડોની હેવી વેઈટ શ્રેણીનું લોન્ચિંગ કર્યું હતું ?
(A) તક્ષક (B) શ્યેના (C) SMART (D) વરૂણાસ્ત્ર (D)

15. ભારતનો પ્રથમ ભારે વજનવાળો ટોર્પિડો કયો છે ?
(A) તક્ષક (B) શ્યેના (C) SMART (D) વરૂણાસ્ત્ર (D)

16. તાજેતરમાં લોન્ચ કરવામાં આવેલા ટોર્પિડો વરૂણાસ્ત્રનું વજન કેટલું છે ?
(A) 1200 kg (B) 1700 kg (C) 150 kg (D) 1500 kg (D)

17. ભારત ડાયનામિકસ લિમિટેડનું મુખ્યમથક કયાં આવેલું છે ?
(A) વિશાખાપટ્ટનમ્ (B) હૈદરાબાદ (C) નવી દિલ્હી (D) બેંગાલુરુ (B)

## 26 NOVEMBER, 2020 THURSDAY

➤ **દિવસ મહિમા : 26 નવેમ્બર, (1) રાષ્ટ્રીય બંધારણ દિવસ**
**(2) વિશ્વ માલધારી દિવસ**
**(3) રાષ્ટ્રીય દૂધ દિવસ (National Milk Day)**

### રાષ્ટ્રીય બંધારણ દિવસ

ભારતમાં બંધારણ સભા દ્વારા 26 નવેમ્બર, 1949ના રોજ ભારતીય બંધારણનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.

- આથી, ભારતમાં 26 નવેમ્બર 'રાષ્ટ્રીય બંધારણ દિવસ' તરીકે ઉજવાય છે.
- ભારતમાં રાષ્ટ્રીય બંધારણ દિવસ 'સંવિધાન દિવસ' અથવા તો 'રાષ્ટ્રીય કાયદા દિવસ' તરીકે પણ ઓળખાય છે.
- 26 નવેમ્બર, 2020ના રોજ આ દિવસને 71 વર્ષ પૂરા થયા છે. આથી, 26 નવેમ્બર, 2020ના રોજ ભારતમાં 'રાષ્ટ્રીય બંધારણ દિવસ'ની 71મી વર્ષગાંઠની ઉજવણી કરવામાં આવી છે.




### બંધારણ નિર્માણનો સૌપ્રથમ પ્રયાસ

- ભારતના બંધારણના નિર્માણનો સૌપ્રથમ પ્રયાસ 10 ઓગસ્ટ, 1928ના રોજ રજૂ થયેલા નહેરુ રિપોર્ટમાં થયો હતો.
- આથી 'નહેરુ રિપોર્ટ'ને બંધારણની 'બ્લૂપ્રિન્ટ' કહેવામાં આવે છે.
- આ રિપોર્ટ શ્રી મોતિલાલ નહેરુની અધ્યક્ષતામાં બનેલી એક સમિતિ દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો.

## બંધારણ સભાના અધ્યક્ષ

- ભારતના બંધારણના નિર્માણ માટે બંધારણ સભાની પ્રથમ બેઠક 9 ડિસેમ્બર, 1946ના રોજ નવીદિલ્હીના વર્તમાન સંસદ ભવનના સેન્ટ્રલ હોલમાં મળી હતી.
- બંધારણ સભાની આ પ્રથમ બેઠકમાં બંધારણ સભાના કાર્યકારી અધ્યક્ષ તરીકે ડૉ. સચ્ચિદાનંદ સિન્હાની નિમણૂક કરવામાં આવી હતી.
- જોકે ત્યારબાદ 11 ડિસેમ્બર, 1946ના રોજ ડૉ. રાજેન્દ્ર પ્રસાદ બંધારણ સભાના કાયમી અધ્યક્ષ તરીકે ચૂંટાઈ આવ્યા હતા.

## ઉદ્દેશ પ્રસ્તાવ

- બંધારણ સભામાં 13 ડિસેમ્બર, 1946ના રોજ શ્રી જવાહર લાલ નહેરુ દ્વારા 'ઉદ્દેશ પ્રસ્તાવ' રજૂ કરવામાં આવ્યો હતો.
- 22 જાન્યુઆરી, 1947ના રોજ આ 'ઉદ્દેશ પ્રસ્તાવ' સ્વીકારવામાં આવ્યો. આગળ જતાં આ 'ઉદ્દેશ પ્રસ્તાવ' બંધારણનું 'આમુખ' બન્યો.

## બંધારણ સભાના કાર્યો

- બંધારણ સભાના મુખ્ય બે કાર્યો હતા :

(1) **બંધારણનું નિર્માણ** અને (2) **દેશ માટે સામાન્ય કાયદાઓનું ઘડતર**

- જ્યારે બંધારણ સભા બંધારણના નિર્માણ માટે મળતી હતી ત્યારે તેના અધ્યક્ષ ડૉ. રાજેન્દ્ર પ્રસાદ રહેતા.
- અને બંધારણ સભા જ્યારે દેશ માટે સામાન્ય કાયદાઓનું ઘડતર કરવા માટે મળતી ત્યારે એક ધારાકીય સંસ્થા (અથવા તો સંસદ) તરીકેની તેની ભૂમિકા રહેતી હતી. આ દરમિયાન તેના અધ્યક્ષ શ્રી ગણેશ વાસુદેવ માવળંકર રહેતા હતા.

## ધારાકીય સંસ્થા (સંસદ) તરીકે બંધારણ સભા

- એક ધારાકીય સંસ્થા (અથવા તો સંસદ) તરીકે બંધારણ સભા સૌપ્રથમ વખત 17 નવેમ્બર, 1947ના રોજ મળી હતી અને આ બેઠકમાં જ શ્રી ગણેશ વાસુદેવ માવળંકર સ્પીકર તરીકે ચૂંટાઈ આવ્યા હતા.
- બંધારણ સભા સ્વતંત્ર ભારતની પ્રથમ સંસદ બની હતી.

## મુસદ્દા સમિતિ

- ભારતના બંધારણના ઘડતર માટે અનેક સમિતિઓની રચના કરવામાં આવી હતી. આ તમામ સમિતિઓમાં **મુસદ્દા (અથવા પ્રારૂપ અથવા તો ખરડા) સમિતિ** સૌથી મહત્ત્વની હતી.
- આ સમિતિનું કાર્ય બંધારણનું પ્રારૂપ તૈયાર કરવાનું હતું.
- આ સમિતિમાં કુલ 7 સભ્યો હતા.
- આ સમિતિના અધ્યક્ષ તરીકે ડૉ. બાબાસાહેબ આંબેડકરની નિમણૂક કરવામાં આવી હતી.

## બંધારણ નિર્માણ સ્વીકાર અને અમલ

- બંધારણ સભા દ્વારા કુલ 11 સત્રો યોજીને 2 વર્ષ, 11 મહિના અને 18 દિવસમાં બંધારણ તૈયાર કરવામાં આવ્યું હતું.
- બંધારણના વિવિધ ભાગોના અભ્યાસ માટે બંધારણ સભાની કુલ 166 બેઠકો મળી હતી.
- બંધારણ સભાએ બંધારણનું

  પ્રથમ વાંચન : 17 ઓક્ટોબર, 1949

  બીજું વાંચન : 16 નવેમ્બર, 1949 અને

  ત્રીજું વાંચન : 26 નવેમ્બર, 1949ના રોજ પૂરું કર્યું હતું.

- 26 નવેમ્બર, 1949ના રોજ ભારતીય બંધારણનો સ્વીકાર કરવામાં આવ્યો હતો અને બંધારણ સભાના કુલ 299 સભ્યોમાંથી તે સમયે હાજર 284 સભ્યોએ બંધારણ પર હસ્તાક્ષર કર્યા હતા.
- અને નાગરિકત્વ, ચૂંટણીઓ, કામચલાઉ સંસદ, કામચલાઉ અને પરિવર્તનશીલ જોગવાઈઓ તાત્કાલિક એટલે કે 26 નવેમ્બર, 1949ના રોજ અમલમાં આવી ગઈ.
- ત્યારબાદ 26 જાન્યુઆરી, 1950ના રોજ ભારતના **સંપૂર્ણ બંધારણનો અમલ** કરવામાં આવ્યો.

**નોંધ :** (1) ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે ઈ.સ. 1930ના લાહોર અધિવેશનમાં 26 જાન્યુઆરીને 'પૂર્ણ સ્વરાજ દિવસ' તરીકે ઉજવવાનું નક્કી કર્યું હતું. આથી 26 જાન્યુઆરીના રોજ ભારતનું સંપૂર્ણ બંધારણ લાગુ કરવામાં આવ્યું હતું.

(2) બંધારણ સભા દ્વારા 24 જાન્યુઆરી, 1950ના રોજ ભારતના રાષ્ટ્રગીત અને રાષ્ટ્રગાનનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.

(3) ભારતમાં 26 નવેમ્બર, 1949ના રોજ બંધારણનો સ્વીકાર કરવામાં આવ્યો હતો. આથી ભારતમાં 26 નવેમ્બર 'કાયદા દિવસ' અથવા તો 'બંધારણ દિવસ' તરીકે ઉજવાય છે.

## ભારતીય બંધારણના પરીક્ષાલક્ષી અત્યંત મહત્ત્વના કેટલાક સુધારાઓ

ભારતીય બંધારણના ભાગ-20ના અનુચ્છેદ 368 અનુસાર ભારતના બંધારણમાં સુધારો થઈ શકે છે.

- આ અંતર્ગત 26 નવેમ્બર, 2019 સુધીમાં ભારતના બંધારણમાં કુલ 103 સુધારાઓ થયા છે.
- તાજેતરમાં જનરલ કેટેગરીના આર્થિક રીતે પછાત વર્ગને અનામત આપવા માટે **'બંધારણીય (124મા) સુધારા (પ્રસ્તાવ) વિધેયક 2019'** દ્વારા ભારતના બંધારણમાં 103મો સુધારો કરવામાં આવ્યો છે.ભારતીય બંધારણમાં અત્યાર સુધી થયેલા 103 સુધારાઓમાંથી પરીક્ષાની દષ્ટિએ અત્યંત અગત્યના કેટલાક સુધારાઓ આ પ્રમાણે છે :

### 7મો બંધારણીય સુધારો, 1956

રાજ્ય પુનર્રચના પંચના રિપોર્ટ અનુસાર ભાષાને આધારે રાજ્યોની પુનર્રચના કરવા માટે ભારતના બંધારણમાં આ સુધારો કરવામાં આવ્યો હતો.

- આઝાદી સમયે ભારતમાં ક, ખ, ગ, ઘ એમ કુલ ચાર વર્ગોમાં રાજ્યો અસ્તિત્વમાં હતા.
- આ સાતમા બંધારણીય સુધારાથી ભારતમાં આ ચાર વર્ગોના રાજ્યોની જગ્યાએ નવા 14 રાજ્યો અને 6 કેન્દ્રશાસિત પ્રદેશો અસ્તિત્ત્વમાં આવ્યા.

### 42મો બંધારણીય સુધારો, 1976

બંધારણનો 42મો સુધારો સૌથી મહત્ત્વનો બંધારણીય સુધારો છે. તેને **'મિની કોન્સ્ટીટ્યુશન'** અથવા તો **'લઘુ બંધારણ'** તરીકે પણ ઓળખવામાં આવે છે.

- આ સુધારા દ્વારા શ્રી સ્વર્ણ સિંહ સમિતિની ભલામણો લાગુ કરવામાં આવી હતી. આ સુધારાની કેટલીક મુખ્ય જોગવાઈઓ આ પ્રમાણે છે :
  - (1) બંધારણના આમુખમાં 'સમાજવાદી', 'ધર્મનિરપેક્ષ' અને 'અખંડતા' એમ કુલ નવા ત્રણ શબ્દો ઉમેરાયા.
  - (2) બંધારણમાં નવા ભાગ 4–ક દ્વારા મૂળભૂત ફરજો ઉમેરવામાં આવી.
  - (3) કેબિનેટની સલાહ રાષ્ટ્રપતિ માટે બંધનકર્તા બનાવવામાં આવી.
  - (4) લોકસભા અને વિધાનસભા કાર્યકાળને 5 વર્ષથી 6 વર્ષ કરાયા.
  - (5) બંધારણીય સુધારાઓને ન્યાયિક તપાસમાંથી મુક્ત કરવામાં આવ્યા.
  - (6) ત્રણ નવા માર્ગદર્શક સિદ્ધાંતનો ઉમેરો.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## 44મો બંધારણીય સુધારો, 1978

42મા બંધારણીય સુધારા દ્વારા લાગુ કરવામાં આવેલી કેટલીક જોગવાઈઓને રદ કરવા માટે જનતા સરકાર દ્વારા આ 44મો બંધારણીય સુધારો કરવામાં આવ્યો હતો. જેની કેટલીક મુખ્ય જોગવાઈઓ આ પ્રમાણે છે :

(1) લોકસભા અને વિધાનસભાની મુદત પૂર્વવત્ 5 વર્ષ કરવામાં આવી.

(2) રાષ્ટ્રીય કટોકટીના સંદર્ભમાં 'આંતરિક અશાંતિ' શબ્દની જગ્યાએ 'સશસ્ત્ર વિદ્રોહ' શબ્દ ઉમેરવામાં આવ્યો.

(3) ફક્ત કેબિનેટની લેખિત ભલામણ દ્વારા જ રાષ્ટ્રપતિ રાષ્ટ્રીય કટોકટીની જાહેરાત કરી શકે તેવી જોગવાઈ કરવામાં આવી.

(4) મૂળભૂત અધિકારોની યાદીમાંથી સંપત્તિનો અધિકાર સમાપ્ત કરવામાં આવ્યો અને તેને ફક્ત કાનૂની અધિકાર બનાવવામાં આવ્યો.

(5) રાષ્ટ્રીય કટોકટી વખતે અનુચ્છેદ 20 અને 21 દ્વારા આપવામાં આવેલા મૂળભૂત અધિકારો પર રોક લગાવી શકાશે નહિ.

## 52મો બંધારણીય સુધારો, 1985

આ સુધારો પક્ષ–પલટા વિરોધી કાયદા તરીકે ઓળખાય છે. આ સુધારા દ્વારા બંધારણમાં 10મી અનુસૂચિ જોડવામાં આવી. તેમાં સંસદ કે વિધાનસભાનો કોઈ સભ્ય પક્ષ બદલે તો તેનું સભ્યપદ સમાપ્ત કરવાની જોગવાઈ છે.

## 61મો બંધારણીય સુધારો, 1989

આ સુધારાથી મતાધિકારની વય મર્યાદા 21 વર્ષથી ઘટાડીને 18 વર્ષ કરવામાં આવી.

## 73મો બંધારણીય સુધારો, 1992

આ સુધારાથી પંચાયતીરાજ વ્યવસ્થા અમલમાં આવી. આ માટે બંધારણમાં ભાગ-9 અને પરિશિષ્ટ-11 ઉમેરવામાં આવ્યા.

## 74મો બંધારણીય સુધારો, 1992

આ સુધારા દ્વારા નગરપાલિકા (શહેરી સ્થાનિક સંસ્થાઓ)ને બંધારણીય સ્થિતિ અને સુરક્ષા આપવામાં આવી. આ માટે બંધારણમાં ભાગ-9ક અને પરિશિષ્ટ-12 ઉમેરવામાં આવ્યા.

## 86મો બંધારણીય સુધારો, 2002

આ સુધારા દ્વારા 6 થી 14 વર્ષના બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો મૂળભૂત અધિકાર આપવામાં આવ્યો. આ માટે બંધારણમાં અનુચ્છેદ-21(ક) તથા 51(ક)(ઢ) ઉમેરવામાં આવી. જેના દ્વારા નવી 11મી મૂળભૂત ફરજ અસ્તિત્વમાં આવી.

## 93મો બંધારણીય સુધારો, 2006

આ સુધારા દ્વારા સામાજિક અને શૈક્ષણિક દષ્ટિએ પછાતો માટે એટલે કે અન્ય પછાત વર્ગ (OBC) માટે શૈક્ષણિક સંસ્થાઓમાં અનામતની વ્યવસ્થા કરવામાં આવી. આ માટે અનુચ્છેદ-15માં પરિવર્તન કરવામાં આવ્યું.

## 94મો બંધારણીય સુધારો, 2011

આ સુધારા દ્વારા ભારતમાં સહકારી મંડળીઓને બંધારણીય સ્થાન અને સંરક્ષણ આપવામાં આવ્યું.

## 101મો બંધારણીય સુધારો, 2016

ભારતમાં GST (ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ) લાગુ કરવા માટે આ સુધારો કરવામાં આવ્યો છે.

## 103મો બંધારણીય સુધારો, 2019

ભારતમાં જનરલ કેટેગરીના આર્થિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને સરકારી નોકરીઓ તથા શિક્ષણ સંસ્થાઓમાં અનામત આપવા માટે તાજેતરમાં આ સુધારો કરવામાં આવ્યો છે. આ માટે બંધારણમાં અનુચ્છેદ 15(6) અને 16(6) ઉમેરવામાં આવી છે.

# ડૉ. બાબાસાહેબ આંબેડકર



| | | |
|---|---|---|
| જન્મ | : | 14 એપ્રિલ, 1891 |
| જન્મ સ્થળ | : | મહુ (મધ્યપ્રદેશ) |
| પૂરું નામ | : | ડૉ. ભીમરાવ રામજીભાઈ આંબેડકર |
| હુલામણું નામ | : | ડૉ. બાબાસાહેબ આંબેડકર |
| પિતાનું નામ | : | શ્રી રામજીભાઈ સકપાલ |
| માતાનું નામ | : | શ્રીમતી ભીમાબાઈ |
| મૂળ વતન | : | અંબાવાડે ગામ, જિલ્લો રત્નાગિરી (મહારાષ્ટ્ર) |
| પુરસ્કાર | : | ભારત રત્ન (એપ્રિલ, 1990) |

## અભ્યાસ

(1) મુંબઈની એલ્ફીન્સ્ટન હાઈસ્કૂલમાંથી 1907માં મેટ્રીકની પરીક્ષા પાસ કરી.

(2) વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડની સહાયથી મુંબઈની એલ્ફીન્સ્ટન કોલેજમાં અભ્યાસ કરી 1912માં અંગ્રેજી મુખ્ય વિષય સાથે બી.એ.ની પરીક્ષા પાસ કરી.

(3) મહારાજા સયાજીરાવ ગાયકવાડની સહાયથી અમેરિકાના ન્યુયોર્કની કોલંબિયા યુનિવર્સિટીમાં અભ્યાસ કરી 'પ્રાચીન ભારતીય વ્યાપાર' વિષય ઉપર મહાનિબંધ લખી 1915માં કોલંબિયા યુનિવર્સિટીની એમ. એ.ની ઉચ્ચ પદવી પ્રાપ્ત કરી.

(4) 1916માં 'બ્રિટીશ ભારતમાં મુલ્કી અર્થવ્યવસ્થાનો વિકાસ' વિષય ઉપર મહાનિબંધ લખી કોલંબિયા યુનિવર્સિટીમાંથી પીએચ.ડી.ની. ડિગ્રી મેળવીને શ્રી ભીમરાવ આંબેડકર ડૉ. ભીમરાવ આંબેડકર બન્યા.

(5) ઈંગ્લેન્ડમાં કાયદાનો તથા અર્થશાસ્ત્રનો અભ્યાસ કરી 1923માં બેરિસ્ટર થયા. અને ડૉ. આંબેડકરને તેમના મહાનિબંધ 'રૂપિયાનો પ્રશ્ન' વિષય પર લંડન યુનિવર્સિટીએ તેમને "ડોકટર ઓફ સાયન્સ"ની ઉચ્ચ ડિગ્રી એનાયત કરી.

(6) લંડનમાં અભ્યાસ પૂર્ણ કરી તેમણે જર્મનીની પ્રસિદ્ધ બોન યુનિવર્સિટીમાં અભ્યાસ શરૂ કર્યો. પરંતુ ત્યાં લાંબો સમય ન રહયા અને ભારત પરત ફર્યા.

(7) જૂન 1928માં મુંબઈની ગવર્નમેન્ટ લો કોલેજમાં કાયદાના પ્રોફેસર તરીકે જોડાયા અને વિદ્યાર્થીઓમાં ખૂબ જ પ્રિય બન્યા.

## રાષ્ટ્રના વિકાસમાં ડો. બાબાસાહેબ આંબેડકરનું યોગદાન

ડો. બાબાસાહેબ આંબેડકરનું ભારતના વિકાસમાં અમૂલ્ય યોગદાન છે. એક અર્થશાસ્ત્રી, સમાજશાસ્ત્રી, શિક્ષણશાસ્ત્રી અને કાયદાના જાણકાર તરીકે ડો. બાબાસાહેબ આંબેડકરે આધુનિક ભારતના વિકાસનો પાયો નાંખ્યો હતો.

- તેમણે ભારતીય બંધારણનો ડ્રાફ્ટ (પ્રારૂપ) તૈયાર કર્યું અને તેઓ 'ભારતીય બંધારણના પિતા' તરીકે ઓળખાયા.
- આર્થિક અને શૈક્ષણિક દષ્ટિએ વંચિત વર્ગોના વિકાસ માટે ઈ.સ. 1923માં 'બહિષ્કૃત હિતકારીણી સભા'ની સ્થાપના કરી.
- ભારતમાંથી જાતિવાદને નાબૂદ કરવા માટે સામાજિક આંદોલનો ચલાવ્યા.
- જળ સંશાધનો માટેની અસ્પૃશ્યતા દૂર કરવા માટે 1927માં મહારાષ્ટ્રના મહાડમાં પ્રદર્શનનું નેતૃત્વ કર્યું.
- 1930માં મહારાષ્ટ્રના નાસિકમાં કાલારામ મંદિરમાં પ્રવેશ માટે આંદોલનનું નેતૃત્વ કર્યું.
- સપ્ટેમ્બર 1931માં મળેલી બીજી ગોળમેજી પરિષદમાં ભારતના આર્થિક અને શૈક્ષણિક રીતે વંચિત વર્ગોના ઉદ્ધાર માટે અલગ મતાધિકાર અને અલગ અનામત બેઠકોની માંગણી કરી.
- ઓગસ્ટ 1936માં 'સ્વતંત્ર મજૂર પક્ષ'ની સ્થાપના કરી.
- 1940માં તેમનું 'પાકિસ્તાન ઉપર વિચારો' પુસ્તક પ્રકાશિત થયું.
- આ ઉપરાંત 'શુદ્રો કોણ હતા ?' નામનું પુસ્તક લખ્યું અને પ્રકાશિત કરાવ્યું.
- 20 જુલાઈ, 1942ના રોજ તેમણે ભારતના વાઈસરોયની કેબિનેટમાં લેબર મેમ્બર તરીકેનો ચાર્જ સંભાળ્યો. અને સરકારના લેબર મેમ્બર તરીકે તેમણે 'પીપલ્સ એજ્યુકેશન સોસાયટી'ના નેજા હેઠળ મુંબઈમાં સિદ્ધાર્થ કોલેજની શરૂઆત કરી.
- ડૉ. બાબાસાહેબ આંબેડકરના પ્રયાસોને કારણે જ 29 એપ્રિલ, 1947ના રોજ બંધારણ સભાએ કાયદા દ્વારા સમગ્ર ભારતમાંથી અસ્પૃશ્યતાને નાબુદ થયેલી જાહેર કરી હતી.

- 3 ઓગસ્ટ, 1947ના રોજ ભારતની વચગાળાની સરકાર રચાઈ. તેમાં ડો. બાબાસાહેબ આંબેડકર ભારતના પ્રથમ કાયદા પ્રધાન બન્યા.
- 29 ઓગસ્ટ, 1947ના રોજ ભારતીય બંધારણની રચના માટે 'ડ્રાફ્ટીંગ સમિતિ'ના પ્રમુખ તરીકે તેમની નિમણૂક કરવામાં આવી હતી.
- તેમણે આઝાદ ભારતના નવા બંધારણનો ડ્રાફ્ટ તૈયાર કર્યો અને 26 નવેમ્બર, 1949ના રોજ બંધારણ સભા દ્વારા આ બંધારણનો સ્વીકાર કરવામાં આવ્યો.
- ભારતીય રીઝર્વ બેંક (RBI)ની સ્થાપના તેમના વિચારોથી જ થઈ હતી.
- ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રેરણાથી જ ભારતના 'નાણા આયોગ' (Finance commission)ની સ્થાપના થઈ હતી.
- દામોદર ઘાટી યોજના, હીરાકુંડ યોજના અને સોન નદી યોજના જેવા 8 મોટા બંધોના નિર્માણમાં પણ ડો. બાબાસાહેબ આંબેડકરની મહત્ત્વની ભૂમિકા હતી.
- ભારતમાં Employment Exchangeની સ્થાપના પણ ડો. બાબાસાહેબ આંબેડકરના વિચારોથી જ થઈ હતી.
- ભારતમાં પાણી અને વીજળીની Grid Systemની સ્થાપનામાં પણ ડો. બાબાસાહેબ આંબેડકરનું મહત્ત્વનું યોગદાન છે.
- ભારતને ' સ્વતંત્ર ચૂંટણી પંચ'ની ભેટ પણ ડો. બાબાસાહેબ આંબેડકરે જ આપી છે.

**નોંધ:** (1) 5 જૂન, 1952ના રોજ અમેરિકાના ન્યુયોર્કની કોલંબિયા યુનિવર્સિટીએ તેમને સર્વોચ્ચ એવી "ડોકટર એટ લો"ની પદવી આપી હતી.

(2) 12 જાન્યુઆરી, 1953ના રોજ ભારતની ઓસ્માનિયા યુનિવર્સિટીએ ડો. બાબાસાહેબ આંબેડકરને "ડોકટર ઓફ લીટરેચર"ની ઉચ્ચ પદવીથી સન્માનિત કર્યા હતા.

(3) અને અંતે 6 ડિસેમ્બર, 1956ની વહેલી સવારે દિલ્હી ખાતે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા.

(4) 13 એપ્રિલ, 2018ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે નવી દિલ્હી ખાતે ડો. આંબેડકર રાષ્ટ્રીય સ્મારકનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## પંચતીર્થ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ <u>ડૉ. બાબાસાહેબ આંબેડકર</u> સાથે સંકળાયેલા <u>પાંચ સ્થળો</u>ને <u>'પંચતીર્થ'</u> તરીકે જાહેર કરી તેનો વિકાસ કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

**ડૉ. બાબાસાહેબ આંબેડકર સાથે સંકળાયેલા પંચતીર્થ**

| ક્રમ | સ્થળ | વિશેષતા |
|---|---|---|
| 1 | મહુ (મધ્યપ્રદેશ) | જન્મભૂમિ |
| 2 | નાગપુર (મહારાષ્ટ્ર) | દીક્ષા ભૂમિ |
| 3 | લંડન (ઈંગ્લેન્ડ) | ઈંગ્લેન્ડમાં નિવાસ સ્થાન(ડૉ. આંબેડકર સ્મારક નિવાસ) |
| 4 | અલિપુર રોડ (દિલ્હી) | મહાપરિનિર્વાણ ભૂમિ |
| 5 | મુંબઈ (મહારાષ્ટ્ર) | ચૈત્ય ભૂમિ |

## રાષ્ટ્રીય દૂધ દિવસ

ભારતમાં દર વર્ષે <u>26 નવેમ્બર</u>ના રોજ <u>'રાષ્ટ્રીય દૂધ દિવસ' (National Milk Day)</u>ની ઉજવણી કરવામાં આવે છે.

- ભારતમાં <u>શ્વેત ક્રાંતિ</u>ના પ્રણેતા <u>ડૉ. વર્ગીસ કુરિયન</u>ની યાદમાં તેમનો જન્મદિન <u>26 નવેમ્બર</u> ભારતમાં '<u>રાષ્ટ્રીય દૂધ દિવસ</u>' તરીકે ઉજવાય છે.
- ડૉ. વર્ગીસ કુરિયનનો જન્મ <u>26 નવેમ્બર 1921</u>ના રોજ <u>કેરળ</u>ના <u>કાલિકટ</u> (વર્તમાન <u>કોઝિકોડ</u>) ખાતે થયો હતો.
- <u>ડૉ. વર્ગીસ કુરિયન</u> ભારતમાં <u>શ્વેત ક્રાંતિના પિતા</u> ગણાય છે. તેમણે ભારતમાં શરૂ કરેલા વિશ્વના સૌથી મોટા ડેરી વિકાસ કાર્યક્રમ '<u>ઓપરેશન ફ્લડ</u>'ને કારણે ભારત 1998માં અમેરિકાને પાછળ રાખીને વિશ્વનો સૌથી વધુ દૂધ ઉત્પન્ન કરતો દેશ બન્યો હતો.

**નોંધ :**(1) ભારતમાં પ્રથમ 'રાષ્ટ્રીય દૂધ દિવસ' <u>26 નવેમ્બર, 2014</u>ના રોજ ઉજવવામાં આવ્યો હતો.

(2) ભારતમાં <u>26 નવેમ્બર</u>ના રોજ <u>'રાષ્ટ્રીય દૂધ દિવસ'</u> ઉજવાય છે. જ્યારે <u>'વિશ્વ દૂધ દિવસ' (World Milk Day)</u> <u>1 જૂન</u>ના રોજ ઉજવાય છે.

## ➢ કોંગ્રેસના પથદર્શક એહમદ પટેલનું નિધન



- કોંગ્રેસના પથદર્શક મનાતા રાજ્યસભાના સાંસદ અને કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીના લાંબા સમયથી રાજકીય સલાહકાર એવા વરિષ્ઠ નેતા એહમદ પટેલનું ગુરૂગ્રામની મેદાંતા હોસ્પિટલમાં નિધન થયું હતું.
- એહમદ પટેલ 71 વર્ષના હતા.
- તેમની દફનવિધિ ગુજરાતના ભરૂચ જિલ્લાના તેમના વતન પિરામણ ગામ ખાતે કરાઈ હતી.
- પિરામણ ગામમાં લોકો તેમને 'બાબુભાઈ'ના હુલામણા નામે ઓળખતા હતા.

### ભરૂચ-નર્મદા જિલ્લાના વિકાસમાં એહમદ પટેલનો અગત્યનો ફાળો

- ભરૂચ કેબલબ્રિજ અને સરદાર સરોવર નર્મદા ડેમના કામોમાં તેઓનું મહત્ત્વપૂર્ણ યોગદાન હતું.
- દહેજમાં IPCL (Indian Petrochemicals Corporation Limited) પ્રોજેક્ટનો પાયો પૂર્વ પ્રધાનમંત્રી રાજીવગાંધીને બોલાવી નાંખવાનું કામ પણ અહેમદ પટેલના ફાળે જાય છે.
- અંકલેશ્વરમાં વિશ્વની સૌથી મોટી GIDC સ્થાપવામાં પણ અહેમદ પટેલનો સિંહફાળો રહયો છે.
- તેઓએ નર્મદા જિલ્લાના 'વાંદરી' ગામને દત્તક લીધું હતું. 'સાંસદ આદર્શ ગ્રામ યોજના (SAGY)' અંતર્ગત તેઓએ આ ગામને દત્તક લીધું હતું.

## ➢ જૈવ વિવિધતા સંરક્ષણ અંગે ભારત-ફિનલેન્ડે MoU પર હસ્તાક્ષર કર્યા

- 26 નવેમ્બર, 2020ના રોજ ભારત અને ફિનલેન્ડ વચ્ચે જૈવવિવિધતા સંરક્ષણ અને પર્યાવરણ સંરક્ષણના ક્ષેત્રમાં મેમોરેન્ડમ ઓફ અંડરસ્ટેન્ડિંગ (MoU) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- આ સમજૂતી પત્ર પર પર્યાવરણ પ્રધાન પ્રકાશ જાવડેકર અને ફિનલેન્ડના તેના સમકક્ષ ક્રિસ્ટા મિક્કોનેન દ્વારા હસ્તાક્ષરો થયા હતા.
- આ સમજૂતી પત્ર મુજબ, બંને દેશો હવા અને જળ પ્રદૂષણનું રોકથામ, કચરાનું સંચાલન, લો–કાર્બન સોલ્યુશન્સ, કુદરતી સંસાધનોનું ટકાઉ સંચાલન જેવા ક્ષેત્રોમાં તેમના શ્રેષ્ઠ પ્રયાસોની આપ–લે કરશે.

- બંને દેશો વચ્ચે સમાનતા, આદાનપ્રદાન અને પરસ્પર લાભના આધારે પર્યાવરણીય સંરક્ષણ અને જૈવવિવિધતા સંરક્ષણના ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહકાર વિકસાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. તે ટકાઉ વિકાસના પ્રોત્સાહનમાં મદદ કરશે.
- **પર્યાવરણ મંત્રીશ્રી પ્રકાશ જાવડેકરે કરાર પર હસ્તાક્ષર કરતી વખતે નીચેની ઘોષણાઓ કરી હતી :**
- વર્ષ 2020માં ભારતે 2005ના સ્તરની તુલનામાં GDPના ઉત્સર્જનની તીવ્રતામાં 21% ઘટાડો કરવાનો સ્વૈચ્છિક લક્ષ્યાંક હાંસલ કર્યો હતો.
- 2030ના પૂર્વે ભારતે તેના કાર્બન ઉત્સર્જનને 35% સુધી ઘટાડવાનું લક્ષ્ય રાખ્યું છે.
- પેરિસ કરાર અંતર્ગત, ભારત 2030 સુધીમાં નોન–અશ્મિભૂત ઈંધણ પર આધારિત 40% ઈલેક્ટ્રિક પાવર ઈન્સ્ટોલેશન પ્રાપ્ત કરવા કટિબદ્ધ થયું છે.

### ભારત-ફિનલેન્ડ

- ભારત અને ફિનલેન્ડ વચ્ચેના **રાજદ્વારી** સંબંધોની **સ્થાપના 1949**માં થઈ હતી.
- ભારત અને ફિનલેન્ડ વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર વર્ષ 2016-17માં 1.284 અબજ ડોલર હતો.
- ભારત મુખ્યત્વે ખનિજ ઈંધણ, ઈલેક્ટ્રોનિક સામાન, ખનિજ તેલ, કપાસ, લોખંડ અને સ્ટીલ, મશીનરી ઉપકરણોની નિકાસ કરે છે.

**ICE FACT :**

- ફિનલેન્ડની રાજધાની : **હેલસિન્કી**
- ફિનલેન્ડ એ **નોર્ડિક દેશ** છે.
- નોર્ડિક દેશો ભૌગોલિક રીતે મુખ્યત્વે ઉત્તર યુરોપના દેશો છે.

## ➤ પીએમ મોદીએ 'RE-ઈન્વેસ્ટ 2020'નું ઉદ્દઘાટન કર્યું

- 26 નવેમ્બર, 2020ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ RE-ઈન્વેસ્ટ નામના ત્રીજા **'રિન્યૂએબલ એનર્જી ઈન્વેસ્ટ'**નું ઉદ્દઘાટન કર્યું હતું.
- ભારત સરકારના **નવા અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલય** દ્વારા ત્રીજા 'RE–ઈન્વેસ્ટ' રિન્યૂએબલ એનર્જી ઈન્વેસ્ટર્સ મીટ & એકસ્પોનું આયોજન કરવામાં આવ્યું હતું.
- તે વર્ચ્યુઅલ પ્લેટફોર્મ પર 26-28 નવેમ્બર, 2020 સુધી યોજવામાં આવ્યું હતું.

## RE-ઈન્વેસ્ટ 2020ની Theme

- theme : <u>'ઈનોવેશન્સ ફોર સસ્ટેનેબલ એનર્જી ટ્રાન્ઝીશન' (ટકાઉ ઊર્જા સંક્રમણ માટે નવીનતાઓ)</u>
- કોવિડ-19ને કારણે 2019ની તુલનામાં નવીનીકરણીય ઊર્જા પ્રોજેકટના વિકાસની ગતિમાં નોંધપાત્ર વિક્ષેપ સર્જાયો છે અને ઘટાડો થયો હતો.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ ઈન્વેસ્ટનું ઉદઘાટન અને સંબોધન વર્ચ્યુઅલ કર્યું હતું.

## RE-Investના ભાગીદાર દેશો

- ઓસ્ટ્રેલિયા
- માલદીવ્સ
- ફ્રાંસ
- યુરોપિયન યુનિયન
- ડેનમાર્ક
- યુ.એસ.
- જર્મની
- યુ.કે.

## RE-Investના ભાગીદાર રાજ્યો

- ગુજરાત, મધ્યપ્રદેશ, હિમાચલ પ્રદેશ, રાજસ્થાન, તમિલનાડુ

## નવીનીકરણીય ઊર્જા ક્ષેત્રે ભારતના પ્રયાસો

- <u>PM-KUSUM</u> યોજના દ્વારા <u>20 લાખ ડીઝલ પંપને સોલાર પંપથી</u> બદલવામાં આવ્યા છે.
- <u>ભારતે 2022 સુધીમાં 175 GW અને 2030 સુધીમાં 450 GW નવીનીકરણીય ઊર્જા મેળવવાનું મહત્ત્વાકાંક્ષી લક્ષ્ય</u> રાખ્યું છે.
- <u>આંતરરાષ્ટ્રીય સોલાર એલાયન્સ (ISA)</u> દ્વારા ભારત <u>'વન સન, વન વર્લ્ડ'</u> તરફ અગ્રેસર છે.



Kisan Urja Suraksha Utthaan Maha Abhiyaan (KUSUM )

## ➤ ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓ માટે રાષ્ટ્રીય પોર્ટલ શરૂ કરાયું

- ભારત સરકારે ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓ માટે રાષ્ટ્રીય પોર્ટલ શરૂ કર્યું છે.
- તે ટ્રાન્સજેન્ડર સમુદાયને ઓળખકાર્ડ અને પ્રમાણપત્ર મેળવવા માટે ઓનલાઈન અરજી કરવા માટે મદદ કરશે.
- તે ટ્રાન્સજેન્ડર પર્સન્સ (પ્રોટેક્શન ઓફ રાઈટ્સ) રૂલ્સ, 2020 હેઠળ વિકસાવવામાં આવ્યું હતું.
- આ પોર્ટલનો મોટો ફાયદો એ છે કે આ પોર્ટલ ટ્રાન્સજેન્ડર્સ વ્યક્તિને કોઈપણ શારીરિક ઈન્ટરફેસ વિના પ્રમાણપત્ર મેળવવામાં મદદ કરશે.
- ઉપરાંત આ પોર્ટલ ટ્રાન્સજેન્ડરર્સને તેમની સ્વયં–માન્યતા ઓળખ મેળવવા માટે પણ મદદ કરશે જે ટ્રાન્સજેન્ડર પર્સન્સ (પ્રોટેક્શન ઓફ રાઈટ્સ) એક્ટ, 2019ની મહત્ત્વપૂર્ણ જોગવાઈ છે.

## ટ્રાન્સજેન્ડર પર્સન્સ (પ્રોટેક્શન ઓફ રાઈટ્સ) એક્ટ, 2019ની મુખ્ય લાક્ષણિકતાઓ

- આ અધિનિયમ મુજબ, ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓ એવી કોઈ વ્યક્તિઓ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવી છે કે જેનું લિંગ જન્મ દરમ્યાન સોંપાયેલ લિંગ સાથે મેળ ખાતું નથી.
- આ અધિનિયમ શિક્ષણ, રોજગાર, આરોગ્ય-સંભાળ, આવાસ અને અન્ય સેવાઓમાં ટ્રાન્સજેન્ડર્સ સામેના ભેદભાવને અટકાવે છે.
- તે આદેશ આપે છે કે વ્યક્તિ ઓળખ કાર્ડના આધારે 'ટ્રાન્સજેન્ડર્સ' તરીકે ઓળખાશે. જિલ્લા મેજિસ્ટ્રેટ્સ દ્વારા તેનું ઓળખપત્ર જારી કરવામાં આવે છે.
- તે નિવાસના મામૂલી અધિકારને લાગુ કરે છે.
- તે 18 વર્ષથી નીચેના ટ્રાન્સજેન્ડર્સને તેમના પરિવાર સાથે રહેવા માટે ભાર મૂકે છે.
- આ અધિનિયમ મુજબ ટ્રાન્સજેન્ડર્સનો એ અધિકાર છે કે તે સેક્સ રિઅસાઈનમેન્ટ સર્જરી કરાવી શકે છે. સાથે–સાથે અન્ય સ્વાસ્થ્ય સુવિધાઓનો દાવો કરવો પણ તેમનો અધિકાર છે.

## નેશનલ કાઉન્સિલ ફોર ટ્રાન્સજેન્ડર પર્સન

- આ કાઉન્સિલ કેન્દ્ર સરકારને પ્રોગ્રામ્સ, નીતિઓ, કાયદાઓ અને પ્રોજેક્ટ્સ ઘડવાની સલાહ આપે છે.
- તે ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓની સંપૂર્ણ ભાગીદારી માટે રચાયેલ નીતિઓ અને કાર્યક્રમોની અસરનું નિરીક્ષણ અને મૂલ્યાંકન કરે છે.
- તે ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓની ફરિયાદોનું નિવારણ કરે છે.

## કાઉન્સિલની રચના

- **અધ્યક્ષ : સામાજિક ન્યાય અને અધિકારીતા પ્રધાન,**
- **ટ્રાન્સજેન્ડર સમુદાયના સભ્ય,**
- **નીતિ આયોગના સભ્ય,**
- **મહિલા રાષ્ટ્રીય આયોગના સભ્ય,**
- **રાષ્ટ્રીય માનવાધિકાર આયોગના સભ્ય,**
- તેમાં **કેન્દ્રશાસિત પ્રદેશો અને રાજ્યોના પ્રતિનિધિઓ પણ રોટેશનલ આધાર પર સમાવિષ્ટ** હોય છે.



## ICE Questions

| | | |
|---|---|---|
| 1. | 'વિશ્વ માલધારી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?<br>(A) 24 નવેમ્બર (B) 25 નવેમ્બર (C) 26 નવેમ્બર (D) 27 ડિસેમ્બર | (C) |
| 2. | 'રાષ્ટ્રીય દૂધ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?<br>(A) 24 નવેમ્બર (B) 25 નવેમ્બર (C) 26 નવેમ્બર (D) 27 નવેમ્બર | (C) |
| 3. | 'વિશ્વ દૂધ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?<br>(A) 26 નવેમ્બર (B) 1 જૂન (C) 11 જૂન (D) 21 જૂન | (B) |
| 4. | ભારતમાં 'રાષ્ટ્રીય બંધારણ દિવસ' અથવા તો 'રાષ્ટ્રીય કાયદા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?<br>(A) 24 નવેમ્બર (B) 25 નવેમ્બર (C) 26 નવેમ્બર (D) 27 નવેમ્બર | (C) |
| 5. | 28 નવેમ્બર, 2020ના રોજ ભારતમાં 'રાષ્ટ્રીય બંધારણ દિવસ'ની કેટલામી વર્ષગાંઠની ઉજવણી કરવામાં આવી છે ?<br>(A) 68મી (B) 69મી (C) 70મી (D) 71મી | (D) |
| 6. | ભારતમાં બંધારણ સભા દ્વારા ભારતના બંધારણનો સ્વીકાર ક્યારે કરવામાં આવ્યો હતો ?<br>(A) 26 નવેમ્બર, 1948 (B) 26 નવેમ્બર, 1949<br>(C) 26 નવેમ્બર, 1950 (D) 26 નવેમ્બર, 1951 | (B) |
| 7. | બંધારણ સભાના કાર્યકારી અધ્યક્ષ કોણ હતા ?<br>(A) શ્રી મોતીલાલ નહેરૂ (B) શ્રી જે. બી. કૃપલાણી<br>(C) ડો. સચ્ચિદાનંદ સિન્હા (D) ડો. ભીમરાવ આંબેડકર | (C) |
| 8. | મુસદ્દા સમિતિમાં કુલ કેટલા સભ્યો હતા ?<br>(A) 7 (B) 8 (C) 6 (D) 4 | (A) |
| 9. | કેટલામા બંધારણીય સુધારાથી મતાધિકારની વય મર્યાદા 21 વર્ષથી ઘટાડીને 18 વર્ષ કરવામાં આવી હતી ?<br>(A) 61મા (B) 71મા (C) 89મા (D) 91મા | (A) |
| 10. | ડો. વર્ગીસ કુરિયનનો જન્મ કયા રાજ્યમાં થયો હતો ?<br>(A) તમિલનાડુ (B) આંધ્રપ્રદેશ (C) કર્ણાટક (D) કેરળ | (D) |

**11.** ડો. બાબા સાહેબ આંબેડકરનું મૂળવતન કયા રાજ્યમાં આવેલ છે ?
(A) મધ્યપ્રદેશ (B) મહારાષ્ટ્ર (C) દિલ્હી (D) આંધ્રપ્રદેશ **(B)**

**12.** તાજેતરમાં કોંગ્રેસના પીઢનેતા એહમદ પટેલનું નિધન થયું હતું, તેઓએ દત્તક લીધેલ 'વાંદરી' ગામ કયા જિલ્લામાં આવેલ છે ?
(A) ભરૂચ (B) નર્મદા (C) નવસારી (D) તાપી **(B)**

**13.** તાજેતરમાં ભારતે કયા દેશ સાથે જૈવ વિવિધતા સંરક્ષણ અંગે MoU પર હસ્તાક્ષર કર્યા હતા ?
(A) સ્કોટલેન્ડ (B) નેધરલેન્ડ (C) સિંગાપુર (D) ફિનલેન્ડ **(D)**

**14.** 'RE-Invest 2020'નું ઉદ્દઘાટન તાજેતરમાં કોના દ્વારા કરવામાં આવ્યું હતું ?
(A) રાષ્ટ્રપતિ દ્વારા (B) વડાપ્રધાન દ્વારા
(C) નવા અને નવીનીકરણીય ઊર્જામંત્રી દ્વારા (D) ઉપરાષ્ટ્રપતિ દ્વારા **(B)**

**15.** 'RE-Invest' મીટ & એકસ્પોનું આયોજન કયા મંત્રાલય દ્વારા કરવામાં આવ્યું હતું ?
(A) નાણા મંત્રાલય (B) પર્યાવરણ મંત્રાલય
(C) નવા અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલય (D) શહેરી વિકાસ મંત્રાલય **(C)**

**16.** 'RE-Invest 2020'ની થીમ જણાવો ?
(A) ઈનોવેશન ફોર સસ્ટેનેબલ એનર્જી ટ્રાન્ઝીશન
(B) ઈનોવેશન ફોર સસ્ટેનેબલ એનર્જી કન્વર્ઝેશન
(C) ઈનોવેશન ફોર સસ્ટેનેબલ એનર્જી
(D) ઈનોવેશન ફોર રિન્યૂએબલ એનર્જી **(A)**

**17.** 'RE-Invest'ના ભાગીદાર રાજ્યોમાં નીચેના પૈકી કયા રાજ્યનો સમાવેશ થતો નથી ?
(A) ગુજરાત (B) મહારાષ્ટ્ર (C) મધ્યપ્રદેશ (D) હિમાચલપ્રદેશ **(B)**

**18.** ભારતે 2030 સુધીમાં કેટલી નવીનીકરણીય ઊર્જા મેળવવાનું મહત્ત્વાકાંક્ષી લક્ષ્ય રાખ્યું છે ?
(A) 175 GW (B) 200 GW (C) 450 GW (D) 350 GW **(C)**

**19.** તાજેતરમાં ભારત સરકારે ટ્રાન્સજેન્ડર વ્યકિતઓ માટે રાષ્ટ્રીય પોર્ટલ શરૂ કર્યું છે, આ પોર્ટલ કયા રૂલ્સ હેઠળ વિકસાવવામાં આવ્યું છે ?
(A) ટ્રાન્સજેન્ડર પર્સન્સ (પ્રોટેકશન ઓફ રાઈટ્સ) રૂલ્સ, 2016
(B) ટ્રાન્સજેન્ડર પર્સન્સ (પ્રોટેકશન ઓફ રાઈટ્સ) રૂલ્સ, 2018
(C) ટ્રાન્સજેન્ડર પર્સન્સ (પ્રોટેકશન ઓફ રાઈટ્સ) રૂલ્સ, 2019
(D) ટ્રાન્સજેન્ડર પર્સન્સ (પ્રોટેકશન ઓફ રાઈટ્સ) રૂલ્સ, 2020 **(D)**

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**20.** ટ્રાન્સજેન્ડર પર્સન્સ (પ્રોટેકશન ઓફ રાઈટ્સ) એક્ટ, 2019 મુજબ કોના દ્વારા ટ્રાન્સજેન્ડર વ્યકિતઓનું ઓળખપત્ર જારી કરવામાં આવે છે ?

(A) જિલ્લા મેજિસ્ટ્રેટ્સ
(B) જિલ્લા વિકાસ અધિકારી
(C) જિલ્લાના સામાજિક કલ્યાણ અધિકારી
(D) તાલુકા વિકાસ અધિકારી

**(A)**

**21.** નેશનલ કાઉન્સિલ ફોર ટ્રાન્સજેન્ડર પર્સનના અધ્યક્ષ કોણ હોય છે ?

(A) નીતિ આયોગના સભ્ય
(B) રાષ્ટ્રપતિ નક્કી કરે તે
(C) રાષ્ટ્રીય માનવાધિકાર આયોગના અધ્યક્ષ
(D) સામાજિક ન્યાય અને અધિકારીતા પ્રધાન

**(D)**



**27 NOVEMBER, 2020 FRIDAY**

## ➤ દિવસ મહિમા : 27 નવેમ્બર, રાષ્ટ્રીય અંગદાન દિવસ (National Organ Donation Day) કવિ બોટાદકરની 150મી જન્મજયંતી

- **સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા 27 નવેમ્બર**ના રોજ **'રાષ્ટ્રીય અંગદાન દિવસ'** મનાવવામાં આવ્યો હતો.
- વર્ષ 2020માં **11મો રાષ્ટ્રીય અંગદાન દિવસ** મનાવવામાં આવ્યો હતો.
- કેન્દ્રીય આરોગ્ય અને કુટુંબ કલ્યાણ પ્રધાન ડો. હર્ષવર્ધન દ્વારા નાગરિકોને તેમના અંગોનું ઓનલાઈન દાન કરવાની પ્રતિજ્ઞા માટે **NOTTO (નેશનલ ઓર્ગન & ટિશ્યૂ ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગેનાઝેશન)** વેબસાઈટની મુલાકાત લેવા વિનંતી કરવામાં આવી હતી.
- World Health Organisation (WHO)ના **ગ્લોબલ ઓબ્ઝર્વેટરી ઓન ડોનેશન એન્ડ ટ્રાન્સપ્લાન્ટેશન (GODT)ના અનુસાર અંગદાનના મામલામાં ભારત વિશ્વમાં ત્રીજા નંબર પર** છે.

### માનવ અંગ પ્રત્યારોપણ અધિનિયમ, 1994

- **માનવ અંગ પ્રત્યારોપણ અધિનિયમને વર્ષ 1994માં પસાર કરવામાં** આવ્યો હતો. **વર્ષ 2011માં આ અધિનિયમને સંશોધિત** કરવામાં આવ્યો હતો.
- તે માનવ અંગોને દૂર કરવા તથા લગાવવા માટે વિભિન્ન નિયમો પ્રદાન કરે છે.

## ➤ દિવસ મહિમા : 27 નવેમ્બર, કવિ બોટાદકરની 150મી જન્મજયંતી

### દામોદર બોટાદકર



જન્મ : 27 નવેમ્બર, 1870 (**બોટાદ, ગુજરાત**)

મૃત્યુ : 7 સપ્ટેમ્બર, 1924

પૂરું નામ : **દામોદર ખુશાલદાસ બોટાદકર**

- તેઓ 'રાસ' માટે પ્રખ્યાત હતા.
- તેઓએ તેમના મુંબઈ નિવાસ દરમિયાન **'પુષ્ટિમાર્ગ પ્રકાશ'**નું તંત્રીપદ સંભાળ્યું હતું.

## સાહિત્ય સર્જન

- કાવ્યગ્રંથો : કલ્લોલિની, સ્ત્રોતસ્વિની, નિર્ઝરિણી, રાસ તરંગિણી, શૈવલિની
- વિશેષ : ગ્રામજીવનના પરિવેશના અને એના તળપદા વિષયોના સુચારૂ અને મધુર પ્રાસાદિક નિરૂપણે એમને **'સૌંદર્યદર્શી કવિ'**નું બિરૂદ અપાવ્યું છે.
- **'જનનીની જોડ સખી નહિ જડે રે લોલ'** એ તેમનું વિખ્યાત કાવ્ય છે.






## ➤ અનુરાધા પોંડવાલ અને વર્ષાબહેન ત્રિવેદીને સંયુક્તપણે તાના-રીરી એવોર્ડ એનાયત

- રાજ્ય સરકાર દ્વારા સંગીત સામ્રાજ્ઞી બેલડી તાના–રીરીની સ્મૃતિમાં તાના–રીરી એવોર્ડ આપવામાં આવે છે.
- **મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી**એ, **તાના-રીરી એવોર્ડમાં વર્ષ 2020-21નો એવોર્ડ** સન્માન **પાર્શ્વ ગાયિકા પદ્મ શ્રી અનુરાધા પોંડવાલ** અને **મૂળ ભાવનગરના વર્ષાબહેન ત્રિવેદીને સંયુક્તપણે ગાંધીનગરમાં** અર્પણ કર્યો હતો.

## એનાયત શું કરાય છે ?

- આ એવોર્ડ હેઠળ **રાજ્ય સરકાર દ્વારા રૂ. પાંચ લાખનો પુરસ્કાર, તામ્રપત્ર અને શાલથી એવોર્ડ વિજેતાનું બહુમાન** કરવામાં આવે છે.

## એવોર્ડ વિશે

- વડાપ્રધાન <u>**શ્રી નરેન્દ્રભાઈ મોદીના વતન વડનગર**</u>માં <u>**દર વર્ષે દ્વિ-દિવસીય**</u> તાના–રીરી મહોત્સવનું <u>**આયોજન વર્ષ 2003**</u>થી કરવામાં આવે છે.
- <u>**આદ્યકવિ નરસિંહ મહેતાની બે દોહિત્રી**</u> તાના–રીરીના અમર સંગીત ઈતિહાસની સ્મૃતિ જન માનસમાં સદાકાળ ઉજાગર રહે તેવા ઉદાત્ત ભાવ સાથે આ તાના–રીરી મહોત્સવ યોજાય છે.
- વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 2010ના વર્ષથી સિદ્ધહસ્ત મહિલા ગાયક સંગીતજ્ઞ, વાદ્ય કલાકારોને તાના–રીરી એવોર્ડથી સન્માનિત કરવાની પરંપરા શરૂ કરી છે.

### ક્યારે, કોને, આ એવોર્ડ અપાયો હતો ?

| વર્ષ | એવોર્ડ વિજેતા/વિજેતાઓ |
|---|---|
| 2010 | લતા મંગેશકર / ઉષા મંગેશકર |
| 2011-12 | પદ્મ ભૂષણ ગિરીજાદેવી |
| 2012-13 | કિશોરી આમોનકર |
| 2013-14 | બેગમ પરવીન સુલતાના |
| 2014-15 | સ્વરયોગિની ડો. પ્રભા અત્રે |
| 2016-17 | મંજુ બહેન મહેતા, ડો. લલીથ રાવ |
| 2017-18 | પદ્મ શ્રી આશા ભોંસલે |
| 2018-19 | વિદૂષી રૂપાંદે શાહ |
| 2019-20 | અશ્વિની ભીંડે, પિયુ સરખેલ |
| 2020-21 | અનુરાધા પોંડવાલ, વર્ષાબહેન ત્રિવેદી |

## તાના-રીરી

- તાના–રીરીએ નરસિંહ મહેતાની પૌત્રી શર્મિષ્ઠાની પુત્રીઓ હતી.
- અકબરના દરબારી ગાયક તાનસેનને <u>**‘દીપક રાગ’**</u> ગાવાને કારણે લાગેલી દાહને આ બંને બહેનોએ <u>**‘મલ્હાર રાગ’**</u> ગાઈને શાંત કરી હતી.
- તાના–રીરીનું <u>**સ્મારક વડનગર**</u>માં સ્થિત છે.

## ➢ ભારતીય તીરંદાજી સંઘને રમત મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય ખેલ મહાસંઘના રૂપમાં માન્યતા આપવામાં આવી

- યુવા બાબતો અને રમત મંત્રાલયે આર્ચરી એસોસિએશન ઓફ ઈન્ડિયા (AAI)ને નેશનલ સ્પોર્ટ્સ ફેડરેશન (NSF)ના રૂપમાં માન્યતા આપી.
- આ માન્યતા એક વર્ષ સુધી માન્ય રહેશે.

### આર્ચરી એસોસિએશન ઓફ ઈન્ડિયા (AAI)

- સ્થાપના : 8 ઓગસ્ટ, 1973
- મુખ્યમથક : નવી દિલ્હી
- AAI એ ભારતીય તીરંદાજીનું રાષ્ટ્રીય સંચાલક મંડળ છે.

ICE FACTS : તીરંદાજી સાથે જોડાયેલ શબ્દો– બો શિકાર, બો ફિશિંગ, એંકર પોઈન્ટ

## ➢ ભારતીય સેનાએ 1971ના ભારત-પાકિસ્તાન યુદ્ધ વિજયને ચિહ્નિત કરવા માટે એક 'સાઈકલ અભિયાન' શરૂ કર્યું

- 1971ના ભારત–પાકિસ્તાન યુદ્ધ વિજયની સ્વર્ણ જયંતીની ઉજવણીના ભાગરૂપે ભારતીય સેના દ્વારા ગુજરાત અને રાજસ્થાનમાં એક સાઈકલ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું.
- 1971ના ભારત–પાક. યુદ્ધના નિર્ણાયક જીતની સ્વર્ણ જયંતી 3 ડિસેમ્બરના રોજ મનાવવામાં આવશે.
- આ 1971 કિલોમીટર સાઈકલ અભિયાન કચ્છના લખપતથી શરૂ કરવામાં આવ્યું છે. તે કોવિડ-19 મહામારી વિશે જાગરૂકતા ફેલાવશે.
- તેનો મુખ્ય વિષય–'સોશિયલ ડિસ્ટેન્સિંગ-માસ્ક-સેનિટાઈઝેશન' છે.
- આ સાઈકલ અભિયાન 'સ્વર્ણિમ વિજય વર્ષા સાઈકલોથોન' પૂરા ગુજરાત અને રાજસ્થાનમાં યાત્રા કરશે.

### ભારત-પાક. યુદ્ધ 1971

- તે બાંગ્લાદેશની સ્વતંત્રતા માટે ભારત અને પાકિસ્તાન વચ્ચે એક સૈન્ય ટકરાવ હતો.
- તે 3 ડિસેમ્બર, 1971ના રોજ શરૂ થયું હતું અને 16 ડિસેમ્બર, 1971ના રોજ સમાપ્ત થયું હતું.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

# Account Officer

## પ્રિલિમ્સમાં પસંદગી પામતા ICEના ઉમેદવારોને ખૂબ ખૂબ અભિનંદન...



JONTI VAID



JIMMY GARALA



VATSAL TANNA



RAKSHIT TRIVEDI



ANIRUDDHSINH JETHVA

ICE®

INSTITUTE FOR COMPETITIVE EXAMS

www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

## ICE Questions

1. તાજેતરમાં આ વર્ષે કવિ બોટાદકરની કેટલામી જન્મજયંતી હતી ?

(A) 125 (B) 150 (C) 175 (D) 100 **(B)**

2. કવિ બોટાદકરનો જન્મ ગુજરાતના કયા સ્થળે થયો હતો ?

(A) લીંબડી (B) ધાંગધ્રા (C) બોટાદ (D) હળવદ **(C)**

3. કવિ બોટાદકરનું પૂરું નામ જણાવો ?

(A) દામોદર ખુશાલદાસ બોટાદકર (B) વિનાયક ખુશાલદાસ બોટાદકર

(C) બ્રોકર દામોદર બોટાદકર (D) એક પણ નહીં **(A)**

4. 'જનનીની જોડ સખી નહિ જડે રે લોલ' એ નીચેના પૈકી કયા કવિની ઉકિત છે ?

(A) ઉમાશંકર જોષી (B) રમેશ પારેખ (C) રમેશ પરીખ (D) કવિ બોટાદકર **(D)**

5. તાજેતરમાં કોને તાના–રીરી એવોર્ડ 2020થી સન્માનિત કરવામાં આવ્યા છે ?

(A) અનુરાધા પોંડવાલ (B) વર્ષાબહેન ત્રિવેદી

(C) ઉપર્યુકત બંનેને (D) એક પણને નહીં **(C)**

6. તાજેતરમાં તાના–રીરી એવોર્ડ મેળવનારા વર્ષાબહેન ત્રિવેદી ગુજરાતના કયા જિલ્લાના રહેવાસી છે ?

(A) સુરત (B) અમરેલી (C) અમદાવાદ (D) ભાવનગર **(D)**

7. તાના–રીરી મહોત્સવનું આયોજન તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કયા વર્ષથી શરૂ કર્યું હતું ?

(A) 2003 (B) 2005 (C) 2007 (D) 2010 **(A)**

8. તાના–રીરી પુરસ્કાર અંતર્ગત કેટલા રૂપિયાનો પુરસ્કાર એનાયત કરવામાં આવે છે ?

(A) 3 લાખ રૂપિયા (B) 5 લાખ રૂપિયા (C) 4 લાખ રૂપિયા (D) 7 લાખ રૂપિયા **(B)**

9. તાના–રીરી મહોત્સવનું આયોજન દર વર્ષે કયા સ્થળે કરવામાં આવે છે ?

(A) વિસનગર (B) અમદાવાદ (C) ગાંધીનગર (D) વડનગર **(D)**

10. તાના–રીરી એવોર્ડની શરૂઆત કયા વર્ષથી કરવામાં આવી હતી ?

(A) 2003 (B) 2005 (C) 2007 (D) 2010 **(D)**

11. તાના–રીરી એવોર્ડ સૌપ્રથમ વખત કોને આપવામાં આવ્યો હતો ?

(A) લતા મંગેશકર (B) ઉષા મંગેશકર

(C) કિશોરી આમોનકર (D) (A) અને (B) બંને **(D)**

12. નીચેનામાંથી કયો શબ્દ તીરંદાજી સાથે સંકળાયેલ નથી ?

(A) બો શિકાર (B) પેડલર (C) બો ફિશિંગ (D) એંકર પોઈન્ટ **(B)**

13. તાજેતરમાં શરૂ કરાયેલા 'સાઈકલ અભિયાન' વિશે ખોટું વિધાન જણાવો ?

(A) તેની શરૂઆત ભારતીય સેનાએ 1971ના ભારત–પાકિસ્તાન યુદ્ધ વિજયને ચિહ્નિત કરવા માટે કરી હતી.

(B) આ અભિયાન મુખ્યત્વે ગુજરાત અને રાજસ્થાનમાં શરૂ કરાયું છે.

(C) આ અભિયાન કચ્છના મુંદ્રાથી શરૂ કરવામાં આવ્યું છે.

(D) વિષય – 'સોશિયલ ડિસ્ટેન્સિંગ – માસ્ક –સેનિટાઈઝેશન' **(C)**

14. ઈલેકશન કમિશન ઓફ ઈન્ડિયા (ECI)ની સ્થાપના કયારે કરવામાં આવી હતી ?

(A) 25 જાન્યુઆરી, 1949 (B) 25 જાન્યુઆરી, 1950

(C) 25 જાન્યુઆરી, 1948 (D) 25 જાન્યુઆરી, 1951 **(B)**

15. ઈલેકશન કમિશન ઓફ ઈન્ડિયા (ECI) વિશે ખોટું વિધાન જણાવો ?

(A) તેમાં એક મુખ્ય ચૂંટણી કમિશનર અને બે ચૂંટણી કમિશનરોનો સમાવેશ થાય છે.

(B) તે એક સ્વાયત્ત સંવૈધાનિક સંસ્થા છે.

(C) ચૂંટણી પંચ કલમ 324 મુજબ બંધારણના અધિકાર હેઠળ કાર્ય કરે છે.

(D) ભારતીય બંધારણના ભાગ-16માં ચૂંટણીઓ સંબંધિત જોગવાઈઓ કરવામાં આવી છે. **(D)**

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**28 NOVEMBER, 2020 SATURDAY**

## ➤ રાજ્યમાં 50થી ઓછા કામદારોવાળા એકમોને કોન્ટ્રાક્ટ ફીમાંથી માફી મળી

- મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કોરોના મહામારીને કારણે મુશ્કેલીમાં મુકાયેલા ઔદ્યોગિક એકમોને કોન્ટ્રાક્ટ લેબર તથા આંતરરાજ્ય સ્થળાંતરિત કામદારોને લગતાં કાયદાઓ હળવા બનાવી ઉદ્યોગકારોને રાહત કરી આપી છે. આ સંદર્ભે જરૂરી નોટિફિકેશન 26 નવેમ્બર, 2020ના રોજ બહાર પાડવામાં આવી છે.
- શ્રમ–રોજગાર વિભાગના અધિક મુખ્ય સચિવ વિપુલ મિત્રાએ આ સુધારા અંગે વિસ્તૃત જાણકારી આપતાં જણાવ્યું છે કે, કોન્ટ્રાક્ટ લેબર (નિયમન અને નાબૂદી અધિનિયમ) (ગુજરાત) નિયમ, 1972માં કેટલાક સુધારા દાખલ કરવામાં આવ્યા છે.
- જેના કારણે હવેથી 50 કે તેથી ઓછા કામદારો ધરાવતા ઉદ્યોગ એકમોએ કોઈ પણ પ્રકારની કોન્ટ્રાક્ટ ફી ભરવાની રહેશે નહીં.

## ➤ દેશમાં સોલાર રૂફટોપ સ્થાપિત કરવામાં ગુજરાત પ્રથમ સ્થાને

- છેલ્લા એક વર્ષમાં એક લાખથી વધુ ઘરોએ સોલાર રૂફટોપ યોજનાનો લાભ મેળવ્યો.

### સૂર્ય ગુજરાત

- SURYA–ગુજરાત : સૂર્ય ઊર્જા રૂફટોપ યોજના
- રહેણાંક શ્રેણીના વીજગ્રાહકો સૌર ઊર્જા દ્વારા ઘરે જ વીજ ઉત્પાદન કરે અને જરૂર પૂરતી વીજળી વાપરી વધારાની વીજળી વેચી વીજબીલમાં રાહત તેમજ વધારાની આવક મેળવે એ શુભ આશયથી ગુજરાત સરકાર દ્વારા ‘સૂર્ય ગુજરાત’ (સૂર્ય ઊર્જા રૂફટોપ યોજના) તા. 8 ઓગસ્ટ, 2019થી અમલમાં મૂકવામાં આવી હતી.
- રાજ્ય સરકાર દ્વારા રહેણાંક હેતુના વીજગ્રાહકોને સોલાર રૂફટોપ માટે પ્રથમ 3 કિલોવોટની ક્ષમતા સુધી નિયત કરેલી કિંમત પર 40% તેમજ ત્યાર પછીના 3 થી વધુ અને 10 કિલોવોટની ક્ષમતા સુધી સોલાર રૂફટોપ પર 20% સબસિડી મળશે.

## ➤ એશિયાની ટોચની 50 યુનિવર્સિટીઓમાં આઈઆઈટી બોમ્બે, દિલ્હી અને મદ્રાસ અનુક્રમે 37મા, 47મા અને 50મા સ્થાને

- એશિયાની ટોચની 50 યુનિવર્સિટીઓના રેન્કિંગમાં આઈઆઈટી બોમ્બે, દિલ્હી અને મદ્રાસ અનુક્રમે 37મા, 47મા અને 50મા સ્થાને છે.
- બ્રિટિશ કંપની ક્યુક્યુરેલ્લી સાયમન્ડ્સ દ્વારા આ રેન્કિંગ જાહેર કરવામાં આવ્યું છે.
- સતત બીજા વર્ષે આઈઆઈટી સંસ્થાઓએ એશિયાની ટોચની 50 શિક્ષણ સંસ્થાઓમાં તેમનું સ્થાન જાળવી રાખ્યું છે.
- આ રેન્કિંગમાં સામેલ 650 શિક્ષણ સંસ્થાઓમાંથી 107 ભારતની છે.
- આ રેન્કિંગમાં સિંગાપોરની નેશનલ યુનિવર્સિટી ટોચના સ્થાને છે.


**આ યાદીમાં ટોચની-3 યુનિવર્સિટીઓ**

| ક્રમ | યુનિવર્સિટીનું નામ | દેશ |
|---|---|---|
| 1 | નેશનલ યુનિવર્સિટી | સિંગાપોર |
| 2 | સિન્ગુઆ યુનિવર્સિટી | ચીન |
| 3 | નનયંગ ટેક્નોલોજિકલ યુનિવર્સિટી | સિંગાપોર |



## ➤ દેશની કુલ રિન્યુએબલ એનર્જી ઉત્પાદનમાં ગુજરાતનું પ્રદાન 13% છે

- ભારત સરકારના ન્યૂ એન્ડ રિન્યૂએબલ એનર્જી મંત્રાલય દ્વારા રિન્યૂએબલ એનર્જી ઈન્વેસ્ટર મીટ એન્ડ એક્સ્પોની ત્રીજી આવૃત્તિનું આયોજન કરાયું હતું. જેમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પણ ભાગ લીધો હતો.
- આ એક્સ્પોમાં મુખ્યમંત્રી શ્રીએ જણાવ્યું હતું કે, દેશની કુલ રિન્યૂએબલ એનર્જીના ઉત્પાદનમાં ગુજરાત 13 ટકા જેટલું યોગદાન આપે છે.
- રાજ્યની કુલ 30 GW ક્ષમતામાં રિન્યૂએબલ એનર્જીનો 37 ટકા ફાળો એટલે કે 11 ગીગાવોટ છે.
- દેશની રિન્યૂએબલ એનર્જી કેપેસિટી 89,230 મેગાવોટ છે. તેની સામે ગુજરાતનું યોગદાન 11,264 મેગાવોટનું છે.
- ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજિયનમાં 5000 મેગાવોટના અલ્ટ્રા મેગા સોલાર પાર્કનું નિર્માણ થઈ રહયું છે.



## ➤ ભારત-અમેરિકાએ પરમાણુ ઊર્જા સહકારની મુદતમાં વધારો કર્યો

- ભારત અને યુનાઈટેડ સ્ટેટ્સે ઈન્ડો–યુ.એસ. સિવિલ ન્યૂક્લિયર એનર્જી એગ્રીમેન્ટને બીજા 10 વર્ષ માટે લંબાવ્યા છે.
- ઈન્ડો–યુ.એસ. સિવિલ ન્યૂક્લિયર એનર્જી એગ્રીમેન્ટ કરારને **'123 કરાર'** પણ કહેવામાં આવે છે. **આ કરારના આધારે ભારત યુનાઈટેડ સ્ટેટ્ પાસેથી પરમાણુ સામગ્રી ખરીદે છે.**
- **ગ્લોબલ સેન્ટર ફોર ન્યુક્લિયર એનર્જી પાર્ટનરશિપ (GCNEP)** પર કરારના વિસ્તરણ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

### ઈન્ડિયા-યુ.એસ. સિવિલ ન્યુક્લિયર એગ્રીમેન્ટ

- યુ.એસ. –ઈન્ડિયા ડીલને 3 વર્ષથી વધુ સમય લાગ્યો હતો. કારણ કે તેને યુ.એસ. કાયદામાં સુધારણા સહિતના ઘણા જટિલ તબક્કાઓમાંથી પસાર થવું પડયું હતું. આ મુખ્યત્વે એટલા માટે થયું હતું કારણ કે ભારતે નોન–પ્રોલિફેરેશન ટ્રીટી (NPT) પર હસ્તાક્ષર કરેલ નથી.
- કોઈ પણ દેશોએ ન્યૂક્લિયર સપ્લાયર્સ ગ્રૂપ (NSG)ના સભ્ય બનવા માટે NPT પર હસ્તાક્ષર કરવા ફરજિયાત છે. આમ હોવા છતાં, NSG એ ભારતને માફી આપી હતી અને યુ.એસ. સાથે હસ્તાક્ષર કરવાની મંજૂરી આપી હતી.

### Non-Proliferation Treaty (અપ્રસાર સંધિ)

- અપ્રસાર સંધિનો મુખ્ય ઉદ્દેશ્ય પરમાણુશસ્ત્રો અને શસ્ત્રોની તકનીકીના પ્રસારને અટકાવવાનો છે તેમજ અણુ ઊર્જાના ઉપયોગમાં સહકાર ઊભો કરી પરમાણુ નિઃશસ્ત્રીકરણના લક્ષ્યોને પ્રાપ્ત કરવાનો છે.
- **ભારતે અપ્રસાર સંધિ (NPT) પર હસ્તાક્ષર કર્યા નથી**. આના કારણે દેશને પરમાણુ શસ્ત્રો ધરાવતા બાકીના દેશો પાસેથી પરમાણુશસ્ત્રો, પરમાણુ ટેક્નોલોજી અને પરમાણુ કાચોમાલ મેળવવો મુશ્કેલ બને છે.

### ભારતમાં અણુ શકિત

- ભારતમાં **22 પરમાણુ ઊર્જા રિએક્ટર છે**. હાલમાં, ભારતમાં 3.22% વીજળી અણુશકિત દ્વારા ઉત્પન્ન કરવામાં આવે છે.

### GCNEP શું છે ?

- તે વિશ્વનું પ્રથમ પરમાણુ ઊર્જા ભાગીદારી કેન્દ્ર છે.
- તેની સ્થાપના <u>હરિયાણા રાજ્યના ઝજ્જર જિલ્લાના બહાદુરગઢ તાલુકાના ખેરી જસૌર ગામ</u>માં કરવામાં આવી છે.

## ➤ ભારત સરકારે ઈન્ડિયા કલાયમેટ ચેન્જ નોલેજ પોર્ટલ લોન્ચ કર્યું

- **<u>કેન્દ્રીય પર્યાવરણ, વન અને હવામાન પરિવર્તન પ્રધાન શ્રી પ્રકાશ જાવડેકરે તાજેતરમાં 'ઈન્ડિયા કલાયમેટ ચેન્જ નોલેજ પોર્ટલ'</u>** લોન્ચ કર્યું હતું.
- આ પોર્ટલ હવામાન પલટાના મુદ્દાઓને ધ્યાનમાં લેવા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાંઓ વિશે માહિતીઓ આપશે.
- તે સરકારના વિવિધ આબોહવા ઉપક્રમો વિશે માહિતી પ્રદાન કરતું સિંગલ પોઈન્ટ ઈન્ફોર્મેશન સોર્સ તરીકે કાર્ય કરશે.

### પોર્ટલના મુખ્ય આઠ ઘટકો

- ભારતની આબોહવાની રૂપરેખા,
- ભારતના NDC લક્ષ્યો,
- રાષ્ટ્રીય નીતિ ફ્રેમવર્ક,
- અનુકૂલન ક્રિયા,
- દ્વિપક્ષીય અને બહુપક્ષીય સહકાર,
- અહેવાલ અને પ્રકાશન,
- મિટીગેશન ક્રિયાઓ,
- આંતરરાષ્ટ્રીય હવામાન વાટાઘાટો



## ➤ લોક વિરાટ : : લોકકલા અને ચિત્રકલા પર ફિલ્મોનો તહેવાર શરૂ થયો

- લોકકલા અને ચિત્રકલા પર આધારિત દસ્તાવેજી ફિલ્મો– લોક વિરાટને 27-29 નવેમ્બર, 2020 દરમિયાન પ્રદર્શિત કરવામાં આવી હતી.
- તે ફિલ્મ **'બસ્તર-રિધમ ઓફ પ્રોગ્રેસ'**થી શરૂ થશે. જેમાં આદિવાસીઓનું જીવન અને લોકકલા બતાવવામાં આવી હતી.
- તેનું આયોજન **સૂચના અને પ્રસારણ મંત્રાલયના ફિલ્મ વિભાગ** દ્વારા ઓનલાઈન કરવામાં આવ્યું હતું.
- તેમાં વિવિધ ફિલ્મોનું પ્રસારણ કરવામાં આવ્યું હતું, જેમાં ધ કિંગડમ ઓફ ગોડ, ભવાઈ–ફેડિંગ મેમોરિઝ, નમન–ખેલે, ધ ફ્યૂઝન કલ્ટ, થેરુકુથુ : ડાસિંગ ફોર લાઈફ, ઓડિશાની લોકપેંટિંગ, કાલીઘાટ પેંટિંગનો સમાવેશ થયો હતો.

| લોકચિત્ર/પારંપરિક ચિત્ર | રાજ્ય |
|---|---|
| વારલી ચિત્ર | મહારાષ્ટ્ર / ગુજરાત |
| કાલીઘાટ ચિત્ર | પશ્ચિમ બંગાળ |
| મધુબની ચિત્ર | બિહાર |
| પટ્ટ ચિત્ર | ઓડિશા, પશ્ચિમ બંગાળ |
| પિચાઈ | રાજસ્થાન |

**ICE FACT :** 'થેરુકુથુ' એ તમિલનાડુનું એક લોકનૃત્ય અને નાટક છે.



## ICE Questions

1. તાજેતરમાં રાજ્યમાં 50થી ઓછા કામદારોવાળા એકમોને કોન્ટ્રાકટ એકમોને કોન્ટ્રાકટ ફીમાંથી માફી આપવામાં આવી હતી. કયા નિયમમાં સુધારો કરીને આ કરવામાં આવ્યું હતું ?
   (A) કોન્ટ્રાકટ લેબર (નિયમન અને નાબૂદી અધિનિયમ) (ગુજરાત) નિયમ, 1972
   (B) કોન્ટ્રાકટ લેબર (નિયમન અને નાબૂદી અધિનિયમ) (ગુજરાત) નિયમ, 1974
   (C) કોન્ટ્રાકટ લેબર (નિયમન અને નાબૂદી અધિનિયમ) (ગુજરાત) નિયમ, 1976
   (D) કોન્ટ્રાકટ લેબર (નિયમન અને નાબૂદી અધિનિયમ) (ગુજરાત) નિયમ, 1978 **(A)**

2. સોલાર રૂફટોપ સ્થાપિત કરવામાં દેશમાં કયું રાજ્ય અગ્રેસર રહયું છે ?
   (A) રાજસ્થાન (B) મહારાષ્ટ્ર (C) તમિલનાડુ (D) ગુજરાત **(D)**

3. 'સૂર્ય ગુજરાત' યોજના ગુજરાત સરકાર દ્વારા કયારે શરૂ કરવામાં આવી હતી ?
   (A) 8 ઓગસ્ટ, 2019 (B) 8 ઓગસ્ટ, 2020
   (C) 18 ઓગસ્ટ, 2019 (D) 18 ઓગસ્ટ, 2020 **(A)**

4. એશિયાની ટોચની 50 યુનિવર્સિટીઓનું રેન્કિંગ તાજેતરમાં કયુકયુરેલ્લી સાયમન્ડ્સ સંસ્થા દ્વારા જારી કરવામાં આવ્યું હતું, આ સંસ્થા કયા દેશની કંપની છે ?
   (A) રશિયા (B) ચીન (C) બ્રિટન (D) સિંગાપુર **(C)**

5. કયુકયુરેલ્લી સાયમન્ડ્સના રેન્કિંગ મુજબ એશિયાના કયા દેશની યુનિવર્સિટી પ્રથમ ક્રમે છે ?
   (A) ભારત (B) રશિયા (C) સિંગાપુર (D) જાપાન **(C)**

6. દેશની કુલ રિન્યૂએબલ એનર્જી ઉત્પાદનમાં ગુજરાતનું યોગદાન કેટલા ટકા છે ?
   (A) 12% (B) 13% (C) 14% (D) 15% **(B)**

7. ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજિયનમાં કેટલા મેગાવોટના અલ્ટ્રા મેગા સોલાર પાર્કનું નિર્માણ થઈ રહયું છે ?
   (A) 2000 મેગા વોટ (B) 4000 મેગાવોટ
   (C) 5000 મેગાવોટ (D) 6000 મેગાવોટ **(C)**

8. પ્રચલિત '123 કરાર' કયા બે દેશો વચ્ચે થયેલ છે ?

(A) અમેરિકા–ચીન (B) ભારત–જાપાન (C) ભારત–ફ્રાંસ (D) ભારત–અમેરિકા **(D)**

9. પ્રચલિત '123 કરાર' કયા ક્ષેત્રને સંલગ્ન છે ?

(A) પવન ઊર્જા (B) પરમાણુ ઊર્જા (C) સૌરઊર્જા (D) રિન્યૂએબલ ઊર્જા **(B)**

10. નીચેનામાંથી ખોટું વિધાન જણાવો ?

(A) ભારતે અપ્રસાર સંધિ (NPT) પર હસ્તાક્ષર કરેલ નથી.

(B) ભારતમાં વર્તમાનમાં 25 પરમાણુ ઊર્જા રિએકટરો છે.

(C) ગ્લોબલ સેન્ટર ફોર ન્યુકિલયર એનર્જી પાર્ટનરશિપ (GCNEP) એ વિશ્વનું પ્રથમ પરમાણુ ઊર્જા ભાગીદાર કેન્દ્ર છે.

(D) GCNEPનું કેન્દ્ર હરિયાણા રાજ્યમાં આવેલ છે. **(B)**

11. ઈન્ડિયા કલાયમેટ ચેન્જ નોલેજ પોર્ટલ તાજેતરમાં કોના દ્વારા લોન્ચ કરવામાં આવ્યું હતું ?

(A) વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી

(B) રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદ

(C) કેન્દ્રીય પર્યાવરણ, વન અને હવામાન પરિવર્તન મંત્રી શ્રી પ્રકાશ જાવડેકર

(D) ઉપરાષ્ટ્રપતિ શ્રી વેંકૈયા નાયડુ **(C)**

12. 'રાષ્ટ્રીય અંગદાન દિવસ' ક્યારે ઉજવવામાં આવ્યો ?

(A) 25 નવેમ્બર (B) 26 નવેમ્બર (C) 27 નવેમ્બર (D) 28 નવેમ્બર **(C)**

13. વર્ષ 2020માં કેટલામો 'રાષ્ટ્રીય અંગદાન દિવસ' ઉજવવામાં આવ્યો હતો ?

(A) 10 (B) 12 (C) 13 (D) 11 **(D)**

14. 'થેરૂકુથુ' એ કયા રાજ્યનું લોકનૃત્ય છે ?

(A) કેરળ (B) તમિલનાડુ (C) કર્ણાટક (D) આંધ્રપ્રદેશ **(B)**

# ONE LINER
CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ PMનું પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિ.ના આઠમા પદવિદાન સમારંભમાં વર્ચ્યુઅલ સંબોધન

કાર્બન એમિશનના મુદ્દે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, દેશની કાર્બન ફૂટ પ્રિન્ટમાં 30-35 ટકાનો ઘટાડો કરવાનું લક્ષ્ય છે.

**કાર્બન ફૂટ પ્રિન્ટ**

કાર્બન ફૂટ પ્રિન્ટ એ કોઈ વ્યક્તિગત, કોઈ ઘટના, સંગઠન અથવા ઉત્પાદન દ્વારા થતું ગ્રીનહાઉસ ગેસનું ઉત્સર્જન છે, જે કાર્બન ડાયોકસાઈડ સમકક્ષ જ છે.

### ➤ અમદાવાદ શહેરને હેરિટેજ સિટીનો દરજ્જો અપાવનાર વાસુદેવન નાયરનું નિધન

અમદાવાદ શહેરને હેરિટેજ સિટીનો દરજ્જો અપાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવનારા વાસુદેવન નાયરનું કોરોનાથી અવસાન થયું છે. આર્કિયોલોજિકલ એન્જિનિયર તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરનારા પૂર્વ IAS અધિકારી પી. કે. વાસુદેવન નાયરનો જન્મ 19 મે, 1947ના રોજ થયો હતો. તેમના પ્રયત્નોથી જ આસ્ટોડિયા ગેટની આસપાસના વિસ્તારો, સરખેજ રોઝા, સિદી સૈયદની જાળી જેવા સ્થળોની જાળવણીની જવાબદારી સ્થાનિકોએ લીધી હતી. તેમણે AMCના હેરિટેજ સેલ માટે નિષ્ણાત તરીકે માર્ગદર્શન પૂરું પાડયું હતું.

### ➤ વર્લ્ડ હેરિટેજ વીક (19 થી 25 નવેમ્બર)ના સંદર્ભે ગુજરાતની વિવિધ કળાઓ

**રોગાન**

કચ્છની કાપડ પર પેઈન્ટિંગ કરવાની કળા છે જેમાં એરંડાના બીજમાંથી તૈયાર થતા રંગોનો ઉપયોગ કરાય છે. આ પેઈન્ટિંગ તૈયાર કરતી વખતે કારીગર કાપડ પર તેનાં હાથ નથી અડાડતા.

### સુજની

ભરૂચની 160 વર્ષ જૂની રજાઈ બનાવવાની કળામાં રજાઈ બન્યા બાદ તેની ડિઝાઈન 3D જેવી લાગે છે.

### ટાંગળિયા

સુરેન્દ્રનગરની વણાટકળા 700 વર્ષ જૂની છે જેમાં બારીકાઈથી વણાટકામ થાય છે અને ભૌમિતિક રચનાઓનો પણ સમાવેશ થાય છે.

### પીઠોરા

છોટા ઉદેપુરની પીઠોરા વોલ પેઈન્ટિંગ્સમાં છોટા ઉદેપુરના લોકોના લોકગીત અને લોકકથાઓ જોવા મળે છે.

## ➤ અમદાવાદના ફોટોગ્રાફર દાદાસાહેબ ફાળકે આઈકોન એવોર્ડ ફિલ્મથી સન્માનિત

અમદાવાદના બ્લેસમન સેમ્યુઅલને દાદાસાહેબ ફાળકે આઈકોન એવોર્ડ ફિલ્મ્સ (DAIAF) દ્વારા બેસ્ટ ફોટોગ્રાફરના એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઈન્ડિયન ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં યંગ અને ડાયનેમિક ટેલેન્ટને પ્રોત્સાહન આપવા DAIAF એટલે કે દાદાસાહેબ ફાળકે આઈકોન એવોર્ડ ફિલ્મ્સ આપવામાં આવે છે.

## ➤ ભૂજનું 55 વર્ષ જૂનું આકાશવાણી રેડિયો સ્ટેશન બંધ કરવાનો નિર્ણય

- નોંધનીય છે કે, ભારત પાકિસ્તાનના 1965ના યુદ્ધ દરમિયાન સરહદી જિલ્લાના મહત્ત્વને ધ્યાને લઈને શરૂ કરાયેલા ભૂજના આકાશવાણી કેન્દ્રને બંધ કરવાનો નિર્ણય સરકાર દ્વારા લેવાયો છે.
- પ્રસાર ભારતી દ્વારા રેડિયો પ્રસારણ સેવાને ઓપરેટીંગ સ્ટેશન અને કોન્ટ્રીબ્યુટીંગ સ્ટેશન એમ બે પ્રકારની સેવાઓમાં વિભાજિત કરતાં ભૂજ આકાશવાણી કેન્દ્ર હવે માત્ર કોન્ટ્રીબ્યુટીંગ સ્ટેશન તરીકે અમદાવાદ આકાશવાણી સ્ટેશન તરીકે અમદાવાદ આકાશવાણી કેન્દ્ર હેઠળ કાર્ય કરશે.

# ભારત

## ➤ કેરળમાં સોશિયલ મીડિયા પર વાંધાજનક પોસ્ટ માટે પાંચ વર્ષની કેદ

કેરળ સરકારે કોઈપણ સોશિયલ મીડિયા કે કોઈપણ ડિજિટલ પ્લેટફોર્મ પર સરકારને વાંધાજનક જણાય તેવી પોસ્ટ માટે પાંચ વર્ષની કેદની જોગવાઈ કરતો વટહુકમ પસાર કર્યો છે. કેરળના રાજ્યપાલ શ્રી આરીફ મોહમ્મદ ખાને તેને મંજૂરી પણ આપી દીધી છે.

## ➤ ભારતનું પ્રથમ શેવાળ (MOSS) ગાર્ડન ઉત્તરાખંડમાં ખુલ્યું છે

ભારતનો પ્રથમ શેવાળ બગીચો ઉત્તરાખંડના નૈનીતાલમાં વિકસાવવામાં આવ્યો હતો. આ બગીચો શેવાળ અને અન્ય Bryophytes (દ્વિઅંગી) વિવિધ જાતોનાં સંરક્ષણ માટે વિકસાવવામાં આવ્યો હતો.

## ➤ મધ્યપ્રદેશ સરકાર હવે લોકો પાસેથી ગાય વેરો વસૂલશે, આંગણવાડીમાં ઈંડાના બદલે દૂધ અપાશે

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે ગાય વેરો લાદવાની જાહેરાત કરી હતી. સાથે જ એમણે રાજ્યની આંગણવાડીઓમાં બાળકોને ઈંડાના બદલે દૂધ આપવામાં આવશે એમ પણ જણાવ્યું હતું. શિવરાજસિંહે ગાય અભયારણ્યને ગાય પ્રવાસન કેન્દ્ર તરીકે વિકસાવવાની જાહેરાત કરી હતી. મધ્યપ્રદેશના સાલરિયામાં 472 હેકટરમાં એશિયાનો સૌથી વિશાળ ગૌ અભયારણ્ય આવેલું છે.

## ➤ ઉડ્ડયન જાગૃતિ સપ્તાહ મનાવવામાં આવ્યો

એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (AAI) 23 નવેમ્બર, 2020 અને 27 નવેમ્બર, 2020ની વચ્ચે ઉડ્ડયન જાગૃતિ સપ્તાહનો પ્રારંભ કર્યો હતો. ઉડ્ડયન સલામતી અંગે જાગૃતિ લાવવા માટે ઉડ્ડયન જાગૃતિ સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. રાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન નીતિ 2016નો ઉદ્દેશ્ય દરેક ભારતીય નાગરિકને પોસાય તેવી ઉડ્ડયન સેવા આપવાનો છે.

## ➤ ભારતની ચીન પરની ડિજિટલ સ્ટ્રાઈકો

| સ્ટ્રાઈક નંબર | તારીખ | ચીનની કેટલી એપ પર ભારતનો પ્રતિબંધ |
|---|---|---|
| 1 | 29 જૂન, 2020 | 59 |
| 2 | 27 જુલાઈ, 2020 | 47 |
| 3 | 2 સપ્ટેમ્બર, 2020 | 118 |
| 4 | 25 નવેમ્બર, 2020 | 43 |

## ➤ યુ.પી.માં લવજેહાદ અટકાવવા વટહુકમ, 10 વર્ષની કેદની સજા

ઉત્તરપ્રદેશની યોગી આદિત્યનાથ સરકારે લવજેહાદ સામેના વટહુકમને મંજૂરી આપી દીધી છે. આ વટહુકમમાં માત્ર લગ્ન કરવા ખાતર ધર્મ પરિવર્તન કરનારાને અટકાવવાની દરખાસ્ત છે. આ વટહુકમ મુજબ દોષિતોને 10 વર્ષની કેદની સજા થઈ શકે છે. આ બિલના ડ્રાફટમાં 'લવજેહાદ' શબ્દનો ઉલ્લેખ નથી તેને 'ગેરકાનૂની ધર્માંતરણ પ્રતિબંધ બિલ' કહેવામાં આવ્યું છે.

## ➤ કેન્દ્રીય કૃષિમંત્રીએ 'સહકાર પ્રજ્ઞા' પહેલ શરૂ કરી

કેન્દ્રીય કૃષિમંત્રી નરેન્દ્રસિંહ તોમરે પ્રાથમિક સહકારી સમિતિઓને 'પ્રશિક્ષણ પ્રદાન કરવા માટે 'સહકાર પ્રજ્ઞા' કાર્યક્રમ શરૂ કર્યો છે.

### રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ

સ્થાપના : 1963

વૈધાનિક નિગમના રૂપમાં તેની સ્થાપના થઈ હતી. તે કૃષિ અને કિસાન કલ્યાણ મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય કૃષિ પેદાશોનું ઉત્પાદન, પ્રસંસ્કરણ, નિકાસ–આયાત માટેની યોજના પ્રચાર કરવાનો છે.

## ➤ 1લી જાન્યુઆરીથી લેન્ડલાઈન પરથી મોબાઈલ નંબર ડાયલ કરતા પહેલાં 'ઝીરો' લગાવવો પડશે

દેશભરમાં 1 જાન્યુઆરીથી લેન્ડલાઈન પરથી મોબાઈલ પર ફોન કરવા માટે મોબાઈલ નંબરની આગળ ઝીરો (0) લગાવવો પડશે. ઝીરો લગાવવાની ભલામણને TRAI દ્વારા સ્વીકારવામાં આવી છે.

## ➤ ઓસ્કાર્સ : મલયાલમ ફિલ્મ 'જલીકટ્ટુ'ની ભારતની સત્તાવાર એન્ટ્રી માટે સર્વાનુમતે પસંદગી કરાઈ

લિજો જોઝ પેલ્લિસેરી દ્વારા નિર્દેશિત મલયાલમ ફિલ્મ 'જલીકટ્ટુ'ની 2021ના વર્ષના ઓસ્કાર એવોર્ડ્સ માટે ભારતની સત્તાવાર એન્ટ્રી તરીકે પસંદ કરાઈ છે. હવે તે ઓસ્કારની શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય ફીચર ફિલ્મની કેટેગરીમાં નોમિનેશન મેળવવાની રેસમાં રહેશે. ફિલ્મ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા તેની જાહેરાત કરવામાં આવી હતી.

## ➤ વડાપ્રધાનશ્રીએ શ્રી ગુરૂનાનકદેવના જીવન પર આધારિત એક પુસ્તકનું અનાવરણ કર્યું

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શ્રી ગુરૂનાનક દેવના જીવન અને આદર્શો પર આધારિત એક પુસ્તક જારી કર્યું હતું. આ પુસ્તક કૃપાલ સિંહે લખ્યું છે.

### શ્રી ગુરૂ નાનક દેવ

જન્મ : 15 એપ્રિલ, 1469 (તલવંડી, પાકિસ્તાન)

તેઓ શીખ ધર્મના સંસ્થાપક છે અને શીખ ધર્મના પ્રથમ ગુરૂ છે. તેઓએ 'ગુરૂગ્રંથ સાહીબ' લખવાનું શરૂ કર્યું હતું.

## ➤ ભારતમાં રશિયાની કોરોના વેક્સિન સ્પુતનિક-5ના 10 કરોડ ડોઝ તૈયાર થશે

કોરોનાની સારવાર માટે રશિયામાં તૈયાર કરવામાં આવેલી રસી સ્પુતનિક-5નું ઉત્પાદન હવે ભારતમાં પણ થશે. આ માટે ભારતની હેટરો જૂથ સાથે રશિયન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ ફંડ દ્વારા કરાર કરવામાં આવ્યા છે. બંને દેશોની કંપનીઓ દ્વારા કરવામાં આવેલા આ કરાર બાદ દર વર્ષે ભારતમાં 10 કરોડ ડોઝ તૈયાર કરવામાં આવશે.

## ➤ સંસદના ચોમાસુ સત્રમાં કેન્દ્ર સરકાર દ્વારા પસાર કરાયેલા 3 કૃષિ ખરડાનો ઘણાં રાજ્યોમાં ખેડૂત સંગઠનોએ વિરોધ કર્યો હતો

**કયા 3 કૃષિ કાયદાનો વિરોધ ?**

1. ધ ફાર્મર્સ પ્રોડયુસ ટ્રેડ એન્ડ કોમર્સ (પ્રમોશન એન્ડ ફેસિલિટેશન) એક્ટ,
2. ધ ફાર્મર્સ (એમ્પાવરમેન્ટ એન્ડ પ્રોટેકશન એગ્રીમેન્ટ ઓફ પ્રાઈમ એશ્યોરન્સ એન્ડ ફાર્મ સર્વિસિઝ એક્ટ
3. ધ એસેન્શિયલ કોમોડિટિઝ એક્ટ

ICE FACT : કેન્દ્રીય કૃષિમંત્રી નરેન્દ્રસિંહ તોમર છે.

## ➤ હેલ્થ સહિત વધુ 26 સેક્ટરને ક્રેડિટ લાઈન ગેરન્ટીનો લાભ

કેન્દ્ર સરકારે કામથ કમિટીની ભલામણ અનુસાર આરોગ્ય સહિત વધુ 26 સેક્ટરને ઈમરજન્સી ક્રેડિટ લાઈન ગેરંટી સ્કિમનો લાભ આપવાની જાહેરાત કરી છે. નાણાં મંત્રાલય દ્વારા જણાવાયા અનુસાર નેશનલ ક્રેડિટ ગેરંટી ટ્રસ્ટી કંપની લિમિટેડ દ્વારા આ સ્કિમનો અમલ માટેની કાર્યવાહક ગાઈડલાઈન પ્રગટ કરી દેવામાં આવી છે.

## ➤ એપ્રિલ-સપ્ટેમ્બર 2020 દરમિયાન FDI (ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ) 15% વધીને 30 અબજ ડોલર થયો છે

ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ છ મહિનામાં ભારતનો FDI 15% વધીને 30 અબજ ડોલર થયો છે. સિંગાપોર આ સમયગાળા દરમિયાન 8.3 અબજ ડોલરનું રોકાણ કરીને ભારતમાં FDIનો સૌથી મોટો સ્ત્રોત રહ્યો હતો. આ ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (DPIIT) ના ડેટા પર આધારિત છે.

## ➤ ભારતનો નાણાકીય ખાદ્ય (Fisical Deficit) સંપૂર્ણ વર્ષના લક્ષ્યાંકના 119% છે

કંટ્રોલર જનરલ ઓફ એકાઉન્ટસે 27 નવેમ્બર, 2020ના રોજ જાહેર કરેલા આંકડા મુજબ ભારતની નાણાકીય ખાદ્ય 7.96 લાખ કરોડ હતી જે સંપૂર્ણ વર્ષના લક્ષ્યાંકના 119% હતી.

## ➤ ભારતી એકસા - ICICI લોમ્બાર્ડ ડીલ માટે IRDAIની મંજૂરી

ઈન્શ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલોપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (IRDAI) એ ભારતી એકસા જનરલના ICICI લોમ્બાર્ડમાં જોડાણ માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી હતી.

## ➤ દેશના I.T. ઈન્ડસ્ટ્રીના પ્રણેતા એફ. સી. કોહલીનું નિધન

ભારતમાં 190 અબજ ડોલરની આઈટી ઈન્ડસ્ટ્રીનો પાયો નાખનારા ફકીરચંદ કોહલીનું 96 વર્ષની વયે નિધન થયું છે. આઈટી સેકટરની સૌથી મોટી કંપની TCSના તેઓ સ્થાપક સદસ્ય અને ચીફ એકિઝકયુટીવ હતા. કોહલીને દેશના આઈટી સેકટરનો પાયો નાખવાના યશસ્વી પ્રદાન બદલ ભારત સરકાર તરફથી 'પદ્મ ભૂષણ'નું સન્માન પણ પ્રાપ્ત થયું હતું. તેઓ 1996 સુધી TCSના વડા રહયા હતા.

## ➤ ઈન્ટરનેશનલ એમ્મીમાં 'દિલ્હી ક્રાઈમ'ને બેસ્ટ ડ્રામા સીરિઝ એવોર્ડ

'દિલ્હી ક્રાઈમને ઈન્ટરનેશનલ એમ્મી એવોર્ડ્સમાં વિનર જાહેર કરાઈ છે અને આ ગૌરવ મેળવનાર પ્રથમ ઈન્ડિયન શો તરીકે તેને સ્થાન મેળવ્યું છે. 48મા ઈન્ટરનેશનલ એમ્મી એવોર્ડ્સમાં તેને 'બેસ્ટ ડ્રામા સીરિઝ' તરીકે સ્થાન મળ્યું છે. આ વર્ષે કોરોનાના કારણે વર્ચ્યુઅલ એવોર્ડ સેરેમનીનું આયોજન થયું હતું. દિલ્હી ક્રાઈમના રાઈટર અને ડિરેકટર રીચી મહેતા છે. ડીસીપી વર્તિકા ચતુર્વેદીના લીડ રોલમાં શેફાલી શાહ છે.

## ➤ બુલેટ ટ્રેન માટે L&T સાથે રેકોર્ડ રૂ. 25,000 કરોડનો કરાર

નેશનલ હાઈસ્પીડ રેલ કોર્પોરેશન (NHSRCL) એ લાર્સન એન્ડ ટુબ્રો (એલ એન્ડ ટી) કંપની સાથે અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટેના રૂપિયા 25,000 કરોડના કોન્ટ્રાકટ પર હસ્તાક્ષર કર્યા હતા. NHSRCL દ્વારા આ રાહે ગુજરાતમાં બુલેટ ટ્રેનની 325 કિ.મી. લાઈન તૈયાર કરવા એલ એન્ડ ટી ને કોન્ટ્રાકટ આપ્યો છે.

## ➤ UAEના BAPSના મંદિરને નિર્માણ પૂર્વે જ દ્વિતીય એવોર્ડ મળ્યો

બી.એ.પી.એસ. હિન્દુ મંદિર–અબુધાબી અને RSPને મિડલ ઈસ્ટનો પ્રતિષ્ઠિત 'Best Interior Design Concept of the Year-2020' એવોર્ડ 25 નવેમ્બર, 2020ના રોજ આયોજિત કોમર્શિયલ ઈન્ટિરિયર ડિઝાઈન (CID) એવોર્ડ્ઝ અંતર્ગત પ્રાપ્ત થયો છે. આ કેટેગરીમાં ઈન્ટિરિયર ડિઝાઈનર્સ દ્વારા પ્રોજેકટ માટે પ્રસ્તુત કરાયેલી દૂરંદેશીતાને મહત્ત્વ અપાયું છે. જેમાં શ્રેષ્ઠતા, નાવીન્ય અને વ્યવહારુ ઉપાયોનું મૂલ્યાંકન થાય છે. વર્ષ 2019માં જ BAPS હિન્દુ મંદિરને 'ધ બેસ્ટ મિકેનિકલ ડિઝાઈન'નો એવોર્ડ મિડલ ઈસ્ટના MEP એવોર્ડ્ઝ અંતર્ગત પ્રાપ્ત થયો છે.

# વિશ્વ

## ➤ કેનેડિયન યુનિવર્સિટી દેવી અન્નપૂર્ણાની પ્રતિમાને પરત કરશે

કેનેડા સ્થિત યુનિવર્સિટી ઓફ રેજિનાએ હિન્દુ દેવી અન્નપૂર્ણાની પ્રતિમાને ભારતને પરત કરશે. વારાણસીના એક મંદિરમાંથી 100 કરતાં વધુ વર્ષો પહેલાં આ પ્રતિમાની ચોરી થઈ હતી.

## ➤ ક્રિમિનલ ફાઈનાન્સ અને ક્રિપ્ટોકરન્સીઝ પર ગ્લોબલ કોન્ફરન્સનું આયોજન

ચોથી ગ્લોબલ કોન્ફરન્સ ઓન ક્રિમિનલ ફાયનાન્સીઝ એન્ડ ક્રિપ્ટોકરન્સીઝનું આયોજન ઈન્ટરપોલ, યુરોપોલ અને બેસીલ ઈન્સ્ટિટયૂટ દ્વારા કરવામાં આવ્યું હતું.

## ➤ યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન એવોર્ડની ઘોષણા

ભૂતાનની કિવન મધર ગ્યાલ્યુમ સંગાથ ચૌડેન વાંગચુકને યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન એવોર્ડ આપવામાં આવ્યો હતો.

## ➤ આઈસ બકેટ ચેલેન્જ શરૂ કરનારા પેટ્રિક કયુઈનનું 37 વર્ષે અવસાન

મગજ સંબંધિત ઘાતક વ્યાધિ વિષે જાગૃતિ ફેલાવવા આઈસ બકેટ ચેલેન્જ શરૂ કરનારા અમેરિકી પેટ્રિક કયુઈનનું 37 વર્ષની વયે અવસાન થયું છે. પેટ્રિક કયુઈન પોતે લૂ ગેરિંગ સિન્ડ્રોમ કે પછી એ. એલ. એસ નામની ગંભીર બીમારીથી પીડાઈ રહયા હતા.

## ➤ ગ્રેગ બાર્કલેને ICCના નવા સ્વતંત્ર અધ્યક્ષના રૂપમાં નિમવામાં આવ્યા

તેઓએ અંતરિમ અધ્યક્ષ ખ્વાજા ઈમરાનનું સ્થાન લીધું.

ICC (International Cricket Council)

સ્થાપના : 1909

ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ અને દક્ષિણ આફ્રિકાના પ્રતિનિધિઓ દ્વારા 'ઈમ્પિરિયલ ક્રિકેટ સંમેલન'ના રૂપમાં તેની સ્થાપના કરી હતી.

મુખ્ય મથક: દુબઈ (સંયુકત આરબ અમીરાત)

## ➤ 'હેન્ડ ઓફ ગોડ' તરીકે જાણીતા ફૂટબોલર ડિએગો મારાડોનાનું હાર્ટ એટેકથી નિધન

ફૂટબોલ જગતના મહાન ખેલાડીઓમાં સામેલ આર્જેન્ટિનાના ફૂટબોલર ડિએગો મારાડોનાનું 60 વર્ષની વયે નિધન થયું હતું. મારાડોનાએ 1986ના ફૂટબોલ વર્લ્ડકપમાં પોતાની ટીમને ચેમ્પિયન બનાવવામાં મહત્ત્વની ભૂમિકા અદા કરી હતી. મારાડોનાને ઈંગ્લેન્ડ સામે 1986ની ટુર્નામેન્ટમાં 'હેન્ડ ઓફ ગોડ' દ્વારા યાદ કરવામાં આવે છે. તેઓ 'FIFA પ્લેયર ઓફ દ 20th સેન્ચુરી' તરીકે પુરસ્કૃત થઈ ચૂકયા છે. તેમણે ઈંગ્લેન્ડ સામે ફટકારેલા ગોલમાંથી એક 'હેંડ ઓફ ગોડ' અને બીજો 'ગોલ ઓફ દી સેન્ચુરી' તરીકે પ્રખ્યાત થયેલ છે.

## ➤ સ્કોટલેન્ડ પિરિયડ પ્રોડકટ્સ ફ્રીમાં ઉપલબ્ધ કરાવવા માટે કાયદો ઘડનારો દુનિયાનો પહેલો દેશ બન્યો

સ્કોટલેન્ડ સેનિટરી પેડ્ઝ જેવી પિરિયડ પ્રોડકટ્સ તમામને ફ્રીમાં ઉપલબ્ધ કરાવવા માટે કાયદો ઘડનારો દુનિયાનો પહેલો દેશ બન્યો છે.

રાજધાની : એડિનબર્ગ

તે યુ. કે. (યુનાઈટેડ કિંગડમ)નો ઉત્તરીય ભાગ છે.

## ➤ ભારતીય મૂળના ન્યૂઝીલેન્ડના સાંસદ ડો. ગૌરવ શર્માએ સંસ્કૃતમાં શપથ લઈ ઈતિહાસ સર્જ્યો

ન્યૂઝીલેન્ડની સંસદમાં નવા જ ચૂંટાઈ આવેલા યુવાન સાંસદ ડો. ગૌરવશર્માએ દેશની સંસદમાં સંસ્કૃત ભાષામાં શપથ લઈને ઈતિહાસ સર્જ્યો હતો. 33 વર્ષના ડો. ગૌરવ શર્મા હિમાચલપ્રદેશના હમિરપુરના વતની છે.

## ➤ 'બેયરફૂટ સર્કલ' રચીને બન્ને ટીમે રંગભેદનો વિરોધ કર્યો

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે શરૂ થયેલી ક્રિકેટ શ્રેણીમાં સિડનીના મેદાનમાં ભારત અને ઓસ્ટ્રેલિયાના ખેલાડીઓએ રંગભેદના વિરોધમાં 'બેયરફૂટ સર્કલ' બનાવ્યું હતું. બેયરફૂટ સર્કલના માધ્યમથી બન્ને ટીમના ખેલાડીઓએ ઓસ્ટ્રેલિયાના મૂળ નિવાસી લોકો પ્રત્યે તેમનું સન્માન વ્યકત કર્યું હતું. જેમાં બન્ને ટીમના ખેલાડીઓ ખુલ્લા પગે મેદાનમાં ગોળાકારમાં ઉભા રહીને રંગભેદ સામે તેમનો વિરોધ દર્શાવ્યો હતો.

## ICE ? Questions

- ➤ તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટીના કેટલામા પદવીદાન સમારંભનું આયોજન થયું હતું ? – આઠમા
- ➤ તાજેતરમાં કયા રાજ્યમાં સોશિયલ મીડિયા પર વાંધાજનક પોસ્ટ માટે પાંચ વર્ષની કેદની સજાની જાહેરાત કરાઈ હતી ? – કેરળ
- ➤ તાજેતરમાં કયા દેશની યુનિવર્સિટી દેવી અન્નપૂર્ણાની પ્રતિમાને ભારતને પરત કરશે ? – કેનેડા
- ➤ ભારતનું પ્રથમ શેવાળ (MOSS) ગાર્ડન તાજેતરમાં કયા રાજ્યમાં ખુલ્યું છે ? – ઉત્તરાખંડ
- ➤ કયા રાજ્યએ તાજેતરમાં લોકો પાસેથી ગાય વેરો વસૂલવાની જાહેરાત કરી હતી ? – મધ્યપ્રદેશ
- ➤ તાજેતરમાં ક્રિમિનલ ફાયનાન્સ અને ક્રિપ્ટોકરન્સીઝ પર કેટલામી ગ્લોબલ કોન્ફરન્સનું આયોજન થયું હતું ? – ચોથી
- ➤ તાજેતરમાં કોને યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો ? – ભૂતાનની કિવન મધર ગ્યાલ્યુમ સંગાય ચોડેન વાંગચુક
- ➤ આઈસ બકેટ ચેલેન્જ કોણે શરૂ કરી હતી ? – અમેરિકી પેટ્રિક કયુઈન
- ➤ અમદાવાદ શહેરને હેરિટેજ સિટીનો દરજ્જો અપાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવનાર કયા વ્યકિતનું તાજેતરમાં નિધન થયું હતું ? – વાસુદેવન નાયર
- ➤ તાજેતરમાં એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (AAI) એ કયારે 'ઉડ્ડયન જાગૃતિ સપ્તાહ' મનાવ્યો હતો ? – 23 નવેમ્બર થી 27 નવેમ્બર, 2020ની વચ્ચે
- ➤ 'વર્લ્ડ હેરિટેજ વીક' કયારે મનાવવામાં આવ્યો હતો ? – 19 થી 25 નવેમ્બર, 2020

## ICE ? Questions

- ➤ કચ્છની રોગાન કળામાં શેના બીજમાંથી તૈયાર થતાં રંગોનો ઉપયોગ થાય છે ? – એરંડા
- ➤ તાજેતરમાં 'સહકાર પ્રજ્ઞા' પહેલ કોના દ્વારા શરૂ કરવામાં આવી હતી ? – કેન્દ્રીય કૃષિમંત્રી શ્રી નરેન્દ્રસિંહ તોમર
- ➤ તાજેતરમાં કોની ICCના નવા સ્વતંત્ર અધ્યક્ષના રૂપમાં નિમણૂક કરવામાં આવી ? – ગ્રેગ બાર્કલે
- ➤ 1લી જાન્યુઆરીથી લેન્ડલાઈન પરથી મોબાઈલ નંબર ડાયલ કરતાં પહેલાં કયો નંબર આગળ લગાડવો પડશે ? – ઝીરો (0)
- ➤ 'હેન્ડ ઓફ ગોડ' તરીકે જાણીતા કયા ફૂટબોલરનું તાજેતરમાં નિધન થયું છે ? – આર્જેન્ટિનાના ડિએગો મારાડોના
- ➤ તાજેતરમાં ફિલ્મ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા કઈ ભારતીય ફિલ્મને ઓસ્કાર એવોર્ડ માટે પસંદ કરી છે ? – મલયાલમ ફિલ્મ 'જલીકટ્ટુ'
- ➤ તાજેતરમાં કયા દેશ પિરિયડ પ્રોડક્ટ્સ ફ્રીમાં ઉપલબ્ધ કરાવવા માટે કાયદો ઘડનારો દુનિયાનો પહેલો દેશ બન્યો ? – સ્કોટલેન્ડ
- ➤ તાજેતરમાં ભારતીય મૂળના ન્યૂઝીલેન્ડના કયા સાંસદે સંસ્કૃતમાં શપથ લઈ ઈતિહાસ સર્જ્યો હતો ? – ડો. ગૌરવ શર્મા
- ➤ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં શ્રી ગુરૂ નાનક દેવના જીવન પર આધારિત એક પુસ્તકનું અનાવરણ કર્યું હતું, આ પુસ્તકના લેખકનું નામ જણાવો ? – કૃપાલ સિંહ
- ➤ તાજેતરમાં કઈ કમિટીની ભલામણને આધારે આરોગ્ય સહિત વધુ 26 સેકટરને ઈમરજન્સી ક્રેડિટ લાઈન ગેરન્ટી સ્કિમનો લાભ આપવાની જાહેરાત કરી છે ? – કામથ કમિટી
- ➤ તાજેતરમાં અમદાવાદના કયા ફોટોગ્રાફરને દાદાસાહેબ ફાળકે આઈકોન એવોર્ડ ફિલ્મથી સન્માનિત કરવામાં આવ્યા ? – બ્લેસમન સેમ્યુઅલ
- ➤ ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે શરૂ થયેલી ક્રિકેટ શ્રેણીમાં સિડનીના મેદનમાં ભારત અને ઓસ્ટ્રેલિયાના ખેલાડીઓએ 'બેયરફૂટ સર્કલ' બનાવી શેનો વિરોધ જતાવ્યો હતો ? – રંગભેદ
- ➤ એપ્રિલ–સપ્ટેમ્બર 2020 દરમિયાન FDIમાં કેટલા ટકાનો વધારો થયો છે ? – 15%
- ➤ તાજેતરમાં ગુજરાતના કયા આકાશવાણી રેડિયો સ્ટેશનને બંધ કરવાનો સરકારે નિર્ણય કર્યો છે ? – ભૂજ
- ➤ તાજેતરમાં કયા ભારતીય શો ને ઈન્ટરનેશનલ એમ્મીમાં બેસ્ટ ડ્રામા સીરિઝ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો ? – દિલ્હી ક્રાઈમ
- ➤ તાજેતરમાં કયા દેશના BAPSના મંદિરને મિડલ ઈસ્ટનો પ્રતિષ્ઠિત 'Best Interior Design Concept of the Year-2020' એવોર્ડ પ્રાપ્ત થયો છે ? – UAE
- ➤ તાજેતરમાં દેશના પ્રખ્યાત વ્યકિત ફકીર ચંદ કોહલીનું નિધન થયું છે, તેઓ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ? – આઈ.ટી.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

# QUICK CURRENT
## QUESTIONS OF THIS WEEK

1. સંસદની સ્થાયી સમિતિના વડા કોણ છે ? – રામ ગોપાલ યાદવ
2. વિશ્વ વિરાસત સપ્તાહ કયારે ઉજવવામાં આવે છે ? – 19 નવેમ્બરથી 25 નવેમ્બર
3. 2015માં થયેલી પેરિસ સમજૂતી હેઠળ ભારતે 2030 સુધીમાં કેટલા ટકા કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો કરવાનો વાયદો કર્યો હતો ? – 33 થી 35%
4. 2030 સુધીમાં ભારતે કેટલી રિન્યૂએબલ એનર્જી ઉત્પાદન કરવાનું લક્ષ્ય રાખ્યું છે ? – 450 ગીગાવોટ (GW)
5. કઈ સંસ્થાએ તાજેતરમાં જળસંચયને સુરક્ષિત રાખવા માટે રાજ્યોમાં અને કેન્દ્રશાસિત પ્રદેશોને નોડલ એજન્સીની નિયુકિત કરવાનો આદેશ આપ્યો છે ? – નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલે (NGT)
   (બાયોલોજિકલ ઓકિસજન ડિમાન્ડ (BOD) = મિલિગ્રામ્સ ઓફ ઓકિસજન પર લિટર)
   (ભારતીય સ્ટાન્ડર્ડ મુજબ બાયોલોજીકલ ઓકિસજન ડિમાન્ડ પીવાલાયક પાણીમાં 5 મિલિગ્રામ પર લિટર કરતાં ઓછું હોવું જોઈએ.)
6. ભારત કયા વર્ષે G-20 સમિટનું આયોજન કરશે ? – 2023માં
7. G-20 સમિટ 2020ની થીમ શું હતી ? – 'Realising Opportunities of the 21st Century for all'
8. ATP (એસોસિએશન ઓફ ટેનિસ પ્રોફેશનલ) 2020ના વિજેતા કોણ છે ? – ડેનિયલ મેદવેદેવ (રશિયા)
   (આ ટુર્નામેન્ટનું આયોજન લંડન ખાતે થયું હતું)
9. ‘નિવાર’ વાવાઝોડાની સૌથી વધુ અસરકારકતા કયા રાજ્યોમાં જોવા મળી હતી ? – તમિલનાડુ, આંધ્રપ્રદેશ, પુડુચેરી
10. કોવિડ-19 માટે ‘કોવિશિલ્ડ’ વેકિસન કઈ સંસ્થાઓએ તૈયાર કરી હતી ? – ઓકસફર્ડ અને એસ્ટ્રાઝેનેકા

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

11. ગુજરાત રાજ્યમાં સોલાર ઊર્જા ક્ષેત્રે કુલ સ્થાપિત ક્ષમતા કેટલી છે ?
– 2,248 મેગાવોટ

12. ગુજરાત હાઈકોર્ટમાં સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિઝર (SOP)ના કડક અમલ સાથે ક્યારે ઈ–નેશનલ લોક અદાલત (ઓનલાઈન)નું આયોજન થશે ? – 12 ડિસેમ્બર
(ઈ–નેશનલ લોક અદાલતમાં ક્રિમિનલ કમ્પાઉન્ડેબલ કેસ, ચેક બાઉન્સ, મની રિકવરી, MACT, મજૂર વિવાદ, લગ્ન સંબંધિત, રેવન્યુ સહિત અન્ય કેસ અંગે નિર્ણય લેવાશે.)

13. રોશની એક્ટ શેને સંલગ્ન કાયદો છે ?
– સરકારી જમીન પર ગેરકાયદેસર વસી રહેલા ગરીબ લોકોને કાયદેસર રીતે મામૂલી કિંમતે જમીન ઉપલબ્ધ કરાવતો કાયદો છે.

14. રોશની જમીન કૌભાંડ કયા રાજ્યનું છે ? – જમ્મુ કાશ્મીર

15. મહાત્મા ગાંધીના કયા પ્રપૌત્રનું તાજેતરમાં કોવિડ-19થી મૃત્યુ થયું હતું ?
– સતીષ ધૂપેલિયા
(સતીષ ધૂપેલિયા મણિલાલ ગાંધી પરિવારના સભ્ય હતા.)

16. કેવડિયા સ્થિત સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસર ખાતે યોજાયેલ 80મી ઓલ ઈન્ડિયા પ્રિસાઈડિંગ ઓફિસર્સ કોન્ફરન્સનું ઉદઘાટન કોના દ્વારા કરવામાં આવ્યું હતું ?
– રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દ્વારા

17. એથ્લેટિક્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા (AFI)ના કયા હાઈ પરફોર્મન્સ ડાયરેક્ટરે તાજેતરમાં રાજીનામું આપ્યું હતું ? – વોલ્કર હરમાને

18. શામળાજી મેળો ક્યારે યોજાય છે ? – કાર્તિકી પૂનમ

19. આ વર્ષે કેટલામા N.C.C. દિવસની ઉજવણી કરવામાં આવી ? – 72મા

20. આણંદ સ્થિત ઈન્સ્ટિટયૂટ ઓફ રૂરલ મેનેજમેન્ટ–ઈરમાના ડો. વર્ગીસ કુરિયન સેન્ટર ઓફ એક્સલન્સના ચેરમેન તરીકે તાજેતરમાં કોની નિયુક્તિ કરવામાં આવી છે ?
– ડો. જે. બી. પ્રજાપતિ

21. તાજેતરમાં દક્ષિણ પશ્ચિમ અરબી સમુદ્રમાં કયું વાવાઝોડું સક્રિય થયું હતું ?
– ‘ગતિ’ વાવાઝોડું

22. નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (NDMA)ની સ્થાપના ક્યારે કરવામાં આવી હતી ?
– ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ, 2005 અંતર્ગત 2006માં

23. ચોથી વખત ચીન પરની ડિજિટલ સ્ટ્રાઈક વખતે ભારતે કેટલી ચીનની એપ્લિકેશનો પર પ્રતિબંધ મૂક્યો હતો ? – 43 એપ્લિકેશન

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

24. તાજેતરમાં 80મી ઓલ ઈન્ડિયા પ્રિસાઈડિંગ ઓફિસર્સ કોન્ફરન્સ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે મળી હતી, તો સ્વતંત્ર ભારતમાં પહેલી વખત આ કોન્ફરન્સમાં ઉપસ્થિત રહેનાર રાષ્ટ્રપતિનું નામ જણાવો ? – રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ
(ઓલ ઈન્ડિયા પ્રિસાઈડિંગ ઓફિસર્સ કોન્ફરન્સ પ્રારંભ 100 વર્ષ પહેલા બ્રિટિશ ઈન્ડિયામાં પ્રાંતિય સરકારોના અસ્તિત્વમાં આવ્યા બાદ 1921થી કરવામાં આવ્યો હતો.)
25. વર્લ્ડ હેરિટેજ વીક દર વર્ષે કોના દ્વારા ઉજવવામાં આવે છે ? – UNESCO દ્વારા
(UNESCO દ્વારા દર વર્ષે 19 થી 25 નવેમ્બર દરમિયાન વિશ્વ વારસા સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. ભારતના આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (ASI) દ્વારા પણ દર વર્ષે આ વીકનું સેલિબ્રેશન કરવામાં આવતું હોય છે.)
26. દર વર્ષે ક્યારે રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે ?
– 14 થી 21 નવેમ્બરે
27. રશિયાની કઈ કોરોના વેક્સિન ખૂબ ચર્ચામાં રહી હતી ? – સ્પૂતનિક-5
28. કયા વિમાનનો ઉપયોગ ભારતના રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને વડાપ્રધાન દ્વારા કરવામાં આવશે ? – એર ઈન્ડિયા વન–B777 એરક્રાફ્ટ
29. એર ઈન્ડિયા વનનું સંચાલન કોના દ્વારા કરવામાં આવશે ?
– ભારતીય વાયુસેનાના હવાઈ મથકના કમ્યુનિકેશન સ્કવોડ્રોન દ્વારા
30. એર ઈન્ડિયા વન–B777 એરક્રાફ્ટની પ્રથમ ઉડાન કોણે ભરી હતી ?
– ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે
31. નીતિ આયોગે તાજેતરમાં કોની અધ્યક્ષતામાં હાઈપરલૂપ ટેક્નોલોજીની મદદથી અલ્ટ્રા હાઈસ્પીડ અંગેની શકયતાઓ તપાસવા પેનલની રચના કરી ?
– નીતિ આયોગના સભ્ય વી. કે. સારસ્વત
32. ભારતે તાજેતરમાં કયા દેશમાં હાઈ ઈમ્પેકટ કમ્યુનિટી ડેવલોપમેન્ટ પ્રોજેક્ટ શરૂ કર્યો ?
– અફઘાનિસ્તાન
33. તાજેતરમાં વર્લ્ડ બેંકના કયા પૂર્વ પ્રેસિડેન્ટનું નિધન થયું હતું ? – જેમ્સ વોલ્ફેનસોન
(તેઓ 1995-2005ની વચ્ચે વર્લ્ડ બેંક પ્રેસિડેન્ટ પદે હતા.)
34. સર છોટૂ રામજીની જયંતી ક્યારે ઉજવવામાં આવે છે ? – 24 નવેમ્બર
35. સર છોટૂ રામજીને શેના માટે યાદ રાખવામાં આવે છે ? – ખેડૂતોની સેવા માટે
(તેઓ પંજાબ પ્રાંતના રાજનેતા હતા. તેઓ ‘દીન બંધુ’ના નામથી લોકપ્રિય છે.)
36. તાજેતરમાં કયા દેશમાં દુષ્કર્મના દોષિતોને રાસાયણિક પદ્ધતિથી નપુંસક બનાવવાની અને

દુરાચારના કેસની ન્યાયિક પ્રક્રિયા અગ્રિમતાના ધોરણે હાથ ધરવાના કાયદાને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી હતી ? – પાકિસ્તાન

37. દર વર્ષે 'ઈ–સપ્તક'નું આયોજન કયારે કરવામાં આવે છે ?

– 1 જાન્યુઆરીથી 13 જાન્યુઆરી

38. અયોધ્યા એરપોર્ટનું નામ શું રહેશે ? – મર્યાદા પુરૂષોત્તમ શ્રી રામ એરપોર્ટ

39. સમલૈંગિકતા વિષય પર તાજેતરમાં લખાયેલ પુસ્તક 'શુગર ડેડી'ના લેખિકા કોણ છે ?

– કાજલ મહેતા

40. લક્ષ્મી વિલાસ બેંક (LVB)ના કઈ બેંકમાં વિલયને કેબિનેટે મંજૂરી આપી ?

– DBS બેંક ઈન્ડિયા લિમિટેડ (DBIL)

41. 'ટ્વિટર'ને ટક્કર આપવા ભારતનું સ્વદેશી વર્ઝન કયું છે ? – ટૂટર

(ભારતની સ્વદેશી સાઈટમાં 'શંખ'નું પ્રતિક મુકાયું છે.)

42. 'ન્યાય બંધુ' એપ કયા મંત્રાલય દ્વારા 2019માં લોન્ચ કરવામાં આવી હતી ?

– કાનૂન અને ન્યાય મંત્રાલય

(સમાજના ગરીબ અને કમજોર વર્ગોને મફત કાનૂની સહાયતા પ્રદાન કરવા તેમજ અનુચ્છેદ-39(a)ની પ્રતિબદ્ધતાને પૂરી કરવા માટે સરકારે ન્યાયબંધુ એપ લોન્ચ કરી હતી.)

43. 'ગરિમા ગૃહ'એ કયા સમુદાય માટેનો આશ્રય ગૃહ છે ? – ટ્રાન્સજેન્ડર્સ લોકો માટે

(ગરિમા ગૃહ વડોદરામાં આવેલું ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓ માટેનું આશ્રય સ્થાન છે. જે લક્ષ્યા ટ્રસ્ટ દ્વારા ચલાવવામાં આવશે.)

44. કયો દેશ તાજેતરમાં આંતરરાષ્ટ્રીય સમુદ્ર સંગઠન (IMO) દ્વારા માન્યતા પ્રાપ્ત નેવિગેશન પ્રણાલી ધરાવતો ચોથો દેશ બન્યો ? – ભારત

(અમેરિકા, રશિયા અને ચીન પાસે IMO દ્વારા માન્યતા પ્રાપ્ત નેવિગેશન સિસ્ટમ છે.)

45. ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલના રિપોર્ટ મુજબ એશિયાનો સૌથી મોટો લાંચિયો દેશ કયો છે ?

– ભારત

46. 'નિવાર' વાવાઝોડાનું નામ કયા દેશ દ્વારા આપવામાં આવ્યું હતું ? – ઈરાન

47. 'સપ્તક સમારોહ 2020'ની થીમ શું રાખવામાં આવી છે ? – વિશ્વમંગલ

48. દેવ ઉઠી અગિયારસે દર વર્ષે ભગવાન વિઠ્ઠલનાથજીનો વરઘોડો કયા શહેરમાંથી નીકળે છે ?

– વડોદરા

(210 વર્ષના ઈતિહાસમાં આ ઐતિહાસિક વરઘોડો કોરોનાના કારણે નિયત રૂટના બદલે પરિસરમાં સિમિત રહયો હતો )

49. અદાણી ગેસનું નામ બદલીને હવે શું થશે ? – અદાણી ટોટલ ગેસ
(આ કંપનીમાં ફ્રાન્સની એનર્જી જાયન્ટ કંપની ટોટલનો હિસ્સો હોવાથી તેનું નામ બદલાયું છે.)

50. શ્રીલંકામાં તાજેતરમાં યોજાયેલ સમુદ્રી સુરક્ષા સહયોગ પરની ત્રિ–પક્ષીય બેઠકમાં ભારતવતી કોણે હાજરી આપી હતી ? – રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત દોભાલે
(રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર પદ કેન્દ્રીય કેબિનેટની સમકક્ષનું પદ છે. તે કાર્યકારી એજન્સી છે જે રાષ્ટ્રીય સુરક્ષા નીતિ અને આંતરરાષ્ટ્રીય મામલાઓ સંબંધિત મુદ્દાઓ પર પ્રધાનમંત્રીને સલાહ દેવા માટે જવાબદાર છે.)

51. તાજેતરમાં કયા વિભાગે તેની પૂરી રીતે ડિજિટલ માનવ સંસાધન પ્રબંધન પ્રણાલી (HRMS) પ્રણાલી શરૂ કરી ? – ભારતીય રેલવેએ
(આ પ્રણાલી રેલવે બોર્ડના અધ્યક્ષ અને CEO વિનોદ કુમાર યાદવ દ્વારા શરૂ કરવામાં આવી હતી. ભારતીય રેલવે નેટવર્ક આકારમાં દુનિયાનું ચોથું સૌથી મોટું રેલવે નેટવર્ક છે.)

52. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં સંવિધાન દિવસ (26 નવેમ્બર)ના અવસર પર વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી કેવડિયામાં થયેલા 80મા અખિલ ભારતીય પીઠાસીન અધિકારી સંમેલનના સમાપન સત્રને સંબોધ્યું હતું, આ સંબોધનમાં તેમણે કયો મહત્ત્વપૂર્ણ સંદેશો આપ્યો હતો ? – 'વન નેશન, વન ઈલેક્શન'

53. કચ્છના ધોરડોમાં રણોત્સવની શરૂઆત ક્યારે કરવામાં આવી હતી ? – 2008માં

54. ગુજરાત યુનિવર્સિટીના વર્તમાનના કુલપતિ કોણ છે ? – ડો. હિમાંશુ પંડયા

55. તાજેતરમાં ભારતે કયા દેશ સાથે સંરક્ષણ ઉદ્યોગમાં સહયોગ અંગે ચર્ચા કરી હતી ? – વિયેતનામ
(વિયેતનામે આ ચર્ચા દરમિયાન ડિસેમ્બર 2020માં વિયેતનામ દ્વારા યોજાનાર ASEAN ડિફેન્સ મિનિસ્ટર્સ મિટીંગ પ્લસ (ADMM)માં ભારતને આમંત્રણ આપ્યું હતું.)

56. બ્રેઈન ફિંગર પ્રિન્ટનો ઉપયોગ તાજેતરમાં કયા કેસના ઉકેલ માટે કરવામાં આવ્યો હતો ? – ઉત્તરપ્રદેશના હાથરસ બળાત્કાર અને હત્યાના કેસ ઉકેલ માટે
(ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી ગાંધીનગરમાં સ્થિત છે.)

57. તાજેતરમાં ભારતીય નૌકાદળનું કયું જેટ અરેબિયન સમુદ્રમાં તૂટી પડયું હતું ? – MiG-29K ફાઈટર ટ્રેનર જેટ

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

Facebook

like | comment | share

ICE RAJKOT

twitter

ICE RAJKOT